

# ઉપદેશ રત્નમાલા તથા પ્રકીર્ણ ઉપદેશ

પ્રકાશક
શાસનશિરતાજ સૂરિરામચંદ્ર દીક્ષાશતાબ્દી સમિતિ

श्री वर्द्धमान-सत्य-नीति ॥ हर्ष सूरि जैन ग्रन्थमाला पुष्प ४ ॥

॥ आचार्य श्री विजयनीतिसूरिभ्यो नमः ॥

श्रीमद् जैनाचार्य श्री पद्मजिनेश्वरसूरि विरचित ।

# उपदेशरत्नमाला

तथा

श्री मुनिसुन्दर सूरीश्वरजी माहाराज विरचित

## प्रकीर्णउपदेश

( गुर्जर भाषानुं वाद )

मर्हुम शा. वेणीचंद मयाचंदना स्मरणार्थे

छपावी प्रसिद्ध करनार

शा. हिराचंद मयाचंद

मु० आळंदी ( चोराची ) जिल्हा पुणें. हाल मु० पुनासिटी.

वीर सं. २४६१ ] प्रथमावृत्ति १००० [ विक्रम सं. १९९१

सत्य सं. २३५ ] [ सन १९३५

मूल्य वांचन, मनन अने सदुपयोग.

मुद्रकः—

लक्ष्मण भाऊराव कोकाटे,

हनुमान प्रेस, ३०० सदाशिव पेठ, पुणें शहर.

पुस्तक मंगावनारे अंदरना टायटल पेज पृष्ठ २ उपरनी सूचना वांची मंगाववु.

શાસનશિરતાજ સૂરિરામચંદ્ર
દીક્ષાશતાબ્દી ગ્રંથમાળા-પુષ્પ-૨૧

પુસ્તકનું નામ : ઉપદેશરત્નમાલા તથા પ્રકીર્ણ ઉપદેશ
પુનઃપ્રકાશન : ૩૦૦ નકલ
સાહિત્યસેવા : ૨૫/-

કર્તા : જૈનાચાર્ય શ્રી પદ્મજિનેશ્વરસૂરિજી મહારાજ તથા
જૈનાચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ
ભાષાંતર : શ્રી મણિલાલ નથુભાઈ દોશી બી.એ. અમદાવાદ
પૂર્વ પ્રકાશન : શ્રી વર્ધમાન-સત્ય-નીતિ હર્ષસૂરિ જૈન ગ્રંથમાળા પુષ્પ-૪

**સૂચના**

આ ગ્રંથ 'જ્ઞાનનિધિ'માંથી પ્રકાશિત કરાયેલો હોવાથી કોઈપણ ગૃહસ્થે એનું પૂરું મૂલ્ય 'જ્ઞાનનિધિ'માં ચૂકવીને જ એની માલિકી કરવી. ગૃહસ્થોએ આ ગ્રંથ વાચવા માટે સુયોગ્ય નકરો જ્ઞાનનિધિમાં આપવો જરૂરી છે.

વિ.સં. ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨
શાસનશિરતાજ સૂરિરામચંદ્ર દીક્ષાશતાબ્દી વર્ષ

● મુદ્રણસહયોગ - પ્રાપ્તિસ્થાન ●
*સન્માર્ગ પ્રકાશન*
જૈન આરાધના ભવન, પાછીયાની પોળ,
રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૫૩૯૨૭૮૯
E-mail : sanmargprakashan@gmail.com



# શાસન શિરતાજ, દીક્ષાયુગપ્રવર્તકશ્રીજીના
# શ્રીચરણે ભાવભરી અંજલી

ન્યાયાંભોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી)** મહારાજાના સ્વર્ગવાસના વર્ષે જન્મી ચૂકેલા પાદરાના મા **સમરથ** અને પિતા **છોટાલાલ રાયચંદ**ના એકમેવ સુપુત્રરત્ન **ત્રિભુવનકુમારે** દીક્ષા માટેની સાર્વત્રિક વિપરીત અવસ્થાઓના વાદળાંઓને સ્વપુરુષાર્થથી વિખેરી ભરૂચ પાસેના **ગંધાર તીર્થ**ના આંગણે પૂ.મુ.**શ્રી મંગલવિજયજી** મહારાજાના વરદહસ્તે રજોહરણ પ્રાપ્ત કરી પૂ.મુ.**શ્રી પ્રેમવિજયજી** મહારાજ (ત્યાર બાદ સૂરીશ્વરજી)ના પ્રથમ પટ્ટશિષ્ય રૂપે પૂ.મુ.**શ્રી રામવિજયજી** મહારાજનું નામ ધારણ કર્યું. એ વખતે દીક્ષિતો અને દીક્ષાર્થીઓને દીક્ષાનું પ્રદાન-આદાન કરવા માટે જે ભીષણ રીતે ઝઝૂમવું પડતું હતું તે પરિસ્થિતિમાં પૂર્વ-પશ્ચિમ જેવો પ્રચંડ પલટો લાવવાનો દૃઢ સંકલ્પ કરી એનાં મૂળ કારણો શોધી એને ધરમૂળથી ઉખેડવાનો ભીષ્મ પુરુષાર્થ તેઓશ્રીમદે આદર્યો.

એ પુરુષાર્થની પાયાની શિલા **'પ્રવચન ધારા'** બની. અનંત તીર્થંકરોને હૃદયમાં વસાવી, જિનાજ્ઞા-ગુર્વાજ્ઞાને ભાલપ્રદેશે સ્થાપી, કરકમળમાં આગમાદિ ધર્મશાસ્ત્રો ધરી, ચરણદ્વયમાં ચંચલા લક્ષ્મીને ચાંપી, જીવ્હાના અગ્રભાવે મા શારદાને સંસ્થાપિત કરી આ મહાપુરુષે દીક્ષા વિરોધની સામે ભીષણ જેહાદ જગવી દીધી. અનેક બાળ, યુવા, પ્રૌઢ અને વૃદ્ધોને દીક્ષા આપી. એક સામટા પરિવારો દીક્ષિત થવા

લાગ્યા. હીરા બજારના વેપારીઓ, મીલમાલિકો, ડૉક્ટરો, એન્જીનીયરો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો પણ તેઓશ્રીની વૈરાગ્ય ઝરતી વાણીને ઝીલી વીર શાસનના ભિક્ષુક બન્યા.

આ કાર્ય કાળ દરમ્યાન તેઓશ્રીમદ્‌ને કેઈ ઝંઝાવાતો, અપમાનો, તિરસ્કારો, કાચની વૃષ્ટિઓ અને કંટકોની પગથાર, કાળા વાવટાઓ, સ્થાન અને ગામમાં પ્રવેશ પણ ન મળે તેવા કારસ્તાનોનો સામનો કરવો પડ્યો. પાંત્રીસથી વધુ વાર તો તેઓશ્રીને સીવીલ કે ક્રિમીનલ ગૂનાના આરોપી બનાવી જૈન વેષધારીઓએ જ ન્યાયની કોર્ટ બતાવી. મા સમરથના જાયા, રતનબાના ઘડતરપાયા, સૂરિદાનની આંખની કીકી અને સમકાલીન સર્વ વડીલ ગુરુવર્યોના હૃદયહાર રૂપે સ્થાન પામેલા પૂજ્યશ્રીએ જિનાજ્ઞા અને સત્યવાદિતાના જોરે એ બધાં જ આક્રમણોને ખાળી વિજયશ્રી પ્રાપ્ત કરી. પૂ.મુ.**શ્રી રામવિજયજી** મહારાજામાંથી પૂ.આ.શ્રી.વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના રૂપે વિખ્યાત બનેલા તેઓશ્રીમદ્ વ્યાખ્યાન વાચસ્પતિ, પરમ શાસન પ્રભાવક, મહારાષ્ટ્રાદિ દેશોદ્ધારક, દીક્ષાયુગ પ્રવર્તક, જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિરાજ જેવા ૧૦૮થી ય વધુ સાર્થક બિરૂદોને પામી જૈન શાસનને આરાધના, પ્રભાવના અને સુરક્ષાના ત્રિવેણી સંગમથી પરિસ્નાત કરતા રહ્યા.

કટ્ટરમાં કટ્ટર વિરોધી વર્ગને પણ વાત્સલ્યથી નિહાળતા અને પોતાના પ્રત્યે ગંભીર ગૂનો આચરનારને પણ ઝટ ક્ષમાનું દાન કરતા તેઓશ્રીએ પોતાના ૭૭-૭૮ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાયમાં મુખ્યત્વે દીક્ષાધર્મની સર્વાંગીણ સુરક્ષા-સંવર્ધના કરી એનાં બીજ એવાં સુનક્ષત્રમાં વાવ્યાં કે તેઓશ્રીનાં નામ સાથે પુણ્ય સંબંધ ધરાવતા એક જ સમુદાયમાં આજે આશરે ૧૪૦૦ જેટલા સંયમીઓ સાધનારત છે. અન્ય અન્ય સમુદાયો, ગચ્છો અને સંપ્રદાયોમાં દીક્ષા-પ્રવૃત્તિના વેગમાં પણ તેઓશ્રીમદ્ અસામાન્ય કારણરૂપ છે એમ કોઈપણ નિષ્પક્ષપાતીને કહ્યા વિના ચાલે તેમ નથી.

પૂજ્યપાદશ્રીજીના દીક્ષા સ્વીકારની ક્ષણ **વિ.સં. ૨૦૬૮ના પોષ સુદ ૧૩**ના દિને **'શતાબ્દી'**માં મંગલ પ્રવેશ કરી હતી અને પૂરા વર્ષભર એ નિમિત્તે **દીક્ષા ધર્મ**ની પ્રભાવનાનાં વિધવિધ અનુષ્ઠાનોની હારમાળા સર્જાઈ રહી છે.

શાશ્વત ગિરિરાજ શ્રી સિદ્ધગિરિ પાલીતાણા ખાતે **'સૂરિરામચંદ્ર'** સામ્રાજ્યના મોવડી પૂજ્યો ગચ્છસ્થવિર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી**

મહારાજા, વાત્સલ્યનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **મહાબલસૂરીશ્વરજી** મહારાજા, ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા, પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજા આદિ દશાધિક સૂરિવરો, પદસ્થો, શતાધિક મુનિવરો અને પંચશતાધિક શ્રમણીવરોની નિશ્રા-ઉપસ્થિતિમાં પંચ દિવસીય મહામહોત્સવના આયોજન સાથે પ્રારંભાયેલ **'દીક્ષા-શતાબ્દી'**ની ભારતભરમાં અનેક સ્થળે ભાવસભર ઉજવણી થઈ છે અને થઈ રહી છે. પૂજ્યશ્રી સાથે સંકળાયેલાં સ્મૃતિ સ્થાનો-તીર્થોમાં પણ વિધવિધ ઉજવણીઓ આયોજાયેલ છે. સમુદાયના અન્ય અન્ય સૂરિવરો આદિની નિશ્રા-ઉપસ્થિતિમાં ય રાજનગર, સુરત, મુંબઈ વગેરે સ્થળોમાં પ્રભાવક ઉજવણીઓનાં આયોજનો થયા અને થઈ રહ્યાં છે.

આ સર્વે ઉજવણીઓના શિરમોર અને સમાપન રૂપે પૂજ્યપાદશ્રીજીનાં દીક્ષા *સ્થળ શ્રી ગંધારતીર્થના આંગણે વધુમાં વધુ સંખ્યામાં ચતુર્વિધ શ્રીસંઘને આમંત્રી* દિગદિગંતમાં ગાજે એવો દીક્ષાદુંદુભિનો પુણ્યઘોષ કરવાનો ય મનસૂબો ગુરુભક્તો અને સમિતિ સેવી રહ્યા છે.

**દીક્ષા શતાબ્દી વર્ષ**માં જિનભક્તિ, ગુરુભક્તિ, સંઘ-શાસન ભક્તિનાં વિવિધ અનુષ્ઠાનો જેમ યોજવાનાં છે તેમ વધુમાં વધુ સંખ્યામાં મુમુક્ષુઓ મહાત્માઓ બને એવા દીક્ષા-મહોત્સવો પણ યોજવાના છે. સાથોસાથ જ્ઞાન સુરક્ષાવૃદ્ધિ, અનુકંપા અને જીવદયાદિનાં સંગીન કાર્યો કરી પૂજ્યપાદશ્રીજીના આજ્ઞા સામ્રાજ્યને આદરભરી અંજલી સમર્પવાની છે.

આ મહદ્ યોજનાના જ એક ભાગરૂપે પ્રાચીન-અર્વાચીન શ્રુત-પ્રકાશનનું સુંદર અને સુદૃઢ કાર્ય હાથ ઉપર લેવાયું છે. સૂરિરામચન્દ્ર સામ્રાજ્યના વર્તમાન ગચ્છાધિપતિ પ્રવચન પ્રદીપ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજાના આજ્ઞાશીર્વાદને ઝીલી પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાના શાસ્ત્રીય માર્ગદર્શન અનુસારે વિવિધ શ્રુતરત્નોનું પ્રકાશન **'શાસન શિરતાજ સૂરિરામચંદ્ર દીક્ષા શતાબ્દી ગ્રંથમાળાના'** ઉપક્રમે નિર્ધાર્યું છે, તેનાં **એકવીસમા પુષ્પરૂપે જૈનાચાર્ય શ્રી પદ્મજિનેશ્વરસૂરિજી વિરચિત 'ઉપદેશરત્નમાળા' તથા તપાગચ્છનાયક પૂ.આ.શ્રી મુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજા નિર્મિત 'પ્રકીર્ણ ઉપદેશ'** રૂપ સંયુક્ત પુસ્તકનું પ્રકાશન કરતાં અતીવ આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકના પુનર્મુદ્રણ કાર્યનું માર્ગદર્શન આપીને પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી.વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાએ મહદ્ ઉપકાર કર્યો છે તો **સન્માર્ગ પ્રકાશન,** અમદાવાદે પણ ખૂબ જ જહેમતથી મુદ્રણ-પ્રકાશન વ્યવસ્થામાં પૂરેપૂરો સહયોગ આપ્યો છે તે બદલ અમો તેઓ સહુના ઉપકૃત છીએ.

આ પુસ્તક ૭૭ વર્ષ પૂર્વે **શ્રી વર્ધમાન-સત્ય-નીતિ-હર્ષસૂરિ ગ્રંથમાળાના ૪થા પુષ્પરૂપે** પ્રકાશિત થયું હતું. તેમનો અત્રે આભાર માનવામાં આવે છે.

સૌ કોઈ આ પુસ્તકના પઠન-પાઠનાદિ દ્વારા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ પામી મુક્તિ માર્ગમાં આગળ વધી આત્મ-શ્રેય સાધે એ જ અંતર-ભાવના.

વિ.સં. ૨૦૬૮, આસો સુદ ૧૦<br>બુધવાર તા. ૨૪-૧૦-૨૦૧૨

**શાસનશિરતાજ સૂરિરામચંદ્ર<br>દીક્ષાશતાબ્દી સમિતિ**

જૈનશાસનશિરતાજ, વ્યાખ્યાન વાચસ્પતિ, દીક્ષાયુગ પ્રવર્તક સુવિશુદ્ધ સિદ્ધાંત
દેશનાદાતા, તપાગચ્છાધિરાજ, પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના

**દીક્ષાશતાબ્દી વર્ષમાં**

તેઓશ્રીમદ્‌ના દીક્ષા-યુગ-પ્રવર્તનાદિ ગુણોની અનુમોદનાર્થે
શાસનશિરતાજ સૂરિરામચંદ્ર દીક્ષાશતાબ્દી ગ્રંથમાળાના પુષ્પ-૨૧ રૂપે
જૈનાચાર્ય શ્રી **પદ્મજિનેશ્વરસૂરિજી** મહારાજા રચિત

# ઉપદેશરત્નમાલા તથા

પૂ.આ.શ્રી.મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા દ્વારા રચિત

# પ્રકીર્ણ ઉપદેશ

પુસ્તકના પ્રકાશનનો પુણ્યલાભ સંપ્રાપ્ત કરનાર

---

શ્રી સિદ્ધગિરિરાજની છત્રછયામાં વિ.સં. ૨૦૬૭ની સાલે જૈનશાસન શિરતાજ, દીક્ષા યુગ પ્રવર્તક, તપાગચ્છાધિરાજ, પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન ગુરુગચ્છ વિશ્વાસધામ, વર્ધમાન તપોનિધિ, પૂ.આ.શ્રી.વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી.વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રામાં ૬૦ શ્રમણો, ૩૦૦ શ્રમણીઓ, ૧૭૦૦ જેટલા ચાતુર્માસ આરાધકો, ૧૦૬૦ જેટલા ઉપધાન આરાધકો અને ૫૮૫ જેટલા માળ આરાધકો આદિની સભર ઐતિહાસિક ચાતુર્માસ તથા ઉપધાન તપનું આયોજન કર્યું હતું...

કુળદીપિકા પૂ.સા.શ્રી **રાજનંદિતાશ્રીજી** મ.ના સદુપદેશથી ધાનેરા નિવાસી

**માતુશ્રી ચંપાબેન જયંતિલાલ દાનસુંગભાઈ અજબાણી**

**ધાનેરા ડાયમંડસ પરિવારે**

એ દરમ્યાન થયેલી **જ્ઞાન-ખાતાની** વિશિષ્ટ ઉપજમાંથી **શાસન શિરતાજ સૂરિરામચંદ્ર-દીક્ષા શતાબ્દી**ની સ્મૃતિમાં વિવિધ પ્રાકૃત સંસ્કૃત-અનુવાદાદિ ગ્રંથોના પ્રકાશનનો પુણ્ય લાભ લેવામાં આવ્યો છે.

---

અમો એ સુકૃતની ભાવપૂર્વકઅનુમોદના કરવા સાથે ભવિષ્યમાં પણ આવાં સુંદર કાર્યો થતાં રહે એવી શુભકામના કરીએ છીએ.

લી. શાસનશિરતાજ સૂરિરામચંદ્ર દીક્ષાશતાબ્દી સમિતિ

## શાસન શિરતાજ સૂરિરામચંદ્ર દીક્ષા-શતાબ્દી ગ્રંથમાળાનાં પુષ્પો

| | | સાહિત્ય સેવા |
|---|---|---|
| ૧. | સત્તરભેદી પૂજા સાર્થ | ૧૫ |
| ૨. | સન્માર્ગ દેશના | ૪૦ |
| ૩. | योग-व्याख्या संग्रह | ૮૦ |
| ૪. | શિક્ષક અને શિક્ષણ | ૩૦ |
| ૫-૬ | षड्दर्शन समुच्चय हिंदी भावानुवाद भाग १-२ | ૧૦૦૦ |
| ૭ | षड्दर्शन विषयकं कृति संग्रह | ૨૫૦ |
| ૮. | અધ્યાત્મકલ્પદ્રુમ-અધિરોહિણી ટીકા સહ | ૫૦ |
| ૯. | ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૧ | ૧૦૦ |
| ૧૦. | ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૨ | ૧૦૦ |
| ૧૧. | ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૩ | ૧૦૦ |
| ૧૨. | ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ-૪ | ૧૦૦ |
| ૧૩. | દ્રવ્ય સપ્તતિકા | ૧૦૦ |
| ૧૪. | મત-મીમાંસા ભાગ-૧ | ૫૦ |
| ૧૫. | ઓઘનિર્યુક્તિ પરાગ | ૫૦ |
| ૧૬. | પિંડનિર્યુક્તિ પરાગ | ૫૦ |
| ૧૭. | શ્રી જંબૂસ્વામી રાસ તથા બારવ્રતની ટીપનો રાસ | ૫૦ |
| ૧૮. | શ્રમણધર્મ (ધર્મસંગ્રહ સારોદ્ધાર ભાગ-૨) | ૧૦૦ |
| ૧૯. | ચતુર્વિંશતિ પ્રબંધ કોશ | ૧૦૦ |
| ૨૦. | પ્રાચીન ગુર્જર-કાવ્ય સંગ્રહ | ૧૦૦ |
| ૨૧. | ઉપદેશ રત્નમાલા | ૨૫ |
| ૨૨. | ઈમ્પીરીયલ મુઘલ ફરમાન્સ ઈન ગુજરાત | ૨૦૦ |
| ૨૩. | જ્ઞાનપંચકવિવરણ પ્રકરણ | ૧૦૦ |
| ૨૪. | શ્રી સમ્યક્ત્વ વિચાર સ્તવન | ૫૦ |
| ૨૫. | વસુદેવ હિંડી (ભાષાંતર) પ્રથમ ખંડ | ૨૫૦ |

# संसारनुं कल्पित सुख—तेनु परिणाम.

( उपजाति छंद )

आत्मानमल्पैरिह वञ्चयित्वा, प्रकल्पितैर्वा तनुचित्तसौख्यैः ॥
भवाधमे किं जन सागराणि, सोढासि ही नारक दुःखराशीन् १

**अर्थः**—हे मनुष्य ! थोडां अने ते पण मानी लीधेलां शरीरनां अने मननां सुखवडे आ भवमां तारा आत्माने छेतरीने अधम भवोमां सागरोपम सुधी नारकीनां दुःख सहन करीश.

जुओ दुनियानो सर्व अनुभव लई राजर्षि भर्तृहरि पण लखे छे के—

**तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि,**
**क्षुधार्तः सञ्शालीन्कवलयति शाकादिवालितान् ॥**
**प्रदीप्ते रागाग्नौ सुदृढतरमाश्लिष्यति वधूं,**
**प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः ॥ १ ॥**

ज्यारे तरसथी गळुं सुकाइ जतुं होय त्यारे ठंडुं पाणी पीने हाश करे छे, पण एमां सुख शुं ? भूकथी पीडाय छे त्यारे चोखा शाक विगेरे खाय छे; पण एमां सुख शुं ! रागाग्नि प्रदीप्त थाय त्यारे स्त्रीनो संयोग करे छे, आ सर्वमां सुख शुं छे ! व्याधिनां औषधने आ जीव भूलथी सुख माने छे. जरा विचारे तो मालुम पडशे के एमां सुख जेवुं कांइ छेज नहि. आवां मानी लीधेलां सुखना खोटा ख्यालमां फसाइने आ जीव महा माठां कर्मो बांधीने अधोगति पामे छे. आ बधानुं कारण मात्र एक ज छे के वास्तविक सुख शुं छे ? पौद्गलिक सुख केवुं छे ? कोने छे ? केटलुं छे ! क्यारे छे ? शा माटे छे ? शा परिणामवाळुं छे ? तेनो पूरतो विचार करतो नथी, विचार करनाराओ निःस्वार्थ बुद्धिथी कहेवा आवे छे ते सांभळतो नथी अने संसार वमळमां फसाया करे छे. परिणामे असंख्य वरसे थता एक पल्योपम जेवा दश कोडाकोडि पल्योपमथी थतां एक सागरोपम जेवा अनंता सागरोपम सुधीनो काळ नरक निगोदमां काढे छे. मनुष्यभव अनंतकाल परिभ्रमण करता कोइकज वार मळे छे त्यारे आवी रीते हारी जाय छे अने पछे बाकीनो काळ संसारमां रखड्या करे छे.

# समर्पण.

क्रियोद्धारक संविग्न शाखा प्रवर्तक परमयोगी अनुयोगाचार्य पंन्यास श्रीसत्यविजयजी गणी परपरागत संप्रदाय नायक
( स्वर्गस्थ गुरुदेव अनुयोगाचार्य पंन्यासजी महाराज )

## श्री भावविजयजी गणीवर

आपे देश–विदेशमां विचरी अनेक भव्य जीवोने धर्म देशनारुप सुधाजल पाइ, सिंचन करी प्रफुल्लित कर्या छे. जैनपुरी–पाटण नगरमां आपश्रीनो प्रथम दीक्षा महोत्सव अने बाल ब्रह्मचारी तरीकेनुं प्रथम मान वीशमी सदीमां आपे मेलव्युं छे. गामे गाम विहार करी अनेक जीवोने प्रतिबोध पमाडी उपधान उजमणा ओच्छवो अने तेवा अनेक धर्मनी अभिवृद्धि शासनोन्नतिना कार्यो आपश्रीना उपदेशथी थया छे श्रीमान् आचार्य महाराज श्रीविजयनीतिसूरीश्वरजी महाराज जेवा विद्वान्–मुनिराज़ के जेओ हालमां प्राचीन गिरनारजी तीर्थनो जीर्णोद्धार तथा प्राचीन पुस्तकोद्धार विगेरे शासननी शोभाना अनेक कार्यो उपदेश द्वारा करावी रह्या छे तेवा सुशिष्य रत्न अने तेवोज आपनो लगभग पांत्रिश शिष्यनो परिवार हाल विद्यमान छे. आपनी धर्म–धगश–विशुद्ध हृदय–सरलता विगेरे गुणोथी आकर्षाई **उपदेश रत्नमाला** नुं पुस्तक आपने सप्रेम समर्पी कृतार्थ थाउं छु.

लि० आपनो चरण किंकर—

शाह. शिवनाथ लुंबाजी–पोरवाल. मु० पुना सिटी.

# निवेदन.

श्री पद्मजिनेश्वरसूरी महाराज कृत उपदेशरत्नमाला नामनो मूळ ग्रंथ छे. तेनु गुजराती भाषांतर विवेचन साथे श्रीयुत मणीलाल नथुभाई दोशी बी. ए. अमदाबादवालाए करेलु. ते पुस्तक गुजराती टाइपमां शाह मोतीलाल नगीनदास अमदाबादवालाए थोडाक वरस पहेला छपावेलु हतु. पण ते पुस्तक हालमां मळतु नथी.

२. श्री मद्विजयनीतिसूरीश्वरजी माहाराजना शिष्यरत्न श्रीमद्-विजयहर्षसूरीजी तथा प्रशिष्य पन्यासजी श्री मानविजयजी गणी आ बरसे पुना सिटीमां चातुर्मास बिराजेला छे. एमना सदुपदेशथी आ पुस्तकनी बाळबोध टाईपमां आवृति छपावी प्रसिद्ध करी छे. तेमां वधारा तरीके श्री मुनिसुन्दरसूरीश्वरजी माहाराज विरचित प्रकीर्ण उपदेश विवेचन साथे छेवटे पृष्ट ३९ मांथी दाखल कर्यो छे. आ बन्ने विषयोमां पन्यासजी माहाराज श्री मानविजयजी गणीए भूल चूको सुधारी तथा प्रुफो तपासी आपेला छे. छता पण दृष्टी दोषथी अथवा प्रेस दोषथी कांइ भुल चुक रही गइ होय तो सुज्ञोए सुधारी वांचवु अने ते भुलो अमोने जणाववी एटले हवे पछीनी आवृत्तिना वखते तेनो उपयोग थशे.

३. पुस्तक छपाववानो अमने अनुभव नही होवाथी उक्त पन्या-सजी माहाराजश्रीनी प्रेरणाथी अमारा धर्मबंधु शाह शिवनाथ लुंबाजी पोरवाल मु० पुना सिटी ठेकानुं वेताळ पेठ घर नं. ३५६ वाळाए आ पुस्तक छपावी आपवामां तथा प्रेस कॉपी लखवामां तथा प्रुफ तपासवा विगेरे सरवे काममां पोते तन मनथी जे मदत परमार्थ बुद्धिथी आपी छे ते बदल तेमनो आभार मानवामां आवे छे.

संवत १९९१<br>
भादरवा सुद १५ गुरुवार<br>
ता० १२ सपटंबर<br>
सन १९३५.

प्रसिद्धकर्ता.<br>
शा. हिराचंद मयाचंद<br>
मु० आळंदी ( चोराची ) जि० पुणें.

शान्तमूर्ति बालब्रह्मचारी प्रातःस्मरणीय परमपूज्य
स्वर्गस्थ गुरुदेव अनुयोगाचार्य पंन्यासजी महाराज

## ❀ श्री भावविजयजी गणिवर ❀



| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| जन्म | विक्रम | संवत | १९०० | फाल्गुन | शुद ८ | – | पाटण. |
| दीक्षा | " | " | १९३२ | मार्गशिर्ष | शुद २ | – | पाटण. |
| पंन्यासपद | " | " | १९५८ | कारतक | वद २ | – | सुरत. |
| स्वर्गवास | " | " | १९७९ | श्रावण | शुद ३ | – | पाटण. |

## शा. हिराचंद मयाचंद.

मु० आळंदी ( चोराची ) जिल्हा पुणें.



जन्म विक्रम संवत १९३१ चैत्र सुदी ७

## ❀ विषयानुक्रमणिका. ❀

### उपदेशरत्नमालानी


| गाथांक | विषयनुं नाम | पृष्ठ. |
|---|---|---|
| १ | मंगलाचरण ग्रंथनुं नाम अने हेतु ... ... | १ |
| २ | संक्षिप्तमां धर्मनुं रहस्य ... ... ... | १ |
| ३ | शीलव्रतनो निश्चयताथी भंग न करवो ... ... | ३ |
| ,, | खराब शीलवालानी सोबत न करवी ... ... | ,, |
| ,, | गुरुवचननो अनादर न करवो ... ... | ४ |
| ,, | धर्मनो परमार्थ जाणवो ... ... ... | ,, |
| ४ | चपलताथी न चालवुं ... ... ... | ५ |
| ,, | उद्भट वेष धारण न करवो ... ... | ,, |
| ,, | वांकी दृष्टिए न जोवुं ... ... ... | ६ |
| ५ | पोतानी जीव्हाने नियममां राखवी ... ... | ,, |
| ,, | अविचारी कार्य न करवुं ... ... ... | ७ |
| ,, | कुलाचारनो लोप न करवो ... ... | ,, |
| ६ | कोईने मर्म वचन न कहेवुं ... ... | ८ |
| ,, | कोईने खोटुं कलंक देवुं नहि ... ... | ९ |
| ,, | कोइना पर आक्रोश न करवो ... ... | ,, |
| ७ | सर्व जीवो प्रत्ये उपकार करवो ... ... | १० |
| ,, | बीजानो उपकार भूलवो नहि ... ... | ,, |
| ,, | दीन पुरुषनो उद्धार करवो ... ... | ,, |
| ८ | कोईनी पासे प्रार्थना करवी नहि ... ... | ११ |
| ,, | कोइनी प्रार्थनानो भंग करवो नहि ... ... | १२ |
| ,, | दीन वचन बोलवुं नहि ... ... ... | ,, |
| ९ | पोतानी प्रशंसा न करवी ... ... ... | १३ |
| ,, | दुर्जननी पण निंदा करवी नहि ... ... | १४ |
| ,, | बहु हसवुं नहि ... ... ... | १५ |
| १० | शत्रुनो विश्वास न करवो ... ... ... | ,, |

| गाथांक | विषयनुं नाम | पृष्ठ |
| --- | --- | --- |
| ,, | कदापि विश्वासुने छेतरवो नहि ... ... | १७ |
| ,, | कदापि कृतघ्न न थवुं ... ... ... | ,, |
| ११ | गुणवालाने देखी राजी थवुं ... ... | ,, |
| ,, | स्नेह रहित पुरुषो प्रति राग न करवो ... ... | १८ |
| ,, | पात्रनी परीक्षा करवी ... ... ... | १९ |
| १२ | अकार्यने आचरवुं नहि ... ... ... | २० |
| ,, | आत्माने निंद्य कार्यमां न नाखवो ... ... | ,, |
| ,, | पुरुषार्थ कदापि न तजवुं ... ... ... | ,, |
| १३ | दुःख आवे मुझावु नहि ... ... ... | २१ |
| ,, | मरण आवे तो पण सन्मार्गनो त्याग न करवो ... | २३ |
| ,, | वैभवनो क्षय थयो होय तो पण यथोचित दान:करवु | ,, |
| १४ | अति राग न धरवो ... ... ... | २४ |
| ,, | प्रियजन उपर पण निरंतर रोष न करवो ... | २५ |
| ,, | कलेशने वधारवो नहि ... ... ... | ,, |
| १५ | कुसंगी साथे न वसवुं ... ... ... | २६ |
| ,, | बाळक पासेथी पण हित वचन ग्रहण करवुं ... | ,, |
| ,, | अन्यायथी पाछा हटवुं ... ... ... | २७ |
| १६ | वैभवने विषे गर्व करीए नहि ... ... | २८ |
| ,, | विपत्ति वखते दीन थई शोकातुर बनी न जवुं ... | ,, |
| १७ | नोकरना गुण परोक्षपणे न कहेवा ... ... | २९ |
| ,, | पुत्रना गुण प्रत्यक्षपणे न कहेवा ... ... | ,, |
| ,, | स्त्रीना गुण बीजाने के तेने पोताने न कहेवा ... | ३० |
| १८ | प्रिय वचन बोलवु ... ... ... | ,, |
| ,, | विनय करवो ... ... ... ... | ,, |
| ,, | दान देवुं ... ... ... ... | ,, |
| ,, | पारकाना गुण ग्रहण करवा... ... ... | ,, |
| १९ | योग्य समये बोलवु ... ... ... | ३१ |
| ,, | [illegible] माणसनुं पण मान राखवु | ,, |

| गथांक | विषयनुं नाम | पृष्ठ |
|---|---|---|
| १९ | पोतानो अने परनो विशेष भेद जाणवो ... | ३१ |
| २० | मंत्र तंत्रमां न पडवुं ... ... ... | ३२ |
| ,, | कोइना घेर एकला न जवुं... ... ... | ,, |
| ,, | आपेलु वचन पाळवु ... ... ... | ,, |
| २१ | प्रेमने स्थिर राखवाना नियमो ... ... | ३३ |
| २२ | कोइनुं अपमान न करवु ... ... ... | ३४ |
| ,, | पोताना गुण विषे अभिमान धारण न करवुं ... | ३५ |
| ,, | कोइ पण बाबतथी विस्मय न पामवो ... ... | ,, |
| २३ | प्रथम नाना कामथी शरु आतकरवी ... ... | ३६ |
| ,, | मनुष्ये उत्कर्ष न करवो ... ... ... | ,, |
| २४ | परमात्मानुं ध्यान करवु ... ... ... | ३७ |
| ,, | बीजाने पोताना तुल्य गणवा ... ... | ,, |
| ,, | राग द्वेषने तजी देवा ... ... ... | ,, |
| २५–२६ | उपसंहार ... ... ... ... | ३८ |


## * प्रकीर्ण उपदेश *


| | | |
|---|---|---|
| १ | तात्विक हित करनार वस्तु... ... ... | ३९ |
| २ | धर्ममां जोडे तेज खरा मा बाप ... ... | ३९ |
| ३ | संपत्तिना कारणो ... ... ... | ४० |
| ४ | विपत्तिना कारणो ... ... ... | ४२ |
| ५ | प्रमादथी दुःख शास्त्रगत ११ दृष्टांतो... ... | ४४ |
| ६ | माया निग्रह करवानो उपदेश ... ... | ५६ |
| ७ | सुख प्राप्तिनो उपाय–धर्म सर्वस्व ... ... | ५८ |
| ८ | शुभेच्छा ... ... ... | ६० |
| ९ | मांगलिक भावना ... ... ... | ६० |

॥ नमुत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

आचार्य श्री पद्मजिनेश्वरसूरिविरचिता

# उपदेशरत्नमाला.

( गूर्जर भाषानुवाद )

**उवएसरयणकोसं, नासिअनीसेसलोगदोगच्चं ॥**
**उवएसरयणमालं, वुच्छं नमिऊण वीरजिणं ॥ १ ॥**

**अर्थः— समस्त लोकना दारिद्र्यनो नाश करनार अने उपदेशरूप रत्नना भाण्डार स्वरुप एवा श्री वीर भगवानने नमस्कार करीने उपदेशरत्नमाला नामनो ग्रन्थ कहीश ॥ १ ॥**

भावार्थः — ग्रन्थकर्ता विघ्न विनाशना हेतुथी वीर भगवानने नमस्कार करी मंगलाचरण करे छे. ग्रन्थनो हेतु जगत् मात्रना जीवोनुं दुःख दूर करवानो छे, अने ग्रन्थनो विषय जगतना जीवोने उपर जणावेलो हेतु पार पाडवाने उपदेश आपवानो छे. माळा जेम कंठमां धारण करवामां आवे तेम आ उपदेशरुप रत्ननी माळा हृदयमां धारण करी मनुष्य वर्ते तो आत्महित साधी शके, एम ग्रन्थकार जणावे छे. ग्रन्थकर्ता टूंकाणमां धर्मनुं रहस्य समजावे छे.

### धर्मनुं रहस्य

**जीवदयाइ रमिज्जइ, इंदियवग्गो दमिज्जइ सया वि ॥**
**सच्चं चेव चविज्जइ, धम्मस्स रहस्समिणमेव ॥ २ ॥**

**अर्थः—जीवदया करवी, सर्वदा इन्द्रियोना समूहने दमवो, अने सत्य बोलवुं, आज ( टूंकाणमां ) धर्मनुं रहस्य छे ॥ २ ॥**

भावार्थः—मनुष्यो आ रत्नत्रयी समजे, अने ते प्रमाणे चाले, तो थोडा समयमां पोताना आत्मानी उन्नति करी शके. अहिंसा परमोधर्मः ए उत्तम सूत्र छे, मन, वचन अने कायाथी कोई पण प्राणीनो द्रोह न थाय, तेनुं नाम अहिंसा–दया. केवळ प्राणीपर अनुकंपा करवी. तेनुं नामज दया न कहेवाय. पण दयानो अर्थ विशाळ छे. सर्व जीवतां प्राणी मनुष्य तेमज ढोर प्रत्ये मनथी बुरु न ईच्छवुं, वचनथी भूंडुं न बोलवुं, अने कार्यथी अनिष्ट न करवुं, तेनुं नाम दया गणी शकाय. जेटले अंशे ते रीते चलाय तेटले अंशे लाभ छे. पण आ उपर जणावेली दयानी व्याख्या ध्यानमां राखवा जेवी छे. सर्व प्राणीओना आत्मा सरखा छे. दरेकने मरणनो भय लागे छे. माटे कोई पण प्राणीनो विनाश न करवो; तेमज तेना जीवने जेथी दुःख थाय, तेवुं कार्य पण न करवुं. बीजुं इन्द्रिय निग्रह करवो. आ शरीर तेमज इन्द्रियो ए आत्मा नथी. पण आ संसारमां आत्माने अनुभव मेळववाना साधन छे. ते चाकररुपे छे. माटे चाकर शेठना कबजामां रहे ते माटे इन्द्रियनां निग्रहनी जरूर छे. जगतमां जे जे दुष्ट आचरणो थाय छे, तेमां घणाखरा इन्द्रियोनी स्वतंत्रताने लीधे छे. इन्द्रियो मनने वश नहि रहेतां विषय भणी दोडे छे. मन पण ते तरफ घसडाय छे. अने परिणाम ए आवेछे के, आपणे ते इन्द्रियोना गुलाम बनीए छीए, अने इन्द्रियोनी तृप्तिने अर्थे सर्व प्रकारना उच्च विचारो तेमज नीतिना सिद्धान्तो तजी देवामां आवे छे. माटे मूळथीज तेमनुं प्रयोजन जाणी तेमनो निरोध करतां शीखवुं जोईए. त्रिजी बाबत सत्य बोलवा संबंधी छे. उपदेश बहु अमूल्य छे. पण ते प्रमाणे चालवुं सुकर नथी मनुष्यमां रहेली लोभवृत्ति तेमज जगतना क्षणिक विषयोनी लालसा मनुष्यना हृदयमां एटलुं साम्राज्य भोगवे छे के तेने वश थई मनुष्य असत्य बोलतां जरापण आंचको खातो नथी. पण ज्यारे आत्मानो स्वभाव शुं छे, अने असत्य बोलवाथी मन केवी रीते मलीन थई आत्माना शुद्ध प्रकाशने ग्रहण करतां अटके छे तेनो ख्याल आवेछे, त्यारे असत्य मार्ग तरफथी विमुख थवाय छे. माटे आत्मशुद्धिने ईच्छता दरेक तत्वाभिलाषी पुरुषने

आ त्रण बाबतो ध्यानमां राखवानी भलामण छे. दया करवाथी आत्मानो आनंदमय स्वभाव खीलशे, हृदय प्रेमाल थशे, इन्द्रिय निग्रहथी मनोबळ वृद्धि पामशे, अने आत्मशक्ति जागृत थशे, अने सत्य बोलवाथी आत्मा शुद्धरूपे प्रकाशशे. आ त्रण सूत्रो प्रमाणेज पोतानुं जीवन चलावे तो थोडा समयमा ते मनुष्य केवळ बदलाई जई, बीजा मनुष्योने अनुकरण करवा लायक आचरणवाळो थवानो ए निःसंशय छे. बीजा पण हितकारक वचनो ग्रन्थकार जणावेछेः—

**सीलं न हु खंडिज्जइ, न संवसिज्जइ समं कुसीलेहिं ॥**
**गुरुवयणं न खालिज्जइ, जइ नज्जइ धम्मपरमत्थो ॥ ३**

**अर्थः—शियळ व्रतनो निश्चयताथी भंग न करवो; खराब शीळवाळानो संग न करवो; गुरु वचननो अनादर न करवो; धर्मनो परमार्थ जाणवो ॥ ३ ॥**

भावार्थः—शिळ अेटले शुद्धाचार; पण जैन धर्मना ग्रन्थमां शीळ शब्द घणीवार केवळ शियळ व्रतने सारू वापरवामां आवे छे. अने अत्रे पण ते अर्थे वापरवामां आव्युं होय एम लागे छे. शियळ ए पुरुषनुं तेमज स्त्रीनुं परम भूषण छे. पुरुषे पोतानी स्त्री सिवाय अन्य स्त्रीओने मा बेन समान गणवी, अने स्त्रीए पोताना पति सिवाय अन्य पुरुषोने भाई बाप समान गणवा, तेनुं नाम शीळ कहेवाय छे. शीळ व्रतना भंगथी केटला कफायदा थाय छे, तेथी भाग्येज कोई अजाण हशे. धन जाय, आबरू जाय, शरीरशक्ति नाश पामे, अनेक प्रकारना व्याधि उत्पन्न थाय, कोई विश्वास न राखे, अने मननी अस्वस्थ स्थिती रहे, ए विगेरे अनेक अनर्थ छे. माटे शियळ व्रत पाळवुं, ए नैतिक तेमज धार्मिक फरज छे.

बीजुं खराब शीळवाळानी सोबत न करवी. कारणके मनुष्य ते अनुकरण करनारुं प्राणी छे. जे ग्रन्थ आपणे वांचीए, जे संजोगोमां आपणे आवी पडीए, अने जे मनुष्यनी सोबत करीए ते सर्वे आपणा पर असर करे छे. पुस्तको अथवा संजोगो असर करे, ते करतां मनुष्य वधारे असर करी शके कारण के ते चेतनवाळो छे. जड वस्तु जे असर करी शके तेना करतां आत्मा आत्मापर वधारे असर करी शके ए निर्विवादज छे. माटे

सत्संग करवो, अने सर्वथा दुष्टोनी सोबतनो त्याग करवो. सारा मनुष्यो तेमना कार्यथी आपणने सारा कार्य करता बनावे छे. तेमना उपदेशथी आपणुं मन पवित्र करी शुद्ध मार्गे दोरे छे. तेमज तेमना विचारो पण आपणा मन पर सारी असर करे छे. अने मनने शुद्ध बनावे छे. सारा मनुष्योनी सोबत तो महा पुण्योदय होय तोज मळी शके. घणा मनुष्यो बहारथी सारा देखाय छे, पण जेम जेम आपणे वधारे संबंधमां आवता जईए छीए, तेम तेम आपणने तेमना दुर्गुणोनी खबर पडे छे. माटे कोई पण मनुष्यनी सोबत बांधतां बहुज विचार करवानी जरूर छे कारणके, पाछळथी पस्तावुं न पडे.

गुरु वचननो अनादर न करवो. विद्या मेळववाना त्रण मार्ग शास्त्रमां कहेलां छे. धनथी, विद्याथी, अथवा गुरुपाद सेवाथी विद्या मळे. ते त्रण अनुक्रमे अधम, मध्यम अने उत्तम मार्ग छे. धन आपी विद्या मेळववी, ए अधम मार्ग छे. विद्या आपी विद्या ग्रहण करवी, ए मध्यम मार्ग छे. अने गुरूनी सेवा करवी, तेमनी प्रीति संपादन करी ज्ञान मेळववुं, ते उत्तम मार्ग छे. अने असलना महान् पुरूषो तेज मार्गे ज्ञान मेळवता गुरू तरफ भक्ति भाव राखवो, अने तेमनुं वचन सर्वथा मान्य करवुं, आपणने क्षणभर ते वचन विपरीत लागे तोपण गुरूना विशाळ ज्ञानमां विश्वास राखी वर्तवुं. समय आवे तेनो अर्थ समजाशे. पण विश्वास राखतां पहेलां सद्गुरूनी प्रतीति थवी जोईए.

धर्मनो परमार्थ जाणवो. कोई पण कार्य करतां पहेलां ते करवानो शो हेतु छे, ते जाणवुं जोइए. हेतु जाण्या विनानी क्रियाथी इच्छित लाभ मळी शकतो नथी. हेतु जाणवाथी खरा दिलथी तेमां प्रवृति थाय छे, अने ते कार्य आपणा वर्तन पर पण अतिशय असर करेछे. कारणके ते कार्य भावथी थायछे. माटे धर्मनो परमार्थ एटले उत्कृष्ट अर्थ अथवा रहस्य जाणवुं. आ लेखकनु तो ए निश्चयताथी मानवुं छे के ज्यां सुधी ज्ञान प्रमाणे वर्तन न थाय, त्यां सुधी ते ज्ञान अनुभवमां आवेलुंज नथी, पण केवळ बुद्धिनो विषय छे. माटे बुद्धिना विषयमांथी अंतरमां अनुभववाने प्रयत्न करवो, तेनुंज नाम परमार्थथी धर्मनुं ज्ञान कही शकाय. अने ते अनुभववा सर्व दोराय, एज आ विवेचनकारनी हृदयनी प्रार्थना छे.

**चवलं न चंकामिज्जइ, विरज्जइ नेव उब्भडो वेसो ॥**
**वंकं न पलोइज्जइ, रुठा वि भणंति किं पिसुणा ॥ ४ ॥**

**अर्थः—चपळताथी न चालवुं; उद्भटवेश धारण न करवो; वांकी दृष्टिए न जोवुं. एवा मनुष्य विषे क्रोधे भरायेला चाडीया पण शुं कही शके ? अर्थात् कांईज ना कही शके. ॥ ४ ॥**

भावार्थः—चपळताथी न चालवुं. ए उपदेश सामान्य लागे छे. पण तेमां रहेलो हेतु सहज वधारे विचार करतां जणाई आवे छे; चपळपणामां शीघ्रतानो विचार मुख्य होय छे. ते रीते जल्दी चालवाथी जीवहिंसा थाय छे, उतावळमां सामुं शुं आवे छे, अथवा धरतीपर शुं पडयुं छे, ते जोई शकातुं नथी. अने पोताने ठोकर वागे छे, अथवा सामा मनुष्यनी साथे अथडाय छे, अने हांसीने पात्र थाय छे. चपळतानो बीजो अर्थ चंचळता पण थाय छे. तेवी रीते चालवानुं वर्णन ऐक कविए आप्युं छे. " मगरुरीमां अंग मरोडे...जेम उंदरडे दारु पिधो मस्तानो थई डोलेजी " चंचळताथी चालवाथी लोक कहेशे " एतो वर्ण पार थई गयो ! एनी हींडछा ( चालवानी रीति ) तो जुओ. " माटे लोक विरुद्धना त्याग रुप आ सामान्य उपदेश पण हितकारी छे. कारण प्रसंगे शीघ्रताथी पण जवुं पडे, पण आ तो सामान्य उपदेश छे.

उद्भटवेश धारण न करवो. उद्भटनो अर्थ सुंदर आकर्षक, उत्कृष्ट एवो अर्थ थाय छे. आ उपरथी एम न समजवानुं के सारो पोशाक न पहेरवो. पण पोतानी शक्ति नहि छतां, पोताने जे उचित नथी, तेवो पोशाक धारण करवाथी खरच वधारे थाय छे, अने लोकोमां निंदा पात्र थवाय छे. उद्भटवेश केवळ लुगडां लत्तामांज समातो नथी, पण शरीरने शणगारवुं, वाळ ओळवा, तेल गुलाल लगाडवां, अत्तर छांटवां, माथे छोगां ( गुच्छा ) घालवां, ए सर्वनो तेमां समावेश थाय छे. एक कविए तेनुं वर्णन कर्युं छे.

अंगे तेल फुलेल लगावे, माथे छोगा घाले जी,
जोबन धननु जोर जणावे, छाती काढी चाले जी.

तेवो वेष धारण करवाथी कांई कार्य सिद्ध थतुं नथी, पण हांसी थाय

छे. माटे तेवा लोक विरुद्ध कर्तव्यनो त्याग करी पोताने उचित पोशाक पहेरवो, एज सामान्य उपदेश छे.

**वांकी द्दष्टिए न जोवुं.** एवा घणा मनुष्यो आ जगतमां जोवामां आवे छे के जेओ हंमेशां वक्रद्दष्टिथीज जोता होय छे. तेओनी चक्षु रम्य आकृति तरफ झट आकर्षाय छे. अने सर्वे बेठा होय तो ते मध्येथी पण वक्रद्दिष्टए ते रम्य आकृति निहाळे छे. पण बीजा मनुष्योनी द्दष्टि जो तेनी नजरपर पडी तो तेओने तेनी मानसिक स्थिति अने कटाक्षनी खबर पडे छे, अने पछी ते शरमाई जाय छे; माटे वक्रद्दष्टि जे काम विकारना साधन तेमज कारणभुत छे, तेनो त्याग करवो. वांकी द्दष्टिए न जोवुं, ते उपरथी एम पण अनुमान थाय छे के मानसिक द्दष्टि पण सरळ होवी जोईए, अथवा सम्यग द्रष्टि राखी वर्तवुं; पण कूडकपट करवुं नहि. मध्स्थभावे सत्य प्राप्त कस्तां शिखवुं.

उपर जणावेला त्रण निंदानां स्थान छे, जे मनुष्य तेनो त्याग करी वत छे, तेने चाडीया पण कशुं करी शकता नथी. चाडीया मनुष्यनो स्वभाव अहर्निश बीजाना दोष निरीक्षण करवानो होय छे. तेवा मनुष्यो पारकानां छिद्र जोई, बीजा आगळ तेमने प्रकाशी आनंद माने छे, तेवा चाडीयाओ, निंदाखोरो क्रोधे भराया होय, ते छतां पण उपर जणावेला गुणवाळा मनुष्यमांथी कांई पण छिद्र शोधी शकता नथी. ज्यां निर्बळता होय त्यां बीजा तेनो लाभ लेई शके, माटे कोइ पण प्रकारनी निर्बळता न राखतां उचित व्यापारमां प्रवर्तन करवुं.

## नियमिज्जइ नियजीहा, अविआरिअं नेव किज्जए कज्जं ॥ न कुलक्कमो अ लुप्पइ, कुविओ किं कुणइ कलिकालो ॥ ५ ॥

**अर्थः—पोतानी जिव्हाने नियममां राखवी; अविचारी कार्य न करवुं; कुळाचारनो लोप न करवो. तेवा मनुष्यने कोप पामेलो कळियुग पण शुं करी शके ? ॥ ५ ॥**

भावार्थः—अमृत अथवा झेर जीभमां रहेलुं छे. तेज जीभ मित्रता करावे छे, तेज जीभ शत्रुता करावे छे. जीभमां वशीकरण रहेलुं छे; जीभमांज मित्रता

तोडवानां कारणो समायेला छे. " ज्यारे मनुष्य जन्मे छे, त्यारे मो " मां कुवाडो लेईने जन्मे छे; बीजानुं भूंडुं बोली मनुष्य ते कुहाडावती पोतानोज नाश करे छे. ज्यारे क्रोधे भरायो होय, त्यारे तो सर्वथा मौनव्रत धारण करवुं. कारण के ते समयमां एवा शब्द बोली जवाय छे के जेथी आखी जींदगी सुधी ते वचन साले छे. शस्त्रनो घा रुझाय छे. पण वचननो कारी घा तो जींदगी पर्यंत रुझातो नथी. माटे बोलतां पहेलां विचार करो, भाषाशुद्धि राखतां शिखो, के जेथी जीवन सर्वथा प्रिय थई पडे.

**अविचारी कार्य न करवुं**— आ जगतमां जे अनर्थ थाय छे, तेमांना घणाखरा अविचारने लीधेज थाय छे. घणा मनुष्यो कार्य कर्या पछी तेनुं अनिष्ट परिणाम आवशे एम धारी नीचे प्रमाणे बोले छे. " जो में विचार कर्यो होत तो हुं कदी ते कार्य करत नहि. जो में जरा पण विचार कर्यो होत तो हुं कदापि ते रीते वर्तत नहि. जो में एक क्षणभर पण विचार कर्यो होत तो ते मूर्खता भरेलो शब्द हुं उच्चारत नहि, अने ते असभ्य कार्य कदी पण आचरत नहि. " माटे जो बाळपणथीज विचार कर्या सिवाय कार्य नहि करवाने तमारी जातने केळवो, तो शरीर तेनी मेळे मनने अनुसरतां शीखशे अने अविचारी पणुं शीघ्र नाश पामशे. जैन धर्म शास्त्रोमां कहेला चौद नियमनो आ पण एक उद्देश छे. तेथी करी मनुष्यने दरेक कार्य करतां विचार आवे छे. अमुक कार्य करवाथी मारा नियमनो भंग तो नहि थाय, ते विचार तेने अविचारी कार्य करतां अटकावे छे. आ प्रमाणे पडेली टेव मोटपणे बहुज उपयोगी थई पडे छे.

**कुळाचारनो लोप न करवो**— ए पण सामान्यहित शिक्षा छे. कुळना आचार विचार वृद्ध पुरुषोए अनुभवथी, डहापणथी, तेमज विवेकबुद्धिथी बांधेला होय छे. माटे तेनो अनादर करतां अथवा ते बदलतां पहेलां बहुज विचार करवानी आवश्यकता छे. नवुं ग्रहण करतां पहेलां जुनानो बहुज विचार करवो; तेमां ज्यारे खामीज लागे, त्यारे भले तेनो त्याग करवामां आवे. पण नवा तेमज जूना रीवाजना गुण दोषनुं परिपूर्ण विवेचन करी कांईपण ग्रहण करवुं, अथवा छोडवुं एज उचित छे. कालिदास कविए कह्युं छे के जुनुं एटलुंज सारूं, अने नवुं एटलुं खोटुं, एम कही शकाय नहि. मूढ मनुष्यो गाडरीआ प्रवाहनी माफक बीजानी बुद्धिथी

दोराई जाय छे. पण संत पुरुषो तो परिक्षा करी बन्नेमांथी एकने ग्रहण करे छे."

कुळाचार विरुद्ध न वर्तवुं, ए पण हितशिक्षानो तेमां समावेश थाय छे. जे कुळना आचार विचार होय तेथी विरुद्ध वर्तवाथी कुटुंबमां क्लेश थाय छे, अने लोकोमां निंदा थाय छे आबरु जाय छे, अने लाभ तो मळतो नथी. माटे कुळाचार विरुद्ध वर्तननो त्याग करवो, एज हितशिक्षा छे.

जे आ प्रमाणे विवेकपूर्वक अने विचार करीने चाले छे, तेने क्रोधे भरायेलो कलियुग पण कशुं करी शकतो नथी. कलियुग तेनी जिव्हाद्वारा अपशब्द बोलावी कलह उत्पन्न करावी शके, अथवा अनर्थ करावे, तेमज अविचारी कार्य करवानुं शीखवी अशुद्ध मार्गे दोरे, अथवा शुद्ध कुळाचारनो लोप करावी खोटी प्रवृत्ति तरफ दोरे, पण जेनी जींव्हा नियममां छे, जे अविचारी कार्य करतो नथी, अने कूळाचार विरुद्ध वर्ततो नथी, तेमां कलियुग प्रवेश पामी शके नहि, अने त्यां फावी शके पण नहि.

**मम्मं न उलविज्जइ, कस्सवि आलं न दिज्जइ कयावि**
**कोवि न उक्कोसिज्जइ, सज्जणमग्गो इमो दुग्गो ॥ ६ ॥**

**अर्थः—कोईने मर्म वचन न कहेवुं, कोईने कदापि आळ (कलंक) न देवुं; कोईनो आक्रोश करवो नहि; आ सज्जननो मार्ग दुर्घट छे. ॥ ६ ॥**

भावार्थः—आ जे शब्दार्थ छे ते परथी जणाय छे के तेमां वर्णवेला त्रणे गुणो वाणीने लगता छे. जिभमां साकर तथा झेर पण वसे छे. माटे केवी रीते बोलवुं के जेथी सामा मनुष्यनी प्रीति संपादन थाय. अहींयां प्रतिषेध मार्ग बतावी केवुं न बोलवुं ते पर लक्ष आपेलुं छे.

कोई पण मनुष्यने मर्मवचन न कहेवुं; जेथी सामा मनुष्यना हृदयने परिताप ऊपजे तेवुं वचन ते मार्मिक कहेवाय. अने तेवुं वचन कहेवाथी तेने बहुज दुःख लागे छे, अने कोईवार मनुष्यो तेवुं वचन सहन नहि करी शकवाथी आत्मघात पण करे छे. हृदयने असर करी तेमां ग्लानि उपजावे तेवुं मार्मिक वचन बोलतां पहेलां बहुज विचारनी जरूर छे. कोईनो दोष होय छतां भर सभामां ते दोषने मार्मिक वचनथी प्रकट करवामां आवे तो ते समये ते मनुष्यने जमीन मार्ग आपे तो सारुं तेवा विचार

आवशे, ते लोकोमां प्रतिष्ठा खोवा करतां मरणने वधारे पसंद करशे. माटे सहसात्कारे कदापि कोईना छिद्र बधाना देखतां उघाडा करवा नही. कीर्ति ए मनुष्यने जीव करतां पण प्रिय छे. अने कीर्ति वगरना जीवन करतां मरवुं ए वधारे पसंद करे छे.

कोईने खोटुं कलंक देवुं नहि. ज्यां सुधी आपणने दोषनी बरोबर खबर पडी नथी, ज्यां सुधी तेज मनुष्ये ते दोष कर्यो छे एवी खात्रि थई नथी त्यां सुधी कर्णपरंपराथी वात सांभळी कोईने आळ ( कलंक ) देवुं तेना जेवुं मोटुं दुष्ट कार्य बीजुं नथी. ते तो मोटामां मोटी चोरी छे. तमे तेनी कीर्ति-ख्याति जे प्राणथी पण अधिक छे तेनी चोरी करो छो. माटे कोईना माथे पण दोषारोपण करतां बहुज विचार करजो के पाछळथी पस्तावुं न पडे.

दमयंतीने माथे ज्यारे चंदनहार चोर्यानुं कलंक आव्युं हतुं ते वखतनी तेनी स्थितीनो विचार करो, तेमज तमारा पर कोई खोटुं आळ मुके ते वखतनी तमारी स्थिति केवी थाय तेनो कल्पना शक्तिवडे ख्याल लावो. अने पछी तमने जणाशे के आळ जेवुं खोटुं दूषण नथी. इतिहासमां वांचीए छीए, तेमज पत्रोमां आवती खबरो परथी जणाय छे के पोताने माथे आवेला कलंकमांथी बचवानो मार्ग नहि जडतां घणाक आपघात करे छे. माटे आवा अनिष्ट परिणाम जेमां रह्या छे तेवुं कलंक छता दोषे पण न मुकवुं तो दोष नहि छतां तो मुकवानी वातज केवी ? तथा कोईनो आक्रोश न करवो, एटले कोईनी साथे क्रोधयुक्त वचनथी बोलवुं नहि. तेमां तेना जीवने खेद थाय छे, अने तमने कांई पण लाभ प्राप्त थतो नथी. क्रोधी वचनो बोलतां गमे तेवुं बोलाई जाय छे. माटे जीव्हाने नियममां राखी, मनपर जय मेळवी सर्वदा प्रिय अने हितकारी वचन बोलवुं के जेथी उभयने लाभ थाय पण जेथी बीजाने अप्रीति उत्पन्न थाय तेवी पारकी निंदा करवी नही, अथवा क्रोधमां आवी गमे तेवा शब्दोनो उच्चार करवो नहि. सज्जनोने ते मार्ग किल्लारुप छे तेने कोई भेदी शके नही.

**सव्वस्स उवयरिज्जइ, न पम्हसिज्जइ परस्स उवयारो**
**विहलं अवलंबिज्जइ, उवएसो एस विउसाणं ॥७॥**

अर्थः--सर्व प्रत्ये उपकार करवो; बीजानो उपकार विसारवो नहि. दुःखीने अवलंबन आपवुं; एज विद्वानोनो उपदेश छे. ॥ ७ ॥

भावार्थः— प्राणी मात्र प्रति उपकार करवो. कारण के सर्व आत्मा सरखा छे. नाना मोटानो अंतर परोपकारी पुरुषो जोता नथी.

## नहि संहरते ज्योत्स्नां चन्द्रश्चाण्डालवेश्मनि ॥

चंद्र चांडाळना घरपरथी पोतानो प्रकाश खेंची लेतो नथी. ते तो सर्वत्र प्रकाशे छे. तेज प्रमाणे गुणी अथवा अवगुणीनी अपेक्षा राख्या सिवाय, अथवा सामो मनुष्य मारापर प्रत्युपकार करशे के केम ते कल्पना मनमां लाव्या सिवाय उपकार करवो. जे मनुष्य करेला उपकारनो बदलो वाळे छे तेमां तो शुं तेणे मोटुं कार्य कर्युं ? पण अपकारने बदले उपकार करे छे, भुंडाने बदले सारुं करे छे, अथवा द्वेषने बदले प्रेम करे छे, तेज खरेखरो साधु पुरुष कही शकाय. बीजा मनुष्ये पोतानो करेलो उपकार कदी विसारवो नही. जे मनुष्य ते भुले छे ते कृतघ्नी कहेवाय छे. तेना जेवुं बीजुं मोटुं पाप एके नथी. कोईए आपणने किंचित पण उपकार कर्यो होय ते जरा पण भुलवो नहि. दृष्टांन्त तरीके कोईए आपणने एक शब्द शीखव्यो होय, कोईए एक उपदेशनुं वचन कह्युं होय, अथवा आपणी गरीब स्थितीमां थोडुं पण धन आपी आपणने सहाय करी होय तो मोटा थये एटले जरा वधारे ज्ञान प्राप्त थाय त्यारे अथवा वधारे धन मळे त्यारे तेमने विसारी मुकवा ए कोई पण रीते उचित गणाय नहि. ते वखतनी तमारी स्थितिनो विचार लावो, अने ते मनुष्ये करेला उपकारनो ख्याल लावो, अने पछी ते उपकार भुली जवो ते केवुं मोटुं पाप छे तेनी कांईक झांखी तमने आवशे. माता पितानो, गुरुनो, अने आजीविकानुं साधन पुरु पाडनारना उपकारनो बदलो कोई पण रीते वळी शके तेम नथी, आपणे तेना बदलामां जेटलुं करीए तेटलुं ओछुं.

वळी दीन पुरुषनो उद्धार करवो. गरीब मनुष्योने दुःखी देखी हृदय पीगळवुं जोईए. कारण के सर्व आत्माओ सरखाज छे. तुं तेवी स्थितिमां होय तो तने केवुं लागे एवो विचार करी दीन पुरुष पर दया लावी तेने आलंबनरुप थवुं; पोतानी शक्ति प्रमाणे तेने मदद करवी; धन न होय तो शब्दथी पण दिलासो आपी तेनुं दुःख दूर करवा बनतो प्रयत्न करवो. वळी जेओ आत्मशक्तिनी अपेक्षाए दीन छे तेमनो पण उद्धार करवो. एटले

जे पोते ज्ञानमां, सद्गुणमां, आत्मशक्तिमां आगळ वधेलो होय तो अज्ञानीने सद्बोध आपी शुद्ध मार्गे चढाववो ए पण तेनुं कर्तव्य छे. ज्ञान गर्व माटे नहि पण स्वपरना बोध सारु छे ते भुली नहि जई यथाशक्ति बीजाने बोध आपवो. पोताथी सूर्यनी माफक प्रकाश न आपी शकाय तो तारानी माफक चळकीने पण अज्ञानरुपी अंधकारमां फांफां मारता मुसाफरने सिधा मार्ग तरफ दोरवारुप कर्तव्य बजाववुं.

कारण के दरेक मनुष्यने एवा मनुष्य मळी आवशे के जे पोताना करतां पण हलकी स्थितिमां होय, तो तेवाने ते मदद करी शके. आवो उपदेश विद्वानोनो छे. जेओए विद्या संपादन करी अनुभव मेळव्यो छे, तेवा महान् पुरुषो उपर प्रमाणे जणावे छे.

**को वि न अप्भत्थिज्जइ, किजइ कस्स वि न पत्थणाभङ्गो ॥ दीणं न य जंपिज्जइ, जीवीज्जइ जाव इहलोए ॥ ८ ॥**

**अर्थः-- कोईनी अभ्यर्थना-प्रार्थना करवी नहि. कोईनी प्रार्थनानो भंग न करवो; वळी दीन वचन बोलवुं नहि. जीवन पर्यंत उपरना नियमो पाळवा. ॥ ८ ॥**

भावार्थः—कोइनी प्रार्थना नहि करवी. आ सूत्रनो उद्देश एम जणाय छे के पोतानी शक्तिमां विश्वास राखतां शिखवुं. वारे घडीए बीजानापर आधार राखवो नहि, आत्मा अनंत शक्तिवाळो छे. ते पोतानी शक्तिना प्रभावथी त्रण भुवनने चलावनाने समर्थ छे. तेवो आत्मा आपणामां रहेलो छे, तो पछी शा सारु बीजानी आशाए बेसी रहेवुं. भर्तृहरीए *वैराग्यशतकमां* कह्युं छे के "अनेक दुर्गमस्थानोथी विकट बनेला प्रदेशमां भम्यो, पण कांई फळ मळयुं नहि. जाति अने कुळनुं उचित अभिमान पडतुं मूकी, सेवा करी, ते पण निष्फळ नीवडी, परघेर व्हीता व्हीता कागडानी पेठे मानविनानुं खाधुं. दुर्गति अने पापकर्मपर आधार राखती हे तृष्णा! हजु तने संतोष वळतो नथी. दुष्ट लोकोनुं आराधन करवा जतां ते लोकोना गर्विष्ट वचन सह्यां, अंतरनुं आंसु अंतरमां दाबी राखी, मन शून्य होवा छतां हस्यो पण खरो, चित्तने रोकी राख्युं, हसवाने पात्र लोकोने प्रणाम

पण कर्या. हे तुं आशा ! हे निष्फळ आशा ! आथी वधारे तुं शुं नचावनारी हती." सर्व कार्य मनुष्यथी पोतानाथी थई शके नहि. आपणा समाजनुं बंधारणज एवा प्रकारनुं छे के दरेक मनुष्ये एक बीजाने सहाय आपवी अने लेवी, ते विना जनमंडळनो व्यवहार नभी शकेज नहि. माटे सहाय मागवी पडे, अथवा प्रार्थना करवी पडे तो योग्य मनुष्यनी करवी. कालिदासे मेघदूतमा कह्युं छे केः—

## याञ्चा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा ।

अधम पुरुषनी प्रार्थना करी होय, अने इच्छित फळ मळे तेना करतां पण सारा मनुष्यनी प्रार्थना करी होय, अने ते निष्फळ जाय, ते वधारे सारुं. आ उपरथी समजवानुं के मागवुं पडे तो योग्य पुरुष पासेज मागवुं.

कोईनी प्रार्थनानो भंग करवो नहि— आ सूत्र जेवुं उत्तम आ जगतमां बीजुं एके नथी, पण ते प्रमाणे वर्तवुं, ए कांई सहेलुं काम नथी. आपणी शक्ति प्रमाणे कोईनुं काम करी छुटवुं एज महान् पुरुषोनुं भूषण छे.

परोपकाराय सतां विभूतयः सारा मनुष्योनी संपत्ति परोपकारमांज वपराय छे. आपणुं एटलुं सामर्थ्य नथी के दरेक मनुष्यनी मागणी स्वीकारीए. माटे ते मनुष्यनी पात्रता तेमज आपणी शक्ति जोई तेनी मागणी कबुल करवी. आ जगतमां एवा घणा मनुष्यो मालुम पडे छे के जेओ पोतानामां जे कार्य करवानुं सामर्थ्य न होय, अथवा अवकाश न होय, ते करवाने माथे ले छे. बीजाने विश्वास आपे छे, अने पछी तेओ ते कार्य नियमित समये करी शकता नथी. आ प्रमाणे विश्वासघात करे छे. तेथी सामा मनुष्यने घणीज दीलगीरी थाय छे, प्रथमथी ना कहेवी ए वधारे उत्तम छे, पण विश्वास आपी, छेवटना समयमां पोतानी ते कार्य करवानी अशक्तता बतावी, तेना जेवुं बीजु मोटुं दूषण नथी वचन आपतां पहेला विचार करो. जो शक्ति न होय तो तेज समये धैर्यताथी ना पाडो. वचन आपी विश्वासघात करवो नहि.

दीन वचन बोलवुं नहि—महान् पुरुषोनुं आ एक उत्तम लक्षण छे, के सूर्यनी पेठे उदय तथा अस्त समये एक सरखी वृत्ति धारण करी शके छे. सूर्य उदय तथा अस्तना समयमां समान रीते लाल देखाय छे. तेज प्रमाणे सत्पुरुषो संपत्ति समये गर्विष्ठ बनता नथी, अने विपत्तिना समये

दीन बनता नथी; पण मननी समाधानता जाळवी शके छे. धन्य छे एवा महा पुरुषोने ! माटे दुःख आवे तो पण सज्जन पुरुषो दीन वचन बोलता नथी. दुःख आवे तो सहे, भुखे मरवुं पडे ते पसंद करे, पण कदापि तेओ पामर पुरुषो सन्मुख दीन वचननो उच्चार करता नथी. कारण के तेओने पोतानी आत्मानी अनंत शक्तिमा दृढ विश्वास छे. भर्तृहरिए चातकनी अन्योक्तिथी सर्व सज्जनोने बोध आप्यो छे. "हे चातक ! तुं सावध मनथी सांभळ, आकाशमां घणां वादळां वसे छे, पण सर्वे एक सरखा नथी. केटलांक वृष्टि करी पृथ्वीने भीजावे छे. त्यारे केटलांक निरर्थक गर्जना करी रह्यां छे. माटे हे पक्षी ! तुं जेने जेने जुए, ते सर्व आगळ दीन वचनथी बोलतो नहि." सर्व मनुष्यने जुए तेना आगळ पोतानी दीनता दाखववी, ए उत्तम पुरुषनुं लक्षण नथी. रथना पैडानी घरी उंचे जाय छे, अने नीचे जायछे. तेज प्रमाणे कर्मना नियमानुसार चढती पडती दरेक मनुष्यनी चाली आवे छे. पण संपत्तिमां मनुष्ये व्हेकी नहि जवुं तेम विपत्तिमां निर्बळ बनी न जवुं, पण मननी समाधानता सर्वत्र जाळववी. आ नियमो जीवन पर्यंत पाळवा. जे मनुष्यो उपर जणावेला नियमोने अनुसरी-पोतानो जीवन व्यवहार चलावें छे, ते सर्वथा सुखमां रही शके छे.

## अप्पा न पसंसिज्जइ, निंदिज्जइ दुज्जणो वि न कयावि ।
## बहु बहुसो न हसिज्जइ, लप्भइ गुरुअत्तणं तेण ॥ ९ ॥

**अर्थः— पोतानी प्रशंसा न करवी, दुर्जननी पण निंदा न करवी. घणी वार बहु हसवुं नहि. आ प्रमाणे वर्तवाथी मनुष्य मोटाईपणुं पामे छे. अर्थात महत्वता मेळवे छे. ॥ ९ ॥**

भावार्थः—आत्म प्रशंसा करवी ए अवगुण छे. सूर्य पोतानी स्तुति करतो नथी. छतां तेना प्रकाशित गुणोने लीधे जगतनी प्रशंसाने पात्र थाय छे. कह्युं छे केः—

## नहि कस्तुरीकामोदः शपथेनाभिधीयते ॥

कस्तुरीनी सुगंधी सोगन खावाथी जणाती नथी. तमे सोगन खाओ के न खाओ पण कस्तुरी तो पोतानी मेळे ज्यां होय त्यां सुवास आपी पोतानी

हयाती लोकोने जणावे छे. तेज रीते जो तमारामां गुण हशे तो लोको ते जाणशे, एटले तमारी प्रशंसा करशे. पोतानी मेळे पोताना वखाण करवानी कंई पण जरुर नथी. परोपकार कर्या छतां पण सज्जनो हंमेशां मौनज धारण करे छे; जेना उपर तेओ उपकार करे छे तेनी तरफथी आभारनी लागणीनी बिलकुल आशा राखता नथी. परोपकार करवो ए तेमनो स्वभाव थई पडयो छे. पोताना जे स्वाभाविक गुणो छे तेनी प्रशंसा सज्जनो पोतानी मेळे शी रीते करे ?

## दुर्जननी पण निंदा करवी नहि.

आ शब्दोपर खास लक्ष राखी विचार करो. तेमां केटलुं उत्तम रहस्य छे तेनो ख्याल लावो. जेने आपणे खराब मनुष्य धारता होईए तेनी कदापि निंदा करवी नहि. कारण के निंदाथी आपणने तेमज तेने कोई पण प्रकारनो लाभ थतो नथी. ते पोतानी निंदा थती जाणी पोताना अवगुण कबुल करशे नहि पण आपणापर उलटो क्रोधे भराशे. तेना बदले तेने खानगीमां सलाह आपवामां आवी होय तो ते पोतानी भुल कबुल करी सुधरवा पोताथी बनतो प्रयत्न करवा दोराशे. मनुष्य दोषने पात्र छे. ज्यां सुधी केवळज्ञान प्राप्त थयु नथी त्यां सुधी मनुष्योमां कोईनें कोइ प्रकारनो दोष तो जणावानोज. तो पछी पारकानी निंदा करवा करतां आपणा अवगुणनी निंदा करी तेने सुधारवाने समय गाळीए तो तेना जेवुं रुडुं कार्य बीजुं एके नथी. निंदाथी सामो सुधरतो नथी पण नठोर बने छे; पण खानगीमां सलाह आपवाथी सुधरे छे. हंमेशां गुणदृष्टि राखवी. दरेक मनुष्यना गुणनी प्रशंसा करवी, अने ते पोतानामां न होय तो लाववा प्रयत्न करवो. गुणग्राही मनुष्योने सर्वत्र कांइने कांई शीखवानुं तथा जाणवानुं मळी आवे छे. जगतमां एवी एक पण वस्तु नथी, एवो एक पण मनुष्य नथी के जे तमने कोई प्रकारनो बोध आपी शके नहि. पारकाना मेलमां कपडां धोवाथी कोइ दिवस सफेत थई शके नहिं. तेज रीते परपुरुषना अवगुण रूप मलीनताना विचारो करवाथी आपणो आत्मा कदापि निर्मळ थई शके नहि. सामा पुरुषनी निंदाना विचारो करतां तेनामां जे अवगुण न होय ते पण आरोपवामां आवे छे. आपणने कांई पण लाभ थतो नथी पण ते मनुष्य आपणो शत्रु थाय छे. तेवा निंदाना विचारोने मनमांथी

काढी नांखवानो सौथी सारो उपाय तेना गुण भणी दृष्टि राखवानो छे. जेम भक्त पुरुषो भक्तिना प्रभावथी भक्तिना पात्रमां कोई अवगुण होय तो पण ते गणता नथी, तेज रीते आपणे पण अवगुण तरफ दृष्टि न राखतां गुणग्राही थवुं. कोईना पण अवर्णवाद बोलवानुं मन थाय के तरत मनने शुद्ध करवुं. कह्युं छे केः—

Mind requires purification, whenever anger is felt, or falsehood is told or the faults of any one needlessly exposed or when anything is done or said for the purpose of flattery or when any one is deceived by the insincerity of speech or an act.

**अर्थः— ज्यारे क्रोध थाय, जुठुं बोलवामां आवे, बीजाना दोष निरर्थक खुल्ला करवामां आवे, खुशामतने सारु कांई पण बोलवामां आवे अथवा करवामां आवे अथवा अप्रमाणिक वचन अथवा कार्यथी कोईने छेतरवामां आवे त्यारे मननी शुद्धिनी जरुरछे. कारण के उपर जणावेला प्रसंगोए मन अपवित्र बने छे, पोतानुं कर्तव्य भुली जाय छे, अने अशुभ अध्यवसायवाळुं थाय छे. माटे निंदानो सर्वथा प्रकारे त्याग करवो एज उत्तम जनोनुं लक्षण छे.**

बहु हसवुं नहि. जे मनुष्यो गंभीर छे ते सहेज वातमां हसता नथी. तेओने दरेक नजीवो बनाव असर करी शकतो नथी, माटे तेओ मननी समाधानता जाळवी शके छे. जे बहु हसे छे तेज बहु रडे छे. बीजा शब्दोमां कहीये तो जे सहेजमां हर्षवंत थाय छे ते सहेजमां रडी पण पडे छे. खरा महान् पुरुषो सहज बाबतोथी पोताने असर थवा देतां नथी. तेवा पुरुषो उपर जणाव्या प्रमाणे महत्वताने पामे छे. तेओ जगतमां पूज्य थाय छे.

**रिउणो न वीससिज्जइ, कया वि वंचिज्जए न वीसत्थो**
**न कयग्घेहिं हविज्जइ, एसो नायस्स नीस्संदो॥ १०॥**

**अर्थः—शत्रुनो विश्वास न करवो; कदापि विश्वासुने छेतरवो नहीं; कदापि कृतघ्न न थवुं; आ न्यायनो मार्ग छे. ॥ १० ॥**

**भावार्थः— शत्रुनो विश्वास न करवोः—आ सूत्र घणुं सामान्य लागे छे.**

कयो एवो मूर्ख होय के ते शत्रुनो विश्वास करे ? छतां आपणे अज्ञानी जीव मूर्ख छीए, अने तेथी करीने जो के बाह्य शत्रुओनो विश्वास करता नथी, तो पण अंतरंग मानसिक शत्रुओनो विश्वास करीअे छीए. कारण के तेओ आपणने शत्रुरूप हजु जणाया नथी. तेओ जुदा जुदा रूपमां आपणने तेमना पासमां फसावे छे, अने आपणे तेमनुं दुष्ट स्वरूप जोइ शकता नथी. जिनेश्वर भगवाने पांच प्रमादो कह्या छे, ते आपणा खरा शत्रु छे. तेओ स्वकर्त्तव्यथी चुकावी आपणने कुमार्गे दोरे छे. ते पांच प्रमाद आ प्रमाणेः—( १ ) मद्यपान, ( २ ) विषय विकार, ( ३ ) कषाय, ( ४ ) निद्रा अने ( ५ ) विकथा.

मद्यपानथी लक्ष्मीनी हानि थाय छे, बुद्धिनी भ्रष्टता थाय छे, अने लोकमां अपकीर्ति थाय छे, अने ते समयमां मनुष्य गमे तेवुं अविचारी कार्य करवा दोराय छे, माटे समजु जनोए मद्यपानथी सर्वथा विमुख रहेवुं, अने आ प्रमाणे प्रथम शत्रु उपर जय मेळववो.

विषयो पांच इंद्रियोने आश्रयी पांच छे, तेमां पण स्पर्शेन्द्रिय अने जीव्हा इन्द्रियना विकारो वधारे प्रबळ होय छे. ते एक मोटो शत्रु छे, तेने वश करवो; ए काम कांइ सरळ नथी; पण उपदेशथी अने अनुभवथी धीमे धीमे मनुष्य विषयीक सुखनी असारता समजतो जाय छे, तेम धीमे धीमे तेना पर निग्रह मेळववा समर्थ थाय छे. ए शत्रु उपर जे विजय मेळवे छे, ते आ जगतमां देव समान छे.

क्रोध, मान, माया अने लोभरूप चार कषाय ते त्रीजो प्रमाद छे. आ पण शत्रुरूप छे. तेनुं वर्णन बीजे प्रसंगे करीशुं. पण भारवि कविना शब्दो याद राखवा जोईए के " मननी अंदर उत्पन्न थता दुर्जय मनोविकारोनी सामे बहादुरताथी लढवुं जोइए. जे तेमनापर जय मेळवे छे, ते त्रण जगतनो जीतनार छे. "

निद्रा अथवा आळस ए चोथो प्रमाद छे.

**आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः**

आळस ए मनुष्यनी अंदर रहेलो मोटो शत्रु छे, अने ते शत्रुने वश करवाने सदा उद्यमवंत थवुं. अने पळे पळे पोताना कार्यपर, पोताना शब्दोपर तेमज हृदयमां उत्पन्न थता विचारो पर लक्ष आपवुं. विकथा ए

पांचमो शत्रु छेः विकथा अनेक प्रकारनी छे. आपणे आपणो अमूल्य समय लोकोनी कुथली करवामां गाळीए छीए अने तेनो सदुपयोग करता नथी. जीवो पारका छिद्र जोवामां आनंद माने छे, पण ते छिद्रथी पण अधिक पोतानां छिद्र ते जोई शकतो नथी, माटे आत्महितार्थी जीवे जेम बने तेम आ शत्रु उपर जय मेळववाने सत्संग करवो, सारां पुस्तको वांचवां, अने परनी निंदाने बदले तेना गुणग्राही थवुं. कदापि विश्वासुने छेतरवो नहि. कोई पण मनुष्यने छेतरवो ते मोटुं पाप छे, पण विश्वासघात तो तेथी पण वधारे अधम छे. हालनो समय एवो छे के आपणने कोई मळे अने पुछीए के " भाई केम उदासी " तेना जवाबमां कहे के " नथी मळ्यो कोई विश्वासी " आ शब्दो सुचवे छे के घणा मनुष्यो तेमना पर विश्वास राखनारने छेतरे छे, पण ज्यारे सामा मनुष्यने तेमनी कपटजाळ मालुम पडे छे, त्यारे केवळ तेमना पर विश्वास राखतो नथी एटलुंज नहि, पण समग्र मनुष्य जातिपर विश्वास करतो अटके छे. आ प्रमाणे विश्वासघातथी मनुष्यपरनो विश्वास उठी जाय छे.

कदापि कृतघ्न न थवुं. कोईए करेलो सहज पण गुण कदापि विसारवो नहि; लुण हराम करनारा सर्वत्र निन्दाने पात्र थाय छे. माटे सर्वथा उपकार करनारनो बदलो वाळवो, एज परम उपदेश सामान्य शब्दोमां वर्णवेलो छे.

**रज्जिज्जइ सुगुणेसु, बज्झइ राओ न नेहवज्जेसु ॥**
**किंखइ पत्तपरिखा, दक्खाण इमो अ कसवट्टो॥ ११ ॥**

**अर्थः-- गुणवाळाने देखी राजी थवुं, स्नेह रहित पुरुषो तरफ राग न करवो, पात्रनी परीक्षा करवी; आ डाह्या पुरुषनी कसोटीनो पत्थर छे. ॥ ११ ॥**

भावार्थः—**गुणवालाने देखी राजी थवुं**—गुणी पुरूषोने जोवाथी राजी कोण थाय ? जेना मनमां गुण प्रति प्रेमभाव होय, अने जे गुण मेळववा इच्छा राखतो होय, तेवो पुरूषज गुणीने देखी राजी थाय. गुण उपर प्रेम थवाथी तेवा गुणो आपणामां छे के नहि तेवा विचार स्वभाविक रीते हृदयमां बेठा थाय छे, अने ते विचारानुसार पोताना गुणदोषनी पोताने खबर

पडे छे. अने पोतानी अज्ञानता अथवा दोषनुं जाणपणुं ते दूर करवाने प्रबळ उत्साह रूप छे. घणा मनुष्यो पोताना दोष जाणी शकता नथी, अने ज्यारे ते जणाय नहि, त्यारे तेमनो त्याग पण शी रीते थई शके ? माटे पोताना गुणदोष जाणवा, ए दरेक आत्महितार्थी पुरूषनुं प्रथम अने आवश्यक कर्तव्य छे. मनुष्य पोते कइ स्थितीमां छे, अथवा उन्नतिक्रमना कया पगथीयापर उभो छे, ते ज्यारे जाणे छे, त्यारे आगळ पगलुं कयुं लेवुं, ते सवाल बरोबर समजे छे, अने बीजा पामर मनुष्योनी माफक अंधारामां फांफां मारवाने बदले सिद्धे मार्गे योग्य साधनो द्वारा जइ शके छे. आ उपरथी सहज जणायुं हशे के आत्मनिरीक्षण घणुं जरूरनुं छे, अने तेने सारू गुणीजनपर राग राखी तेमना गुणो मेळववा अहर्निश धीमे धीमे मथ्या करवुं. जे स्थिति महात्माओ, तीर्थंकरो मेळवी गया छे, ते स्थिति आपणे पण प्राप्त करी शकीए, कारण के आपणो आत्मा पण शक्तिमां तेमना सरखोज छे, माटे आत्मानी अनंत शक्तिमां दृढ विश्वास राखी, आ विकट पण अत्यावश्यक कार्यमां मंड्या रहेवुं, एज नम्र सूचना छे.

स्नेह रहित पुरुषो प्रति राग न करवोः—आ तो एक सामान्य नियम छे के सरखा विचार अने वृत्तिवाळा पुरूषो एक बीजा तरफ आकर्षाय छे. प्रेम प्रेमने आकर्षे छे परंतु ज्यां प्रेमनो अभाव होय त्यां प्रेम शी रीते टकी शके ! माटे जे मनुष्यो स्नेह रहित होय, जेओ केवळ बाह्यथी मित्रता देखाडी, अंदर खानेथी अहित इच्छता होय, तेवा साथे राग न करवो; कारण के तेवा रागथी कोइ दिवस अनर्थ निपजे छे. उपर जणावेली बाबत सामान्य रीते जगतना व्यवहार आश्रयी लखायेली छे. वस्तुस्थिति विचारतां तेना करतां जुदी बाबत जणाय छे, जे खरेखरा महान् पुरूषो छे, ते सामा मनुष्यना प्रेमनी दरकार करताज नथी अन्यनुं भलुं करवुं, तेने सारे मार्गे चढाववो, अने तेना हितमांज पोतानुं हित छे एम मानवुं, ते संतजनोनो स्वाभाविक धर्म छे. पोताना उच्च गुणथी अने पोताना आत्मिक प्रेमथी लुखा हृदयना मनुष्यमां पण तेवो प्रेम उत्पन्न करावानै समर्थ थाय छे. जगतमां एवा प्रेमी पुरुषो विरला छे, पण तेओज खरेखर पूज्य छे. निःस्वार्थ प्रेम ! तेनां करतां बीजुं शुं अद्‌भुत होइ शके ? माटे महान् पुरुषोना पगले पगले चाली प्रेम दया

वृत्ति एटले सुधी खीलववी के छेवटे कही शकाय के आखी दुनियामां एवो एक पण नानो जीव नथी के जे तेना विशाळ प्रेमनो पात्र न होय.

**पात्र नी परीक्षा करवी**— कोईने कोई पण कार्यने वास्ते योग्य अधिकारी, अथवा पात्र गणीए ते पहेलां तेनी परीक्षा करवी, ए सामान्य नीतिनो नियम छे. परीक्षा करी जगतमां जो मनुष्यो कार्य करतां होयतो केटला बधा अनर्थ अटकावी शकाय, केटला कजीया कंकासने दूरथीज देशवटो दई शकाय. जेम सोनानी कष, छेद, ताप वगेरेथी परीक्षा थाय छे, तेम मनुष्यनी पण प्रसंग आवे काम सोंपवाथी परीक्षा थाय छे, आपत्ति ए मित्रतानी परीक्षानी कसोटीनो पत्थर छे. जेम उषर ( खाराश वाळी ) जमीनमां रोपेलुं बीज उगतुं नथी, तेम अपात्रे आपेली विद्या, अधिकार पण फळदायी निवडता नथी. प्रसंगोपात् मुनिमहाराजोने नम्र विनंति छे के तेओए पण दीक्षा आपतां पहेलां ते लेवा आवनार शिष्योनी पात्रापात्रतानो विचार करवो ए कार्य शासनने उद्योत करनारुं तेमज ते दीक्षा लेनारने पण लाभकारी थशे. हालमां जोईए छे तो घणे भागे आ सूत्रनो अनादर करी वर्तवामां आवे छे. पण जेम कसोटीथी सोनानी शुद्धता अशुद्धतानी परीक्षा थाय छे, तेम काळरुपी कसोटीनो पत्थर दरेक मनुष्यनी परीक्षा करे छे. पण पाछळथी पस्तावुं न पडे ते माटे दरेक सुज्ञ पुरुषे कोई मनुष्य साथे काम पाडतां पात्र अपात्रनो विचार करवो. कुपात्रमां आपेली विद्या वगेरे अनर्थकारी थाय छे. पयःपानं भुजगानां, केवल विषवर्धनम्. दूध जे सर्वत्र हितकारी छे, जे बाळकोने मातानी गरज सारे छे, जे सात्विक खोराकमांनी एक वस्तु छे, ते दूध सर्पनां मुखमां जतां झेर रुपे परिणमे छे. तेमां वांक दूधनो के सर्पनो ? दूधनो वांक गणाय नहि, कारण के उपर जणाव्या प्रमाणे ते सर्वदा हित करे छे, माटे सर्प रुप कुपात्रो सर्वथा निन्दाने पात्र थाय छे.

**नाकज्जमायरिज्जइ, अप्पा पाहिज्ज न वयाणिज्जे ।**
**नय साहसं चइज्जइ, उप्भिज्जइ तेण जगहत्थो १२**

**अर्थः**— अकार्यने न आचरवुं-करवुं, आत्माने निंद्य कार्यमां न नांखवो, साहसनो ( पुरुषार्थनो ) त्याग न करवो. आ रीते जगतमां हाथ उभो-उचो राखवो. ॥ १२ ॥

भावार्थः—अकार्यने आचरवुं नहि—दरेक धर्मशास्त्र जणावे छे के खराब काम न करवुं, पण तेनुं मूळ शुं छे ते जाणवुं जरूरनुं छे. कार्यनो नाश करवाथी कारणनो नाश थतो नथी माटे कारण–मूळने जाणी तेनो विनाश करवो के जेथी सर्वथा कार्यनो नाश थाय. खराब काम करवाने मनुष्य दोराय ते पहेलां तेवा विचारो तेना मनमां जन्म पामे छे.

भगवद् गीतामां कहेलुं छे के ध्यायतो विषयान्पुसः संगस्तेषूपजायते। विषयोनुं ध्यान करनारा मनुष्यमां विषय प्रति आसक्ति थाय छे, अने जे वस्तु प्रति आसक्ति थाय ते मेळववाने लोभाय ए स्वाभाविक छे. वारंवार खराब वस्तुओनो विचार करवाथी खराब आचरण थाय छे. माटे प्रथमथीज दुष्ट विचारोने मनमां प्रवेश करवा देवो नहि. कहेवुं सहेलुं पण ते प्रमाणे वर्तवुं दुस्कर छे, ए वात लेखकना अनुभवनी व्हार नथी, तो पण आवा उपदेशनी वारंवार जरुर छे. आ काम करवानो सौथी सुगम मार्ग शांत चित्तथी मनमां सारा विचारो भरवानो छे. सारुं अने नरसुं एक ठेकाणे वासो करी शके नहि. सारा विचारो ज्यां थया होय त्यां खराब विचारो स्थान पामी शके नहि;' अने आ प्रमाणे सुविचारी पुरुष सुकृत्योने जन्म आपे छे. माटे प्रथम विचारपर लक्ष आपो. विचार ए नकामी चीज नथी, पण तेज खरेखर मनुष्यना कार्यनो नियंता छे.

## आत्माने निंद्य कार्यमां न नाखवो.

आत्मानो स्वभाव शुद्ध छे. तेनो स्वभाव तेने ज्ञानदर्शन अने चारित्रमां परोवे छे, पण मन मांकडु तेने आडे अवळे मार्गे दोरे छे. माटे आ लोकमां निंदा थाय तेवां कार्य कदापि करवां नहि; अने ते माटे दरेक कार्य करता पहेलां मन साथे आ प्रमाणे विचार करवो. शुं मारुं काम लोकमां प्रशंसा पात्र थशे? शुं हुं मारा अंतरना अभिप्राय प्रमाणे वर्तुं छुं? शुं मारा विचार, वचन अने कार्य परस्पर अविरोधी छे? शुं मारा कार्यथी मारा आत्मानी उन्नति थशे? आ बधा प्रश्नोनो उत्तर हा रुपे आवे तोज ते कार्य करवुं जो आपणुं हृदय ना कबुल करतुं होय तो बाह्य कीर्तिनी लालचे निन्दनीय कार्य कदापी न आचरवुं.

## साहसिकपणुं ( पुरुषार्थ ) कदापि न तजवुं

कायर, बीकण, अने निर्बळ पुरुषो कांई पण कार्य करी शकता नथी.

जगत भणी दृष्टि करतां जणाय छे के जे जें मोटां कार्यो आ विश्वमां थया छे, तेना करनारा पुरुषो शूरवीर अने साहसिक हता, साहसनो गुण आत्मशक्तिमां विश्वास राखनार पुरुषोमां आवेछे. अने जे मनुष्योने पोतानी शक्तिमां विश्वास नथी, तेओ पोतानुं कार्य पण करी शकता नथी, तो पछी बीजानुं कार्य करवानी आशा तेवा पुरुषो पासेथी राखवी, ए हवामां किल्ला बांधवा समान छे. आ उपरथी आ लेखकनुं एम कहेवुं नथी के पोतानी शक्तिनो विचार कर्या शिवाय गमे तेवा भारी कार्यमां 'या होम करी' झंपलाववुं, पण एटलुं तो निश्चित छे के ज्यां सुधी धैर्य राखी एकाद पगलुं पण आगळ न भरीए त्यां सुधी आपणी स्थितिनुं अने शक्तिनुं खरुं भान आपणने आवी शके नहीं आपणा पूर्वे जे महान पुरुषो थई गया तेमणे असह्य संकटो वेठी पोतानी उन्नति साधी छे, ते वात आपणने प्रोत्साहन आपे छे, अने आपणने धैर्यथी आगळ वधवाने प्रेरे छे. उपर जणाव्या प्रमाणे वर्तवाथी मनुष्य जगतमां पोतानो हाथ उचो राखी शके छे, ए निःसंदेह छे.

**वसणे वि न मुज्झिज्जइ, मुच्चइ णायो न नाम मरणेपि।**
**विहवक्खएवि दिज्जइ, वयमसिधारं खुधीराणं १३**

**अर्थः—दुःख आवे मुझावु नहि, मरण आवे तोपण सन्मार्गनो त्याग न करवो; धननो क्षय थयो होय तोपण यथोचित दान देवुं; धीर पुरुषोनुं आ तरवारनी धारपार चालवा जेवुं विषम व्रत छे.॥१३॥**

**भावार्थः—दुःख आवे मुंझावुं नहि**—जगतमां सुख दुःख चाल्यां करे छे. कालिदास कविना मत प्रमाणे कोईने एकान्त सुख अथवा दुःख मळेज नहि, कारणके जगतनुं मायावी सुख ते अंते दुःखमय छे. कह्युं छे केः—

जे सुखमां फिर दुःख वसे, सो सुख नहि दुःख रुप; ।
जे उत्तंग फिर गीर पडे, सो उत्तंग नहि भव कूप. ॥

मनुष्यनी स्थिति बदलायां करे छे, पण जेम सूर्य उदयकाळे तेमज अस्तकाळे सरखो रातो रहे छे, तेम जे मनुष्य चडती तेमज पडतीमां एक सरखी धीरज जाळवी शके छे, तेज सज्जनना पदने लायक छे. मनुष्यनी दशा

फर्या करे छेज, ते उपर एक नानी बोधदायक वार्ता अत्रे अप्रासंगिक नहि गणाय.

काशी नगरमां एक समये त्यांनो राजा मरण पाम्यो. तेना पुत्र भद्रसिंहने सारू राज्याभिषेकनी सर्व तैयारीओ करवामां आवी. राज्याभिषेकनी सर्व क्रिया पूर्ण थया पछी ते युवराजना गळामां एक रत्न जडित सोनानुं मादलीयुं नांखवामां आव्युं. ते मादलीयुं वंशपरंपराथी चाली आवेलुं हतुं. ते राजाना गळामां शा उद्देशथी नाखवामा आवतुं हतुं, ते कोई जाणतुं पण नहोतुं, तो पण दरेक राजा ज्यारे गादीए बेसे त्यारे तेना गळामां नांखवामां आवतुं हतुं, अने मरण पर्यन्त तेने पोतानी कोटमांथी न काढवुं एवो चाली आवेलो नियम हतो. ते प्रमाणे राजाए पण तेने गळामां नांख्युं. आ वातने घणां वर्ष वीती गया पछी माळवानो पराक्रमी राजा वीरसिंह भारे सैन्य साथे काशीपर चढी आव्यो, अने काशीना राजाने लढाइमां हराव्यो. भद्रसिंह पोताना शूरा सामंतोने नाश पामेला जोई जीतवानो एके उपाय नहि रहेवाथी प्राण बचाववाने थोडा पोताना चुस्त योद्धाओ साथे नाशी गयो. त्यां बेठो बेठो पोतानी थयेली स्थितिनो विचार करवा लाग्यो. त्यां तेनी नजर एकाएक मादळीयापर पडी. आ शा हेतुथी तेना गळामां नाखवामां आव्युं हशे, ते पर तर्क दोडाव्यो. पण कांई पण कारण समजायुं नहि. छेवटे तेणे ते रत्न जडीत मादळीयुं भंगावराव्युं, तो तेमांथी एक जीर्ण थई गयेलो पत्र मल्यो, ते पत्र उपर नीचेना शब्दो हता.

"आ पण जतुं रहेशे"—शुं जतुं रहेशे, तेनापर पुष्कळ विचार कर्यो छेवटे आ प्रमाणे तेनो अर्थ कर्यो. "आ मारी हार पण जती रहेशे, अने हुं विजयी थईश" आ विचारथी तेनामां शौर्य आव्युं. शूरवीर मनुष्य शुं नथी करी शकतो ? पछी धीमे धीमे लश्कर एकठुं करवा मांडयुं अने हींमत राखी एकठां करेला लश्कर सहित काशी पर चढाई करी, अने गादी पचावी पाडनार माळवाना राजा वीरसिंहने हरावी त्यांथी काढी मुक्यो. आ समये तेने अत्यंत हर्ष थयो; तेना हर्षनी अवधी नहोती पण तत्क्षण तेनी नजर ते मादळीयापर पडी. तरत ते शांत थई गयो. "आ पण जतुं रहेशे" ए शब्दोए तेना मनपर असर करी. आ विजय पण जतो रहेशे. माटे संपत्ति समये फुलाई जई आत्म संयम खोवो नहि,

आ उपरथी सार ए नीकळे छे के दरेक स्थिति बदलाय छे. सुख पछी दुःख, अने दुःख पछी सुख. माटे सुख आवे बहु राचवुं नहि, तेम दुःख आवे ग्लान थई पुरुषार्थ छोडवो नहि ' आ पण जतुं रहेशे ' ए शब्दो हृदयमां कोतरी मननुं समाधान जाळववुं.

**मरण आवे तो पण सन्मार्गनो त्याग न करवो.**— जे सज्जनो छे, ते गमे तेटलुं दुःख आवी पडे तो पण न्याय मार्गथी विरुद्ध वर्तता नथी. संस्कृत कवि कहे छे के नीतिनिपुण मनुष्यो निन्दा करे या स्तुति करे, लक्ष्मी आवे या जाय, मरण आज के एक युग पछी थाय तो पण सज्जनो सन्मार्ग मुकता नथी. कारणके जन्म धरनारने वास्ते मरण तो निश्चत छे. एक वार मरणने शरण थवु, ए सर्व जन्म धरनारने वास्ते निर्मित छे; अने मनुष्यना आत्मानी साथे पाप पुण्य शिवाय अन्य कोई पदार्थ जनार नथी. तो पछी पुण्य रुपी भाथुं उपार्जन करवाने शा सारु न्याय मार्गे न वर्तवुं. कारण के अपकार्यथी जे आत्माने कलंक लागे छे, ते घणा भव सुधी साथे रहे छे, अने उन्नतिमां विघ्नरुप थाय छे. ते हेतुथी सन्मार्गे वर्ती सर्व प्रकारना दुष्टाचरणथी विमुख रहेवुं, ए सर्व कोई आत्मार्थी जीवोनी उत्तम फरज छे.

**वैभवनो क्षय थयो होय तोपण यथोचित दान करवुं.**—वैभव धन संपत्ति एक सरखी चाली आवती नथी. माटे कदापि पुर्वभवना अशुभ कर्मना कारणथी आपणी धन संबंधि स्थिति सारी न होय तोपण तेवी स्थितिमां पण यथोचित—यथायोग्य दान करवा न चुकवुं. घरनां छोकरा घंटी चाटे अने उपाध्याय ने आटो ! ए कहेवतना दोषने पात्र आपणे न थईए ते सारू सावध रहेवुं. पण आपणां करतां वधारे हलकी स्थितिनो कोई मनुष्य आपणी पासे प्रार्थना करतो आव्यो होय तो तेने निराश करी पाछो काढी नहि मुकतां आपणी स्थिति अने तनी जरुर ए बन्नेनो विचार करी दान आपवुं.

आ प्रमाणे जेओ तरवारनी धारपर चालवा जेवुं विषमव्रत पाळे छे, तेओ खरेखर सज्जनना परमपदने योग्य छे, अने तेओ पोताना उच्च गुणथी सर्वत्र पूजाय छे.

**अइनेहो न वहिज्जइ, रूसिज्जइ न य पिये वि पइदियहं**
**वड्ढारिज्जइ न कली, जलंजली दिज्जइ दुहाणं १४**

अर्थः— अति राग न धरवो, प्रिय मनुष्यपर पण निरंतर रोष न करवो, कलेश-कजिओ न वधारवोः-आ रीते दुःखोने जलांजली देवी. ॥ १४ ॥

भावार्थः—अति राग न धरवो—आ जगतमां उत्पन्न थता सर्व प्रकारना दुःखनुं कारण राग शिवाय अन्य कांई विचारवंत पुरुषनी दृष्टिए जणातुं नथी. मनुष्यने कर्मनो बंध करावनार रागज छे, एम जे शास्त्रो प्रतिपादन करे छे ते सर्वथा सत्य छे. जेने आपणे मारुं मानीये छीए तेना विनाशनी अथवा तेना अभावथी आपणने दुःख थाय छे. कोई मनुष्यनुं घर बळतुं देखी आपणा मनमां जरा पण दुःख के चिन्ता उत्पन्न थती नथी. पण जे घरमां मारापणानो आरोप करेलो छे, तेनी एक इंट खरतां पण जाणे आत्मानुं कांई ओछुं थई जतुं होय तेम मनुष्योनुं चित्त चिन्ताग्रस्त थाय छे. बाह्य वस्तुओपर जे आटलो राग राखे ते मनुष्यने स्वजन अथवा पोताना देह उपर केटली ममता हावानो संभव छे ते लखवा करतां वांचनारनी विचार कल्पनाने सोंपवुं ए आ प्रसंगे वधारे उचित छे. जे वस्तु उपर आपणने अति राग होय ते नाश पामवाथी विशेष दुःख थाय छे ए तो जगतना अनुभवनी बहारनी वात नथी. जे पुत्र उपर हद करतां ज्यादा राग-आसक्ति जे मनुष्य राखतो होय ते मनुष्यने ते पुत्रनुं माथुं दुखवा आवतां पण बहुज दुःख थाय छे, अने दैववशात् ते पुत्र मृत्युने शरण थयो तो तेना दुःखनी अवधी वळी. माटे जगतना सर्व पदार्थोनी, तेमज जीवोना शरीर रुप उपाधिनी अनित्यता अनुभवी ते पर अत्यंत राग धरवो नहि एज आ उपदेशनुं रहस्य छे. ( राग अने प्रेमनुं स्वरुप शुं छे ते बीजे प्रसंगे विचारीशुं.)

दरेक बाबतनी हद्द होय छे. सुखनी मर्यादा होय छे, तेम दुःखनी पण होय छे. शत्रु उपर रोष करवाथी ते आपणा उपर वधारे क्रोध करे ए स्वाभाविक छे. कारण के शत्रु उपर द्वेष धरवो ते बळतामां घी होमवा बरोबर छे. तेथी बळतुं शान्त थवाने बदले वृद्धि पामे छे, तेथी शत्रु उपर रोष न धरवो. पण आ उपदेशरत्नमाला तो एटलें सुधी जणावे छे के

**न कुसंगेण वासिज्जइ, बालस्स वि घिप्पए हिअं वयणं**
**अनायाओ निवटिज्जइ, न होइ वयाणिज्जया एवं ॥**

**अर्थः—कुसंगी साथे न वसवुं, बाळक पासेथी पण हितवचन ग्रहण करवुं, अन्यायथी पाछा हठवुं, एम करवाथी निन्दा न थाय. ॥१५॥**

भावार्थः—**कुसंगी साथे न वसवुं**—संगनो रंग लाग्या वगर रहेतो नथी. सत्संगनी असर थतां जेटलीवार लागे छे, तेना करता पण घणा थोडा समयमां कुसंगनो पास बेसी जाय छे. मनुष्यनुं मन बाळपणमां, तेमज ज्यां सुधी स्थिर थयुं नथी त्यां सूधी जुवानीमां पण जे मनुष्यना संबंधमां आवे छे, जे पुस्तको वांचे छे, तथा जे जे प्रसंगमां आवे छे, ते सर्वथी एक अथवा बीजी रीते रंगित थाय छे. ए निर्विवादीत सत्य छे, अने हालना मानसिक शास्त्रवेत्ताओ बेधडक रीते ते पूरवार करी आपे छे. एकवार पण वांचेला पुस्तकनी असर जन्मभर रहे छे; एकवार पण संबंधमां आवेलो मनुष्य सारा अथवा नरसाने माटे आपणां बंधातां चारित्रपर कांईने कांई असर करतो जाय छे; तो पछी कुसंगीना सहवासमां रहेवाथी ते केटली बधी माठी असर करी शके ते माराथी कल्पी शकातुं नथी. निर्दोष जीवन गाळनारा सेंकडो मनुष्यो, कुसंगीना संबंधमां आवी, तेमनां कुव्यसनोना भोगी बनी, आपत्तिमां आवी पडता शुं आपणी नजर आगळ नथी जणाता? शुं आपणने आ बाबत प्राचीन इतिहास समर्थ पुरावो नथी आपतो? जो एमज छे तो पछी बहारथी मीठुं बोली पोताना कृत्योना पाशमां निरपराधी मृगलाओने फसाववा मथता कुसंगी—अधम मनुष्योथी निरंतर दूर वसवुं ए शुं आपणी उत्तम फरज नथी? जो होय तो ते अदा करावा आ लेख प्रबोधे छे.

**वाळक पासेथी पण हित वचन ग्रहण करवुं;** आ सामान्य पण अत्यंत हितकारी वचन एटलुं आवश्यक छे के दरेक भाषामां तेना तेज शब्दोमां नहीं तो तेवा अर्थवाळा शब्दोमां ते वर्णवेलुं जणाई आवे छे. संस्कृतमां कह्युं छे के **मेध्यादपि कांचनं ग्राह्यं** नरकमांथी पण सुवर्ण ग्रहवुं. तेज श्लोकमां जणावेलुं छे के बाळक पासेथी पण पथ्य अने हितकारी वचन लेतां जरा पण आंचको खावो नहीं. जे सत्य छे, ते निरंतर सत्यज छे. पछी तेनो बोलनार वृद्ध होय के जुवान, पुरुष होय के स्त्री, उच्च जातिनो होय

**न कुसंगेण वासिज्जइ, बालस्स वि घिप्पए हिअं वयणं**
**अनायाओ निवटिज्जइ, न होइ वयाणिज्जया एवं ॥**

**अर्थः-- कुसंगी साथे न वसवुं, बाळक पासेथी पण हितवचन ग्रहण करवुं, अन्यायथी पाछा हठवुं, एम करवाथी निन्दा न थाय. ॥१५॥**

भावार्थः—**कुसंगी साथे न वसवुं**—संगनो रंग लाग्या वगर रहेतो नथी. सत्संगनी असर थतां जेटलीवार लागे छे, तेना करता पण घणा थोडा समयमां कुसंगनो पास बेसी जाय छे. मनुष्यनुं मन बाळपणमां, तेमज ज्यां सुधी स्थिर थयुं नथी त्यां सूधी जुवानीमां पण जे मनुष्यना संबंधमां आवे छे, जे पुस्तको वांचे छे, तथा जे जे प्रसंगमां आवे छे, ते सर्वथी एक अथवा बीजी रीते रंगित थाय छे. ए निर्विवादीत सत्य छे, अने हालना मानसिक शास्त्र-वेत्ताओ बेधडक रीते ते पूरवार करी आपे छे. एकवार पण वांचेला पुस्तकनी असर जन्मभर रहे छे; एकवार पण संबंधमां आवेलो मनुष्य सारा अथवा नरसाने माटे आपणां बंधातां चारित्रपर कांईने कांई असर करतो जाय छे; तो पछी कुसंगीना सहवासमां रहेवाथी ते केटली बधी माठी असर करी शके ते माराथी कल्पी शकातुं नथी. निर्दोष जीवन गाळनारा सेंकडो मनुष्यो, कुसं-गीना संबंधमां आवी, तेमनां कुव्यसनोना भोगी बनी, आपत्तिमां आवी पडता शुं आपणी नजर आगळ नथी जणाता ? शुं आपणने आ बाबत प्राचीन इतिहास समर्थ पुरावो नथी आपतो ? जो एमज छे तो पछी बहा-रथी मीठुं बोली पोताना कृत्योना पाशमां निरपराधी मृगलाओने फसाववा मथता कुसंगी—अधम मनुष्योथी निरंतर दूर वसवुं ए शुं आपणी उत्तम फरज नथी ? जो होय तो ते अदा करावा आ लेख प्रबोधे छे.

**बाळक पासेथी पण हित वचन ग्रहण करवुं;** आ सामान्य पण अत्यंत हितकारी वचन एटलुं आवश्यक छे के दरेक भाषामां तेना तेज शब्दोमां नहीं तो तेवा अर्थवाळा शब्दोमां ते वर्णवेलुं जणाई आवे छे. संस्कृतमां कह्युं छे के **मेध्यादपि कांचनं ग्राह्यं** नरकमांथी पण सुवर्ण ग्रहवुं. तेज श्लो-कमां जणावेलुं छे के बाळक पासेथी पण पथ्य अने हितकारी वचन लेतां जरा पण आंचको खावो नहीं. जे सत्य छे, ते निरंतर सत्यज छे. पछी तेनो बोलनार वृद्ध होय के जुवान, पुरुष होय के स्त्री, उच्च जातिनो होय

के नीच जातिनो—तेनो विचार करवानी आवश्यकता नथी. आ वचन मान्य राखीनेज श्रेणिक राजा चंडाल पासेथी अवनामनी अने उन्नामनी बे विद्याओ शिख्यो हतो अने दत्तात्रये बत्रीस गुरु कर्या हता. कई प्रणालिका द्वारा आपणने सत्य प्राप्त थाय छे ते प्रणालिकानो विचार नहि करतां सत्य तरफ दृष्टि राखवी एज उपदेश आ वाक्यमां रहेलो छे. जो आपणने शुद्ध अने निर्मळ जळ प्राप्त थतुं होय तो पछी कई खडकोमां वही आपणी समीप आव्युं छे ते खडकोपर लक्ष आपवानुं नथी. जे खरेखरा सत्यना उपासको छे ते तो निरंतर शिष्यवृत्ति राखी, ज्यांथी सत्य जणाय त्यांथी स्वीकारे छे. वस्तु एक छतां भिन्न भिन्न चष्माद्वारा जोतां जुदीजुदी जणाय छे. तेज प्रमाणे एक अखंडित परमसत्य भिन्न भिन्न दृष्टिए तपासतां विचित्र भासे छे. माटे ते ते दृष्टिअपेक्षा ध्यानमां राखी ग्रहण करवुं.

अन्यायथी पाछा हठवुं. कयो विवेकी पुरुष अन्यायमां प्रवर्तवानो उपदेश आपे ? कोई नहि. पण जगतनी स्थिति तपासतां सखेद कहेवुं पडे छे के नीति पंथे विचरनारा करतां अन्याय मार्गे प्रवर्तन करनारा प्रमाणमां वधारे छे.

अन्याय मार्गे प्रवर्तवाथी सामा मनुष्यने जे हानि नुकशान थाय छे ते करतां प्रवर्तनारने वधारे महत्त्वनो कलाभ थाय छे ते पर सुज्ञोए लक्ष आपवानी जरूर छे. अन्यायथी आपणे बीजाने छेतरीए, तेथी तेने जे नुकशान थाय ते स्थूळ जगतना मायिक धननुं छे; पण ते कार्यथी आपणामांथी न्यायनुं तत्व सत्य अने असत्य वच्चे भेदभाव करवानी शक्ति धीमे धीमे बुठ्ठी थती जाय छे. उच्च भूमिकाओपर जे मनुष्यो कार्य करे छे तेमने अनेक प्रकारनी मायावी शक्तिओ छेतरवा प्रयत्न करे छे. त्यां तेमनो खरो रक्षक तेमनी सत्यवृति छे. ते सत्यवृत्ति तो अन्याय मार्गे प्रवर्तनारमांथी धीमे धीमे अदृश्य थती जाय छे; माटे तेने जे गेरलाभ ते घणो मोटो छे. वळी आत्मानो स्वभाव शुद्ध चारित्र छे. ते शुद्ध चारित्र अन्याययुक्त वर्तनथी मलीन थाय छे; अने आत्मा शुद्ध रीते प्रकाशी शकतो नथी. तेनापर अन्यायनुं पडळ आवी जाय छे. माटे ते पडल दूर करवाने अने आत्मानुं शुद्ध स्वरूप खीलववाने—जे दरेक आत्मानो परम उद्देश होवो जोईए—अन्याययुक्त वर्तनथी विमुख रही नानी तेमज मोटी दरेक बाबतमां शुद्ध निष्ठाथी अने सत्य विचारथी विचरवुं एज आ श्लोकना वाक्यनो सार छे.

आ त्रण नियमो जे पाळे छे तेनी कोइ निन्दा करतुं नथीः उलटो ते सर्वनी प्रशंसाने पात्र थाय छे, याने तेना आचरण बीजाने अनुकरण करवा लायक थाय छे. माटे सुज्ञोए आ उपर मनन करवुं अने यथाशक्ति यथामति ते प्रमाणे वर्तवुं एज लखनारनो शुभ हेतु छे.

**विहवे वि न मच्चिजइ, न विसीइज्जइ असंपयाए वि वट्टिजइ समभावे, न होई रणरणइ संतावो ॥१६॥**

**अर्थः-- वैभवने विषे माचीए--गर्व करीए नहि, तेम संपत्ति रहित दशामां विषाद्-खेद् न करीए, अने समभावमां रहीए तो गमता अणगमतानो संताप थाय नहि. ॥ १६ ॥**

भावार्थः—**वैभवने विषे गर्व करीए नहि**—मनुष्योने पूर्व कर्मानुसार संपत्ति मळे छे, अथवा निर्धनता प्राप्त थाय छे. आ श्लोकमां आपणने सलाह आपवामां आवी छे के वैभव वखते मनुष्ये हर्षघेला बनी गर्व न करवो, तेमज विपत्ति वखते दीन थइ शोकातुर बनी न जवुं के निराश न थवुं, पण आ बन्ने स्थितिमां मनुष्यें समतोलवृत्ति राखवी. जेम जबरजस्त व्हाण आ तरफथी कल्लोलो वागे तेमज पेली तरफथी कल्लोलो वागे छतां दरियामां पोतानो मार्ग करी साध्य बिन्दुए पहोंचे छे, तेवीज रीते आपणा जीवनने वैभवना तथा गरीबाईना कल्लोलो वागे, तो पण अडग रही पोतानो मार्ग कापवो. जेम कोइ पात्र बनाववुं होय तो कुंभार माटीनो पिंड लई ऐक हाथमां राखे छे, अने बीजा हाथ वती तेने ठोकी ठोकीने योग्य रुप आपे छे. आ रीते आपणे जोईए छीए के, तेने पात्र बनाववाने बन्ने हाथनी जरूर पडे छे. एक हाथमां माटीनो पिंड लांबो समय पडी रहे तो पण तेनो आकार घडाय नहि. तेमज जो कोई पण आधार विनां तेने ठोक ठोक करवामा आवे तो तेना चूरेचूरा थई जाय. तेवीज रीते अनुकूळ स्थितिमां मनुष्य बहु आगळ वधी शकतो नथी, अने केवळ प्रतिकूळ दशामां ते बहुज दबाई जाय छे. त्यारे करवुं शुं? मनुष्ये आ बन्ने स्थितिमां पोताना मन उपरनो काबु खोवो नहि. प्रिय वस्तुनो समागम थतां बहु फुलाई जवुं नहि, कारण के आपणने जेटली अमुक वस्तुनी प्राप्ति थतां रति-प्रीति थाय छे, तेटलोज ते वस्तुनो विनाश थये दुःख थाय

छे. तेज रीते अप्रिय वस्तुनो संबंध थतां निराश न थई जवुं, कारणके निराशा एटले जीवतुं नरक,

आपणने प्रतिकूळ प्रसंगोनुं–निर्धनतानुं तो दुःख होय, तेमां निराशाथी विशेष दुःख थाय छे. माटे तेवे समये तो विशेष धैर्य धारण करवुं. आत्मानी अनंतकाळनी जींदगीमां आ जींदगी एक दिवस समान छे, एम मानी मननुं समतोलपणु साचववुं.

**वान्निजइ भिच्चगुणो, न परुखं न य सुअस्स पच्चख्खं ॥ महिला उ नोभयावि हु, न नस्सए जेण माहप्पं ॥ १७ ॥**

**अर्थः—पोतानुं माहात्म्य नाश न पामे माटे नोकरनां गुण परोक्षपणे न कहेवा, पुत्रना गुण प्रत्यक्षपणे न कहेवा, अने पत्नीना गुण उभय पणे परोक्ष के प्रत्यक्ष पणे वखाणवा नहि. ॥ १७ ॥**

भावार्थः—आमां एक व्यवहारकुशळ मनुष्यने आचरवा योग्य सलाह आपवामां आवी छे. प्रथमतो पोताना **नोकरना गुण परोक्षपणे–बीजा आगळ न कहेवा.** नोकरना गुण बीजा आगळ कहेवाथी ते कदाच तेवा नोकरने पोताने त्यां राखवा दोराई जाय; अने नोकर प्रामाणिक होय तोपण ज्यां विशेष पगार मळतो होय, त्यां जवा दोराय ए स्वाभाविक छे. नोकरनी रूबरूमां तेना गुणो कहेवाथी तेने काम करवाने उत्साह मळे छे, अने शेठ मारा गुणनी कदर बुझे छे. एथी एने सारो संतोष थाय छे.

**पुत्रना गुण प्रत्यक्षपणें न कहेवाः**—पुत्रना गुण तेनी रूबरूमां कहेवाथी तेनी नानी वयने लीधे ते कदाच अभिमानी थई जाय. आ उपरथी एम समजवानुं नथी के तेनी भुलोज काढया करवी अथवा तो तेने वारंवार ठपको देवो, आथी तो ते नटोर बनी जाय छे. प्रेम अने संयम बन्नेनी जरूर छे. घणा मातापिताथी पुत्रो डरता रहे छे, एवी जातनुं माता पितानुं पुत्रो प्रत्येनुं वर्तन घणुं शोचनीय छे. पितानुं नाम देतां बाळकना हृदयमां प्रेम अने पूज्यभाव प्रकटवो जोईए, त्यां पिता एटले त्रासजनक व्यक्ति एवो भाव ज्यां पुत्रना हृदयमां प्रकटे ए केटली अधम दशा!

स्त्रीना गुण बीजाने के तेने पोताने न कहेवा:—बीजा आगळ गुण कहेवाथी लोको ते कहेनारने निर्लज्ज माने छे, अने कोइ मनुष्यने तेनी कसोटी काढवानुं मन थई जाय, तो तेमां भय आववानो संभव छे. सद्गुणोनुं प्रत्यक्ष वर्णन करवाथी केटलीकवार ते स्त्री नफट थई जवानो भय रहे छे.

आ उपरनी शीखामण एकंदर व्याजबी छे, पण बधा संयोगोमां एमज वर्तवुं एम कही शकाय नहि मनुष्ये पोतानो नोकर, पुत्र अने स्त्री केवा पात्र छे तेनो विचार करी जेम योग्य लागे तेम वर्तवुं.

**जंपिज्जइ पिअवयणं किज्जइ, विणओ अ दि-ज्जए दाणं ॥ परगुण गहणं किज्जइ, अमूल मंतं वसीकरणं ॥ १८ ॥**

**अर्थः-- प्रिय वचन बोलवुं, विनय करवो, दान देवुं, अने पारकाना गुण ग्रहण करवा-आ वशीकरणनो अमूल्य मंत्र छे. ॥ १८ ॥**

भावार्थः—बीजा मनुष्योने वश करवा अर्थात् पोताना करी लेवानो उत्तम मार्ग आ श्लोकमां सूचववामां आवेलो छे. प्रिय वचन बोलवुं—वचननी अंदर अमृत तथा झेर रहेलुं छे; वचनमां मित्रता तथा शत्रुता रहेली छे. माटे जो बीजाने पोतानो बनाववो होयतो उत्तम मार्ग ए छे के मनुष्ये वचनो प्रिय अने हितकारी बोलवां. केटलीकवार मनुष्यो अमे स्पष्टवक्ता छीए, ए ब्हाना हेठळ बीजाने नहि बोलवा योग्य अप्रिय अने तिरस्कारभर्यां वचनो संभळावे छे. आमां सत्य दबाई जाय छे, अने तिरस्कार प्रकट थाय छे, तेथी सामो मनुष्य शत्रु बने छे. बीजाने पोतानां बनाववानो बीजो मार्ग ए छे के सामानो विनय करवो—सामा प्रत्ये सभ्य वर्तन राखवुं, अने सामाने प्रिय लागे तेवी रीते तेनी साथे वर्तवुं. दान देवुं—अन्य मनुष्यने मोटुं मन राखी दान आपवाथी पण ते आपणो माणस बने छे. दान लेनारमां दान आपनार प्रत्ये आभारनी लागणी पेदा थाय छे, अने तेथी दान आपनारनो पोते केवी रीते बदलो वाळी शके एवो विचार प्रकटे छे. आ रीते दान लेनार दान आपनारने वश थाय छे.

पारकाना गुण ग्रहण करवा. जे तुल्य गुणग्राही छे, बीजाना गुणनी

कदर बुझी शके छे, ते जरूर महान थशे. दरेक मनुष्यमां गुण तेमज अव गुण होय छे. गुणदृष्टि वाळो सर्वना गुण तरफज दृष्टि राखे छे, अने ज्यारे प्रसंग आवे त्यारे ते गुणोज वर्णवे छे. आथी सर्व कोई तेना मित्र थाय छे.

आ साधनोनो आश्रय लेनार जीव सर्वने प्रिय थायछे, अने सर्व तेना मित्र बने छे.

**पत्थावे जंपिज्जइ सम्माणिज्जइ, खलोऽवि बहुमज्झे**
**नज्जइ सपरविसेसो, सयलत्था तस्स सिज्झन्ति १९**

**अर्थः— योग्य समये बोलवुं; घणा मनुष्योनी वचमां खल माणसनुं पण मान राखवुं; पोतानो अने परनो विशेष भेद जाणवो, के जेथी सकल अर्थनी सिद्धि थाय. ॥ १९ ॥**

भावार्थः—योग्य समये बोलवुं—बीजाओ साथे बोलवामां कया कया नियमो पर ध्यान आपवुं, ते आ श्लोकमां बतावबामां आव्युं छे. कोईनी साथे बोलवामां केवो समय छे, ते विचारीने बोलवुं. योग्य वखते आपेली सलाह लाभकारी थायछे, पण तेज सलाह अयोग्य वखते आपवामां आवे तो शत्रुता पेदा करे छे. **घणा मनुष्योनी वचमां खल माणसनुं पण मान राखवुं**—हलका मनुष्यने पण भर सभामां तोडी पाडवो नहि. तेने अंगे बोलवानुं आवे तो ते पण सभ्यताथी बोलवुं. गमे तेवो हलको मनुष्य होय, पण जो तेनुं सभामां अपमान थाय तो तेने घणुं लागी आवे छे; अने ते सदानो शत्रु बने छे. माटे कोई हलका मनुष्यना संबंधमां बोलवानो प्रसंग आवे तो ते वखते पण जीभ उपर काबु राखी जेटली तेनी दलीलो होय तेनो जवाब आपवो, पण अंगत टीकामां उतरी जवुं नहि. मनुष्य मात्र भूलने पात्र छे, अने ते सदोष जणातो पुरुष पण सुधरशे, एवी दृढ श्रद्धा राखी बने तो सुधारवा प्रयत्न करवो, नहि तो मौन धरवुं. **पोतानो अने परनो विशेष भेद जाणवो**—पोतानी वळी तथा पोते जेने उपदेश आपवा तैयार थयो छे, तेनी स्थितिनो विचार करवो. आ भेद भाव नहि समजवाथी घणा अनर्थो नीपजे छे. बाळक आगळ वैराग्यनी मोटी वातो करनार गुरू केवो गणाय? तेमज जे काव्य शुं ते समजतो न होय, तेनी आगळ अलंकारशास्त्र कहेवाथी लाभ शो? माटे पोतानी तथा सामानी स्थिति विचारी वर्तवुं के बोलवुं.

**मतंतंताण न पासे, गम्मइ नय परागेहे अबीएहिं ॥**
**पडिवन्तं पालिज्जइ, सुकुलीणत्तं हवइ एवं ॥२०॥**

**अर्थः— मंत्र तंत्रना मार्गे न जवुं, तेमज बीजाने घेर एकला न जवुं; अने अंगिकार करेलुं पाळवुं—आ रीते वर्तवाथी कुलीनता प्राप्त थाय छे. ॥ २० ॥**

भावार्थः— दरेक मनुष्य कुलीन कहेवरावबा मागे छे. कुलीनपणुं तेना गुणोथी आवे छे. जो गुणो मनुष्यमां होय तो ते कुलीन गणाय, तेमांना केटलांक गुणो अहीं वर्णववामां आव्यां छे प्रथम तो तेणे **मंत्रतंत्रमां न पडवुं**—मंत्रो खरा छे, अने योग्य विधिसर, पवित्र हृदयथी अने शब्दोना योग्य उच्चारण पूर्वक जपवामां आव्या होय तो फळदाता थाय छे, पण अहीं जे कहेवामां आव्युं छे, तेनो अर्थ ए थाय छे के आजकालना मंत्रवादीओ मोटे भागे धुतारा होय छे, अने जे मनुष्योने एनो छंद पडी जाय छे, ते पुरुषार्थ करवो छोडी दई क्षुद्र देवोने तृप्त करवामां पोतानो समय पसार करे छे वळी ते धुतारा मंत्रवादीओना प्रसंगमां आवतां अनेक प्रकारना कुव्यसनो शीखे छे. माटे आत्म मार्गमां आगळ वधवुं, पवित्र जीवन गाळनाराओने देवो पण आवीने नमस्कार करे छे. **कोईना घेर एकला न जवुं.**—आ सूत्र कहेवानो भावार्थ एज छे के ते प्रमाणे चालनार मनुष्य चोरी अने व्यभिचारथी दूर रहेशे अने तेने माथे तेवुं कोई पण कलंक आववानो भय रहेशे नहि. वळी मनुष्ये **आपेलुं वचन पाळवुं.**—घणा मनुष्योमां ना कहेवानी हिम्मत होती नथी, तेथी तेओ बधाने हाजी हा कही वचन आपे छे. ते जाणता होय छे के अमारा थी ते काम थई शकशे नहि. छता सामाने राजी राखवाने हा पाडे छे, पण पछीथी पोतानुं वचन पाळी शकता नथी. माटे कां तो कोईनुं काम माथे न लेवुं, अथवा कोईपण प्रकारनुं वचन न आपवुं, अने काम माथे लीधुं होय अथवा वचन आप्युं होय तो गमे ते जोखमे-अनेक संकटो वेठीने-पण ते करवा कमर कसी तैयार थवुं. आवा गुणो धरावनार मनुष्यो कुलीन कहेवाय छे.

**भुंजइ भुजाविज्जइ पुच्छिज्ज मणोगयं कहि-**

ज्ज सयं ॥ दिज्जइ लिज्जइ उचिअं इछिज्जइ जइ थिर पिम्मं ॥ २१ ॥

**अर्थः—जो प्रेमने स्थिर राखवा इच्छा होय तो आपणे प्रियजनने त्यां जमवुं अने आपणे त्यां तेने जमाडवो. तेना मननो भाव पुछवो, अने आपणो विचार कहेवो. तथा उचित वस्तु देवी अने लेवी. ॥ २१ ॥**

भावार्थः— आ जगत शाथी दुःखी छे ? प्रेमना अभावे. मनुष्यने घणा खुशामतीआ मळे छे, पण साचो मित्र मळवो घणो मुश्केल छे, नाणां मूकवाने पेटी मळे छे, पण वात मूकवाने मित्रनुं हृदय मळतुं नथी. घणा मनुष्यो साचा–वफादार मित्रना अभावे अनेक सुखनां साधनो होवा छतां दुःखी जणाय छे. जगतना व्यवहारमां तेमज आध्यात्मिक मार्गमां जेने आवो मित्र मळ्यो होय छे, तेने खरेखर सुखी मनुष्य गणवो. आवो मित्र जो पूर्वना पुण्योदये आपणने मळ्यो होय तो ते मित्रता जाळवी राखवी. गमे तेटलो भोग आपवो पडे, पण ते मित्रता तूटे तेवुं कंई पण करवुं नहि. हवे आवी मैत्री नभाववा माटे आ श्लोकमां केटलाक नियमो आपवामां आव्या छे.

( १ ) आपणे तेने त्यां जमवा जवुं, अने आपणे त्यां तेने जमाडवो. सहभोजन ए पण हृदयनी लागणी प्रकट करवानुं एक उत्तम साधन छे. माटे एवा प्रसंगो शोधवा–तेनो लाभ आपवो अने लेवो.

( २ ) मित्रना मनमां कांई चिंता होय तो ते पुछीने जाणवी अने ते दूर करवा बनतो प्रयत्न करवो. तेना शुभ कार्यमां तेने प्रोत्साहन आपवुं. मनुष्यने मित्रनी हुंफथी घणुं बळ मळे छे; अने हृदयनो भार ओछो थाय छे. वळी पोते पण पोताना जे कांई प्रश्नो होय ते मित्रने जणावे, अने तेनी सलाह पुछे. विना संकोचे ते पोताना हृदयगत भाव मित्रने जणावे.

( ३ ) उचित वस्तु लेवी अने देवी. एक बीजाने वस्तुओ आपवी लेवी. स्वार्थनो विचार कर्या विना मित्रनुं कल्याण करवुं. अमुके मने आटली मदद करी, माटे मारे आटली करवी, एवी गणत्री ए मित्रता नहि पण वेपारी सोदो जाणवो.

जीवो परस्पर उपकारी छे, अने एक बीजाने आधारे टकी रहेला छे, माटे आपवुं अने लेवुं ए कुदरतनो क्रम छे. पण जीव जेम आगळ वधे छे-प्रवृत्ति मार्ग परथी निवृत्ति मार्ग पर आवे छे, तेम लेवा करतां आपवुं ए तेनो धर्म बने छे. माटे हमेश आपवाने तैयार रहेवुं. आ श्लोकमां उचित वस्तु आपवी तथा लेवी ए शब्द वापरवानो हेतु ए छे के मित्र तरफथी अयोग्य वस्तु अथवा अयोग्य कार्यनी मागणी करवामां आवे त्यारे विवेक वापरी शांतिथी तेनी अयोग्यता तेने समजाववी. मित्रनुं लक्षण आपतां भर्तृहरि जणावे छे के.

**पापान्निवारयति योजयते हिताय,**
**गुह्यं च गूहति गुणान् प्रकटी करोति ॥**
**आपद्गतं च न जहाति ददाति काले,**
**सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥१॥**

सन्त पुरुषो सन्मित्रनुं लक्षण आपतां जणावे छे के सारो मित्र पापकर्म करतां रोके छे, शुभ कार्यमां जोडे छे, छुपी वात छानी राखे छे, गुणोने प्रकट करे छे, दुःख वखते त्याग करतो नथी अने योग्यकाळे योग्य मदद आपे छे.

**को वि न अवमान्निज्जइ, न य गाविज्जइ गुणेहिं निअएहिं ॥ न विम्हओ वहिज्जइ, बहुरयणा जेणिमा पुहवी**

**अर्थः— कोईनुं अपमान न करवुं, वळी पोताना गुणोनो गर्व न करवो; अने कोई पण बाबतथी विस्मय न पामवो, कारणके आ पृथ्वी बहु रत्न वाळी छे. ॥ २२ ॥**

भावार्थः—कोईनुं अपमान न करवुं—आ जगतमां अनेक रत्नो पड्यां छे. पण आपणे ते जोइ शकता नथी. जगतमां ज्ञानी, पवित्र, उदार अने परमार्थे भोग आपनारा अनेक जीवो होय छे; पण ते घणीवार आपणी दृष्टिए पडता नथी, तेनुं मुख्य कारण तो ए होय छे के तेवा मनुष्योनी कदर बुझवानी आपणामां शक्ति होती नथी. जेनामां अमुक गुणो केटलेक अंशे खीलेला होय ते मनुष्यज बीजामां विशेष अंशे खीलेला ते गुणोने जोई शके छे—तेनी महत्ता समजी

शके छे, दरेक मनुष्यमां शुभ तथा अशुभ तत्त्वो रहेला होय छे. हवे आपणे शुभदर्शी बनी दरेकमां शुभ तत्त्व शुं छे, ते जोवा प्रयत्न करीए तो जरूर तेनामां रहेला शुभ गुणो आपणी दृष्टिए पड्या विना रहेशे नहि. तेवीज रीते अशुभदर्शी जीव सर्वत्र काळी बाजुज जुए छे. माटे जो आपणे जगतमां रहेला रत्न जेवा पुरुषो तथा स्त्रीओने शोधवा होय तो गुणानुरागी शुभ-दर्शी बनवुं. अने ते साथे आ श्लोकमां जणाव्या प्रमाणे कोईनुं पण अपमान न करवुं, कारणके अमुक अजाण्या पुरुषनुं आपणे अपमान करी बेसीए, पण पाछळथी तेना गुण जाणवामां आवतां आपणने पस्तावानुं कारण बने, अने थयेली भूल सुधरवी मुश्केल पडे. वळी पोताना गुण विषे अभिमान धारण न करवुं. अभिमानी मनुष्य सारा पुरुषोना संबंधमां आवी शकतो नथी. पोतानुं महत्त्व घटशे, एवा भयथी ते कोइ विशेष ज्ञानीने पोतानी शंकाओ पुछी शकतो नथी, अने पोताना मानी लीधेला सर्वज्ञपणाना भ्रमथी आगळ वधी शकतो नथी. कह्युं छे के. ( दोहा )

**लघुतासे प्रभुता मीले, प्रभुतासे प्रभु दूर;**
**कीडी हो मीसरी चुगे, गजशिर डाले धूल.**

वळी कोई पण बाबतमां विस्मय न बताववो कोई पण नवी वस्तु सांभळवामां आवे त्यारे मनुष्य आश्चर्य बतावे छे, अने माने छे के जरूर तेमां ढोंग हशे, पण आ भूल छे. घणीवार नवीन बाबतो सत्यपूर्ण पण होय, माटे कोईपण बाबतमां विस्मय नहि पामतां तेना गुणदोष तपासवा, अने जे बाबत गुणवाळी लागे, ते गमे तेणे कही होय, गई कालेज कही होय, छतां ते स्वीकारवा तैयार रहेवुं. जगतमां कांई कांई नवीन बाबतो खुल्ली थती जाय छे, सत्यनां नवीन स्वरुपो प्रकट थतां जाय छे, माटे आंख कान तथा मनने खुल्ला राखवां, अने विस्मय नहि पामतां तेने तपासवां, अने योग्य लागे तो पूर्व निर्णयोने दुर करी ते स्वीकारतां जरा पण आंचको खावो नहि. आवी रीते वर्तवाथीज ज्ञाननी वृद्धि थाय छे. अने महान् पुरुषो तथा महान् सत्योना संबंधमां अवाय छे.

**आरंभिज्जइ लहुअं, किज्जइ कज्जं महंतमवि पच्छा**
**न य उक्करिसो किज्जइ, लब्भइ गुरुअतणं जेण॥ २३**

**अर्थः—प्रथम लघु नानुं काम आरंभ करवुं, पछीथी मोटुं कार्य करवुं, पण उत्कर्ष न करवो; आ रीते करवाथी खरी महत्ता प्राप्त थाय छे. ॥ २३ ॥**

भावार्थः— व्यवहार कुशळता तथा मनुष्य स्वभावनुं उडुं ज्ञान धरावनार आ श्लोकना लेखक जणावे छे के मनुष्ये **प्रथम नाना कामथी शरुआत करवी.** मनुष्य पोतानो आदर्श उचो राखे, पण शरुआत नीचला पगथीआथी करवी. जे मनुष्य एकदम मोटुं काम उपाडे छे, ते घणीवार निष्फळ जाय छे, त्यारे निराशा प्रकटे छे, अने पछी तेनामां नानुं सरखुं पण काम करवानी हिम्मत जती रहे छे. दुधनो दाझेलो छाश पण फुंकीने पीए, एवी तेनी स्थिति थाय छे. माटे अहीं कहेवामां आव्युं छे के नाना कामथी शरुआत करो. ज्यारे मनुष्य कोई पण नानुं काम सफळताथी करी शके छे, त्यारे तेने पोतानी शक्तिमां विश्वास आवे छे, तेनामां स्फुर्ति आवे छे, अने तेनाथी जरा मोटुं काम करवाने योग्य थतो जाय छे. आ रीते छेवटे मोटां मोटां कार्यो करवाने ते लायक बने छे.

धर्म मार्गमां पण पगथिए पगथिए चडनारने पाछा पडवानो भय रहेतो नथी. प्रथम जीव मार्गानुसारी बने छे; मार्गानुसारीने लगता ३५ गुणो प्राप्त कर्या पछी ते श्रावक पदने लायक थाय छे. श्रावकना २१ गुण प्राप्त कर्या पछी ते व्रतधारी श्रावक थई पांच अणुव्रत तथा बीजा सात व्रतो धारण करे छे, ते पछी ते दीक्षाने वास्ते तैयारी करे छे, अने दीक्षामां पण विविध पगथियां चढी अनुक्रमे पंन्यास, उपाध्याय, आचार्य वगेरे थाय छे. कोई पराक्रमी जीव होय ते केटलांक पगथियां थोडा समयमां ओळंगी जाय, वळी सामान्य क्रम प्रमाणे मनुष्य उत्तरोत्तर आगळ वधे तो ते गबडी पडतो नथी, अने धीमे धीमे उंचे उंचे चढी शके छे.

बीजी बाबत आ श्लोकमां ए जणाववामां आवी छे के मनुष्ये **उत्कर्ष न करवो,** तेनो अर्थ ए थाय छे के पोते करेलां कार्यो अथवा मेळवेल ज्ञान के संपत्तिनी ज्यां त्यां प्रशंसा स्वमुखे न कर्या करवी; कारण के ज्यारे मनुष्य तेवी प्रशंसा करवा लागे छे, त्यारे पछी ते आगळ वधी शकतो नथी. ते हवे भूतकाळमां रम्या करे छे. वर्तमानमां एवां कार्यो करतो नथी के जेथी भविष्यमां तेने आनंद थाय. माटे पोतानी बढाई नहि गातां शुभ मार्गमां–

शुभ कार्योमा आगळ ने आगळ वध्याज करवुं. श्री आनंदघनजी लखे छे के शुभ काममां प्रवृति करतां जरा पण थाकवुं नहि.

**साहिज्जइ परमप्पा, अप्पसमाणो गणिज्जइ परोवि॥**
**किज्जइ न रागदोसो, छिन्निज्जइ तेण संसारो ॥२४**

**अर्थः— परमात्मानुं ध्यानकरवुं, पोताना समान परने–बीजाने गणवो, राग द्वेष न करवा, आ रीते वर्तवाथी मनुष्य संसारने छेदे छे–मुक्ति मेळवे छे. ॥ २४ ॥**

भावार्थः— हवे आ पुस्तकने समाप्त करतां ग्रन्थकार संसारनो छेद करवानी–मुक्ति पामवानी कुंची आपणने त्रण वाक्योमां जणावे छे. मुक्तिनो मार्ग तो टुंको छे, पण ते समजवानी अने समजीने ते प्रमाणे वर्तवानी खास आवश्यकता छे. प्रथम ए कहेवामां आव्युं के **परमात्मानुं ध्यान करवुं.** कुदरतनो एवो नियम छे के मनुष्य जेनुं ध्यान करे छे, तेवो ते थाय छे, पवित्रतानुं ध्यान करवाथी पवित्र थवाय छे. अने विषयनुं ध्यान करवाथी विषयी थवाय छे, तेज रीते परमात्माना गुणनुं स्वरूप वारंवार चिंतन करवाथी पोतानामां रहेला परमात्माना गुणो प्रकट थता जाय छे. अने उच्च जीवन गाळवानुं काम स्वाभाविक बनतुं जाय छे. बीजो मार्ग ए कहेवामां आव्यो छे के मनुष्ये बीजाने पोताना तुल्य गणवा कह्युं छे के.

**इष्टा यथात्मनो प्राणाः, भूतानामपि ते तथा॥**
**आत्मौपम्येन भुतेषु, दयां कुर्वन्ति साधवः ॥ १ ॥**

जेवा पोताना प्राण–पोतानो जीव पोताने व्हालो छे, तेवी रीते दरेकने पोतानो जीव व्हालो छे. आ प्रमाणे पोतानी साथे बीजाने सरखावीने साधु पुरुषो बीजा प्रत्ये दयाभाव बतावे छे.

मनुष्य स्वार्थथी अज्ञानथी स्वहित साधवा जतां बीजानुं केटलुं अहित करी बेसे छे, तेनुं तेने भान रहेतुं नथी. पण आत्ममार्गनो अभ्यासी जीव बीजा जीवोने पण पोताना तुल्य गणी बीजाओ प्रत्ये प्रेम, अनुकंपा, दयाभाव बतावे छे, एटलुंज नहि पण ते दयाभावने दयानां कार्यो रुपे प्रकट करे छे.

त्रीजी बाबत ए जणाववामां आवी के मुमुक्षु जीवे रागद्वेषने तजी देवा प्रिय वस्तु अथवा मनुष्य उपर राग थाय अने अप्रिय वस्तु अथवा मनुष्य

प्रत्ये द्वेष थाय ए मनुष्यनो स्वाभाविक गुण छे, पण ज्ञानी पुरुष वस्तुनुं स्वरूप यथार्थ समजे छे, तेथी ते समतोल वृत्ति जाळवी शके छे. रागनी वस्तुओ पण समय जतां नाश पामशे तेम समजी तेमां मोह पामी जतो नथी, तेमज अप्रिय लागती वस्तुओ पण सर्वदा टकवानी नथी, एम समजी तेथी खेद पामतो नथी. ते श्रीमद् कर्पूरचंद्रजी साथे विचारे छे के; (दोहा)

**विनाशी पुद्गल दशा, अविनाशी तुं आप ॥**
**आपो आप विचारतां, मिटे पुण्य अरु पाप ॥ १ ॥**

आ पुद्गलनी वस्तुओ—जगतनी चीजो सर्व नाश पामवावाळी छे. फक्त तुं—पोते—आत्माज अविनाशी छे, माटे तारा आत्मानुं स्वरूप विचार, एटले पुण्य अने पाप चाल्या जशे, अने तुं अनंत शांतिनो भोक्ता थईश.

वळी ज्यां सुधी मनुष्य दरेक जीवने व्हारनी दृष्टिथी जुए छे, त्यां सुधी तेने रागद्वेष थाय छे; पण जो तेना आत्मा भणी नजर करे तो आत्मा तो सदा शुद्ध निर्विकारी अने आनंद स्वरूप छे. तेथी ते आत्मा प्रत्ये तेना हृदयमां स्वाभाविक प्रेम जागे छे, अने पोते पण तेवुं स्वरूप प्राप्त करवा प्रेराय छे. हवे ग्रन्थकार आ पुस्तकनो उपसंहार करतां लखे छे के:—

**उवएस रयण मालं, जो एवं ठवइ सुट्ठु निअकंठे ॥**
**सो नर सिवसुहलच्छी, वत्थयले रमइ सया ॥२५॥**
**एअं पउमजिणेसर, सूरि वयणगुंफरम्मिअं वहउ ॥**
**भव्व जणो कंठगयं, विउलं उवएस मालमिणं ॥२६**

अर्थः—आ प्रमाणे आ उपदेश रत्नमालाने जे मनुष्य पोताना कंठमां सारी रीते धारण करे छे, ते नर शिवसुखरुपी लक्ष्मीना हृदयमां सदा रेमे छे ॥ २५ ॥ २६ ॥

भावार्थः—आ प्रमाणे पद्मजिनेश्वरसूरिनां वचननी रचनाए करीने रमणीय एवी आ विस्तारवाळी उपदेश रत्नमाळा भव्य जीवोना कंठने सदा शोभावो.

( समाप्त )

## आचार्य श्री मुनिसुन्दरसूरीश्वरजी महाराजनो—
## ॥ प्रकीर्ण उपदेश ॥

### तात्विक हितकरनार वस्तु ( उपजाति छंद )

**कूलं न जातिः पितरौ गणो वा, विद्या च बंधुः स्वगुरुर्धनं वा ॥**
**हिताय जंतो र्न परं च किंचित्, किंत्वादृताः सद्गुरुर्देवधर्माः ॥१॥**

**अर्थः— कुळ, जाति, मावाप, महाजन, विद्या सगा संबंधीओ, कूळ गुरु अथवा पैसा के बीजी कोई पण वस्तु आ प्राणीना हितने माटे थती नथी. परंतु आदरेला ( आराधन करेला ) शुद्ध देव गुरु अने धर्मज हित करनारा थाय छे. ॥ १ ॥**

भावार्थः— उचा कुटुंबमां के उत्तम जातिमां जन्म थयो होय अथवा बहु विद्या भण्यो होय अथवा बहु धन प्राप्ति थइ होय के करी होय तेथी आ जीवनुं कांइ हित थतुं नथी. पुत्र, कलत्र, धनादि वस्तुओ तो जेम जेम वधारे प्रमाणमां मळे छे तेम तेम संसार बंधन वधारनारी थाय छे, पण भव चक्रनो एक पण आरो ओछो करनारी थती नथी. अनादि काळथी रागमां राचेलो रंक जीव नवीन कांइ करतो नथी अने धन स्त्री वैभव के विद्याना मदमां के मोहमां मस्त रही महा दुःख परंपरा प्राप्त करेछे. दुःख परंपराथी हंमेशाने माटे बचवुं होय तो शास्त्रकार तेनो एक उपाय बतावे छे अने ते ए छे के. शुद्ध गुरुनो आश्रय करवो अने तेमना बतावेला देवनी सेवा करवी अने तेमना बतावेला धर्मोनुं पालन करवुं. आरीते जे प्राणी वर्तेछे ते पूर्व पापनो नाश करी महा सुखसाधन पामी छेवटे सर्व दुःखनो अत्यंताभाव करे छे.

---

### ॥ धर्ममां जोडे तेज खरां मा बाप ॥ (उपजाति छंद)

**माता पिता स्वः सुगुरुश्च तत्वात्प्रबोध्य यो योजति शुद्धधर्मे ॥**
**न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्म विघ्नादि कृतेश्च जीवम् ॥२॥**

---

**अर्थ— जे धर्मनो बोध आपीने शुद्ध धर्ममा जोडे तेज तत्वथी खरेखरां माबाप, तेज खरेखरां पोताना हितस्वी अने तेज सुगुरु समजवा जे आजीवने सुकृत्य अथवा धर्मना विषयमां अंतराय करीने संसार समुद्रमां फेंकी दे छे तेना सरखो कोइ दुश्मन नथी. ॥ २ ॥**

भावार्थ—पातीति पिता जे पाळे ते पिता. त्यारे नरक निगोदना महादुःखथी जे उगारे तेनेज खरेखरा पिता कही शकाय. तेमज 'दुःखथी तारे ते माता' अने पोताना पण तेज कहेवाय के जेओ आपणुं परिणामे सारुं थवानी आशा राखे अने तेने लगती योजनाओ करी आपे. गुरु महाराज पण तेज कहेवाय के जेओ शुद्ध धर्ममां जोडे. धर्मना प्रतापथी दुःखनो नाश थाय छे. आनाथी उलटुं जेओ धर्ममां अंतराय करे छे तेना समान कोइ दुश्मन नथी आ 'भाव' स्पष्ट छे.

उपदेश माळा मां आज भाव बीजा रुपमां कह्यो छे. त्यां कहे छे के "मातापिता बाळक पर जे उपकार करे छे ते अनहद छे अने ते एटलो बधो छे के करोडो वरसो सुधी एकाग्र चित्ते तेमनी सेवा करवाथी पण तेनो बदलो वाळी शकातो नथी, ते बदलो वाळवानो उपाय एकज छे अने ते एके मा बापने धर्मनो बोध जो पुत्रथी थाय तो बदलो वळे."

संसारपरथी उद्विग्न चित्तवाळा वैराग्य रसिक जीवने ज्यारे आत्मिक उन्नति करवानी इच्छा थाय छे त्यारे स्वाभाविक रीते सर्व जीवोने उन्नत करवानी इच्छा पण प्रबळ थाय छे अने तेवे प्रसंगे संसारनी असारता जोई तेनाथी जरा अळगा रहेवाना प्रयत्न वखते मा बाप के सगा स्नेही आडा आवे छे; तेने सूरि महाराज दुश्मनना वर्गमां मूके छे अने तेमनी अवज्ञा करी सरस्वती चंद्रनी जेम लोक यज्ञ माटे पितृयज्ञनो भोग आपवो तेमां कांइ पण अडचण नथी, पण महान लाभ छे, ए विचारने तेओ पुष्टि आपे छे. एक नाना वाक्यमां आवा गंभीर प्रश्ननो सूरि महाराजे खुलासो कर्यो छे, जे जोइए तेटलो स्पष्ट अने विचारवा लायक छे.

---

## संपत्तिना कारणो. ( उपजाति छंद )

दाक्षिण्यलज्जे गुरुदेवपुजा, पित्रादिभक्तिः सुकृताभिलाषः ॥
परोपकारव्यवहारशुध्दी, नृणामिहामुत्र च संपदे स्युः ॥ ३ ॥

**अर्थः— दाक्षिण्यता, लज्जालुपणुं, गुरु अने देवनी पुजा, माबाप, विगेरे वडील तरफ भक्ति, सारा कार्यो करवानी अभिलाषा परोपकार अने व्यवहार शुद्धि मनुष्यने आ भवमां अने परभवमां संपत्ति आपे छे. ॥ ३ ॥**

भावार्थ—दाक्षिण्यता एटले मननी मोटाइथी सामा माणसने पण अनुकूळ थइ जवानी मननी सरळता. दाक्षिण्यतामां स्वतंत्रतानो नाश थतो नथी, पण तेना करतां महान् सद्गुण जे सरळतानो छे ते प्राप्त थाय छे, श्रावकना गुणोमां 'दाक्षिण्यता' ते एक गुण कहेवामां आव्यो छे अने तेनी व्याख्या करतां तेनुं शुभ मार्गे व्यवस्थापन स्पष्ट बताव्युं छे.

२ लज्जालुपणुं— आ गुणथी नकामी स्वतंत्रतानो नाश थाय छे अने विनय सचवायछे. खास करीने स्त्रीओमां आ गुण भूषणरूप गणाय छे. अने पाप कार्यमां प्रतिबंध करनार तरीके स्त्री पुरुष बन्नेने अतिशय लाभ आपनार छे.

३ गुरु देवपुजाः— द्रव्य अने भावथी अवलंबननी जरूरीआत सर्व जीवने बहु रहे छे. गुरुना वचन प्रमाणे वर्तन करवुं ए पण पूजा छे अने भावना माटे हृदय समक्ष अने चक्षु समक्ष भावमय अने स्थूळ साकार वृत्तिए निराकार पद पामवा ते गुण प्राप्त करेला भगवाननुं ध्यान करवुं ए बहु उपयोगी छे, खास जरूरनुं छे, महालाभ करनार छे.

४ पित्रादि भक्ति— पितानी धर्मकार्यमां अगवड न आवे ते ध्यानमां राखी अनन्य चित्ते भक्ति करवी. तेओने संतोष आपवो ए दरेक सुपुत्रनी फरज छे. आदि शब्दथी दरेक वडील समजवा.

५ सुकृताभिलाष— सारा कार्यो करवां, वारंवार करवा अने तेनु चिंतवन कर्या करवुं. कार्य क्रम ए छे के प्रथम विचार अने पछी आचार. शुभ संस्कार जगाडवा माटे सारा विचारोनी जरूर छे. सारा कृत्योना विचार पछी सारा कृत्यो थाय छे. ए संशय वगरनी वात छे. संजोग प्रतिकूळ होय तो कदाच अमलमां तुरत न मुकी शकाय तो पण विचार कर्यो होय तो अनुकूळताए शुभ कार्यो थई शके छे. विचारथी संस्कार बंधाय छे अने कांइ नहि तो छेवटे आवता भवमां पण ते संस्कार जागृत थाय छे, तेटला माटे मोळो ( उत्साह वगरनो ) विचार कदी करवो नहि—शुभ

कार्योनी भावना निरंतर राखवी. आथी अनेक प्रकारना लाभ थाय छे. नकामी कुथली ओछी थाय छे अने मन शुभ मार्गे चढतां शीखे छे.

६ परोपकार— आत्मभोग वगरनुं जीवन नथी, एटले के स्वमां संतोष मानी, शरीर पंपाळी, पुत्रने रमाडी, स्त्रीने शोभावी, तीजोरीओ भरवी एमां कांइ सार नथी. पोतानी लक्ष्मी, ज्ञान के शक्तिनो लाभ कोम, देश के जनसमूहना हित माटे करवो एज कर्तव्य छे.

७ व्यवहारशुद्धि—श्राद्ध रत्नना गुण प्राप्त कर्या पहेलां मार्गानुसारीना गुणोमांज आ गुण प्रथम पंक्ति घरावे छे श्रावक रत्न तो शुद्ध व्यवहार वालोज होय ए विवाद वगरनी हकीकत छे.

उपर लखेली सात बाबतो उपर खास चित्त आपवुं जोइए. ए दरेक बाबत उपर एकेक मोटो लेख लखाय तेवुं छे, पण ग्रंथ गौरवना भयथी अत्र सामान्य स्वरूपनो निर्देश कर्यो छे. ए सर्वे शुभ विचार अने शुभ वर्तन छे अने तेना निमित्तभुत पण छे. शुभ विचार अने वर्तनथी शुभ कर्मबंध थायछे अने जेवो बंध तेवो उदय थाय छे, तेथी ते वडे आ भवमां अने परभवमां मानसिक अने शारीरिक आनंद प्राप्त थाय छे. उपर लखेला सात सद्गुणोमांथी कोईपण सद्गुण महालाभनुं कारण छ. परंतु साध्य द्दष्टिवान् पुरुष ज्यारे चीवट राखी तेमांथी बे चार अथवा सातेने आदरे अने अनुसरे त्यारे तेना फळ वखते मनमां आनंद थाय ते शक वगरनी वात छे. पण ते कार्यो करतां जे आनंद थाय छे. ते वखते मनमां जाणे एमज लागे छे के हुं एक महान कार्य करुं छुं, एक महान फरज बजावुं छुं.

अत्र प्रस्तुत विषय गुरुदेव पूजानो छे. तेमना तरफ भक्ति भावथी संपत्ति मळे छे ते बतावबा सारु तेना सहचारी सद्गुणो अथवा क्रियाओ प्रसंगे बतावी छे.

---

## विपत्तिना कारणो. (उपजाति छंद.)

**जिनेष्वभक्तिर्यमिनामवज्ञा, कर्मस्वनौचित्यमधर्मसंगः ॥**
**पित्राद्युपेक्षा परवंचनं च, सृजान्ति पुंसां विपदः समंतात् ॥ ४ ॥**

**अर्थः—जिनेश्वर भगवंत तरफ अभक्ति (आशातना) साधुओनी "अवगणना, व्यापारादिमां अनुचित प्रवृति, अधर्मीनो संग, मावाप विगेरेनी सेवा करवामां ऊपेक्षा ( बेद्रकारी ) अने परवंचन " ( बीजाने ठगवुं ते ) आ सर्व प्राणीने माटे चोतरफथी आपदाओ उत्पन्न करे छे. ॥ ४ ॥**

भावार्थः—जिनेश्वर प्रत्ये अभक्ति— राग, द्वेष रहित कर्मने हणनार द्वादश गुणालंकृत श्री जिनेश्वर महाराज तरफ अभक्ति, तेओनां वचन तरफ बेदरकारी, तेनी अरुचि तेओना साकार स्वरूपनुं विगोपण, तेनो बीजी कोई पण रीते अनादर तेओ तरफ अप्रीति अने अविनय.

२ गुरुनी अवज्ञा— गुरुमहाराज शुद्ध मार्ग बतावनार छे. तेओनो विनय राखवो, तेओ तरफ गेरवर्तणुक चलाववी नहि, तेओ साथे कलहमां उतरवुं नहि अने तेओ तरफ प्रगट तिरस्कार बतांववो नहि, एटलुंज नहि पण तेओनु वचन मान्य करवुं. एथी उलटुं करनार गुरुद्रोही छे. आत्म अवनति करनारो छे, पतितछे.

३ कर्ममां अनौचित्य— पोताने योग्य व्यापारमां अनुचित आचरण करवुं ते. आना बे प्रकारना भाव छे एकतो व्यापारमां अनीति अशुद्ध व्यवहार, अप्रमाणिक आचार अने भाषण बीजुं पोतानी फरजथी विरुद्ध वर्तन परदारा गमन, सट्टो द्युत विगेरे दुर्गुणोनो एमां समावेश थाय छे.

४. अधर्मसंगः— धर्म नामने योग्य धर्मनी परीक्षा करी तेने अनुसरवुं ए धर्मसंग. एथी उलटी रीते परीक्षा योग्य रीते न करतां, स्वधर्ममां मरण सारुं ए सूत्रने अनुसरवुं ए अधर्मसंग. अथवां नियम वगरना मुर्ख माणसोनी सोबत करवी ए पण अधर्म संगज छे. सोबतथी बहु तात्कालिक असर थाय छे अने तेथी सत्संगनी जरूरीआत वारंवार बतावेली छे. दुर्जननां संग करवाथी अनेक अगवडो आवे छे.

५ पिता विगेरे तरफ बेदरकारीः— पुत्र धर्मनो आथी नाश थाय छे, महा मुष्केली ऊभी थाय छे. अने घणुं करीने तुरतमां दुःख परंपरा प्राप्त थाय छे.

६ परवंचन— स्पष्ट छे कायदामां पण ए फौजदारी गुन्होछे. (cheating)

उपर लखेली छ बाबतो सर्व प्रकारनी आपत्तिओ उत्पन्न करे छे. केटलीक बखत अमुक पापनो उदय अमुक कार्य साथे मेळवी शकातो नथी कारणके आपणने तेवुं ज्ञान नथी, पण कारण वगर कार्य थतुं नथी अने मननी अनेक व्यथा अने शरीरपर गंभीर व्याधिओ थाय छे. ते सर्व अमुक कारणने लइनेज थवी जोईए अने तेनो मुख्य भाग अत्र आपवांमां आव्यो छे.

आ श्लोकने त्रीजा श्लोक साथे सरखावी तेनो भाव समजवानो छे. त्रीजा श्लोकमां संपत्तिना कारणो बताव्यांछे, आमां विपत्तिनां कारणो बताव्यांछे. संपत्तिनां कारणो सेववा करतां विपत्तिना कारणो तजवानी अत्यंत आवश्यकता छे तेथी त्रीजा श्लोक करतां आ श्लोकमां कहेल भाव बहुज मनन करवां योग्य छे. जिनेश्वर तरफ अभाक्ति अने गुरुनी अवज्ञा ए बन्ने धर्मनी पण अयोग्यता बतावे छे. व्यापारादिमां अनुचित आचरण ने अधर्मीनो संग आ बे धर्मभ्रष्टपणुं सूचवे छे. अने माता पितानी ऊपेक्षा तथा परने ठगवा पणानी बुद्धी ए व्यवहार थी पण विमुखतां सूचवे छे. आ छ दोषवाळाने पगले पगले विपत्ति थवीज जोईए. ते छतां कदी कोई वखत सारो जाय तो ते कांइक पुर्वनोज पुण्योदय समजवो. आवा श्लोको खाली वांची जवाथी विशेष लाभ करतां नथी माटे आ ग्रंथमां अगाऊ कहेवामां आव्युं छे तेम वारंवार तेनुं मनन करवुं अने पोतानो अनुभव लागु पाडी वारंवार पुनरावर्तन कर्या करवुं.

---

## ॥ प्रमादथी दुःख शास्त्रगत दृष्टांतो ॥

( उपजाति छंद )

उरभ्रकाकिण्युदबिंदुकाम्र,–वणिक्त्रयीशाकटभिक्षुकाद्यैः ॥
निदर्शनैर्हारितमर्त्यजन्मा, दुःखी प्रमादैर्बहु शोचितासि ॥५॥

अर्थः– "प्रमादे करीने हे जीव ! तूं मनुष्यभव हारी जाय छे अने तेथी दुःखी थइने बोकडो, काकिणी, जळबिंदु, केरी, त्रण वाणीया, गाडुं हांकनार, भीखारी विगेरेनां दृष्टांतोनी पेठे तुं बहु दुःख "पामीश" ॥ ५ ॥

भावार्थः— प्रमादथी आ जीव मनुष्यभव हारी जाय छे अने दुःखी

थाय छे ते आपणे जोई गया. नीचेना दृष्टांतो श्रीउत्तराध्ययन विगेरे मूळ सूत्रोमां आवेला छे. तेमां मनुष्यभव हारी गया पछी केवो पश्चात्तापथाय छे अने ते भव फरी मेळववो केटलो मुश्केल छे ते बताव्युं छे. आ दृष्टांतो खास मनन करवा योग्य छे. टीकाकार कहे छे के " प्रमादना परवशपणाथी आ जीव सुकृत करतो नथी. तेथी मनुष्यभवथी भ्रष्ट थाय छे. अने दुर्गतिमां जाय छे. दुर्गतिमां गया पछी अत्र निर्दिष्ट स्वरूप प्रमाणे त्यां पश्चाताप करे छे. हे जीव ! तुं तो अत्र सुकृतो कर के जेथी तारे परभवमां लीलाल्हेर थाय " टीका अने टबानुसार सपूर्ण विवेचन साथे हवे दृष्टांतो आपीए छीए ते ध्यानथी वांचो, नीचेनां सर्व उदाहरणो मनुष्य जन्मनी सार्थकता अने तेनो लाभ न लेवाथी निरर्थकता थती तरफ उपनय बतावनारां छे, ते खास ध्यानमां राखवुं. वारंवार तेनुं पुनरावर्तन उपनयमां कर्युं नथी.

## ॥ दृष्टांत पहेलुं–अज ( बोकडा ) नुं ॥

एक विशाळ नगर हतुं. ते नगरमां एक पुरवासीने घेर एक बोकडो हतो. कोई सारो परोणो घेर आवशे त्यारे तेनुं मांस काम आवशे एम धारीने ते बोकडानुं बहु सारी रीते पोषण करवामां आवतुं हतुं. तेने दररोज सारी रीते नवराववामां आवतो हतो. तेना शरीरपर पीळा तिलक करवामां आवतां हतां, तेनी लालना पालना सारी रीते थती हती. अने— तेथी ते सर्व प्रकारे सुखी लागतो, अने पुष्ट शरीरवाळो मातेलो थयो हतो. तेज पुरवासीनां घरमां एक बीजो वाछरडो हतो. तेने बापडाने तेनी मा गायने दोही रह्या पछी बाकीनुं अवशेष दूध मळे ते धावतुं पडतुं हतुं अने तेनी कोई संभाळ राखतुं नहि. वाछडाए बोकडानी सारी स्थिति जोई एक दिवस तो क्रोध अने ईर्ष्याथी दूध पीवानी ना पाडी. तेनी मा गाये तेने स्नेहथी तेनुं कारण पूछयुं त्यारे वाछडो कहे छे के 'अरे मा ! आ बोकडाने तो पुत्रनी जेम मिष्टान्न मळे छे अने मने मंदभाग्यने तो पुरूं घास पण मळतुं नथी, अने वखतसर पाणी पण मळतुं नथी. अरेरे ! हुं तो पूरपूरो कमनशीब छुं. गाये कह्युं ' वत्स ! जेम कोइनुं मरण नजीक आव्युं होय अने वैद्ये आशा मूकी दीधी होय त्यारे तेने पथ्य अपथ्यनो विचार कर्या वगर जे खावा मागे ते आपवामां आवे छे तेवी रीते आ बोकडो पण वध्य छे.

अने-अत्यारे तो तेनी बहु सारवार थती देखाय छे पण आगळ उपर तेना हाल थाय ते जो जे. पोतानी मानुं आवुं कहेवुं सांभळी कांइक संतोष राखी वाछडो जे बने छे ते जोया करे छे. पाच दश दिवस आ प्रमाणे चाल्या गया. एक दिवस मोटा घरनां पैसादार सगा मेमान थईने आव्या; एटले सवारनां पहोरमां वराडा पाडता बोकडाने पकडीने मारी नाख्यो. अने तेना मांसना कटका करी, भुंजीने आखुं घर अने मेमान जम्या. वाछडो आ सर्व हकीकत जोई. ते दिवस पण पोतानी गाय माताने धाव्यो नहि अने माताना पुछवाथी कहेवा लाग्यो के 'मने तो बहु बीक लागे छे, बोकडानी आ स्थिति जोई मने तो धाववानी इच्छा पण थती नथी.' गाय माताए कह्युं 'वत्स' में तो तने तेज वखते कह्युं हतुं के आ सर्व मरवा माटेज छे. (उपनय) जेवी रीते बोकडो आनंदमां निमग्न थई यथेष्ट खातो हतो अने पुष्ट पण थयो हतो, परंतु ज्यारे परोणा आव्या त्यारे तेनो शिरच्छेद थयो. अने ते वखते राडो पाडीने रोवा लाग्यो; तेवीज रीते तुं प्रमादथी विषय कषायमां आसक्त रहीने यथेष्ट विचरे छे अने पापथी पुष्ट थाय छे पण ज्यारे आयुष्य पूर्ण थशे त्यारे मनुष्यजन्म हारीने नरकादि दुर्गतिमां जतां मनमां बहुज खेद पामीश. पण पछी ते खेद कांइ काम आवशे नहि. माटे विचार करीने तारे तारू चेष्टित एवुं सारू राखवुं के जेथी भविष्यमां खेद थवानो संभव रहे नहि. सुख शुं ? क्यां मळे ? क्यारे मळे ? कोने मळे ? शा माटे मळे ? तेनुं परिणाम शुं थाय ? तेनो विचार कर. केटलाक जीवो वाछडानी पेठे बीजानां सांसारिक सुखोनुं अवलोकन करी पोतानी मंद स्थिति माटे पस्ताय छे पण तेओ तेनो वास्तविक विचार करता नथी. तेने जो कोई गाय माता जेवुं सत्य स्वरूप समजावनार मळी जाय तो सारुं, नहि तो तेने निरंतर परिताप रहे छे. आ उदाहरण घणुं असरकारक छे अने तेना पर विचार चलावी पोता पर लागुं पाडवाथी उपयोगी बोध मळे तेम छे.

## ।। दृष्टांत बीजुं—काकिणीनुं ।।

एक गरीब माणस हतो. ते पैसा कमावा सारू परदेश गयो, परदेशमां बहु महेनत करीने हजार सोनैया कमायो. पछी कोई सार्थ पोताना देश तरफ जतो हतो, तेने सथवारे ते पण देश तरफ जवा निकळयो, बधी सोना

मोहोरोने एक वांसळीमां भरी ते वांसळी केड साथे बांधी लीधी अने खरच सारूं एक महोरनी काकिणी लीधी. ( एक रूपीआनी एशीं काकिणी थाय; एक काकिणी सवा दोकडानी थाय ) हवे सार्थ चाल्यो. रस्ते मोटी अटवीमां एक झाड तळे भातुं खावा बेठा त्यारे ते माणस एक काकिणी त्यां भूली गयो. बपोरे मुकाम उपड्यो. सांजना काकिणी सांभरी सवारे विचार थयो के काकिणी सारूं सोना महोर वटाववी पडशे एतो खोटुं माटे वांसळीने तेज झाड तळे दाटीने पोते काकिणी लेवा गयो. जे झाड नीचे भातुं खाधुं हतुं त्या जइने जोयुं तो काकिणी मळे नहिं. पाछो आवीने जुए छे तो चोर लोको खाडो खोदी वांसळी उपाडी गया छे, आवी रीते बन्नेथी भ्रष्ट थयो अने बहु शोकार्त थयो. घेर गयो त्यां खावाना पण वांधा पडया अने सगा वहालाओए हसी काढ्यो. ( उपनय ) जेम ते गरीब माणस पासे प्रथम काइ पैसा नहोता; पण ज्यारे महा प्रयासे मळया त्यारे मात्र सवा दोकडानी एक काकिणीना लोभथी सर्व गुमाव्या अने बन्नेथी भ्रष्ट थई दरिद्रीने दरिद्री रह्यो. तेवीज रीते तुं पण याद राखजेके अंतराय कर्मना उदयथी संसारीपणामां कामभोगनी प्राप्ति न थती होय तेथी तुं देशथी अगर सर्वथी चारित्र ले अने त्यार पछी कामभोगनी इच्छा करे तो तेने परिणामे कामभोग पण न मळे अने चारित्रथी पण भ्रष्ट थाय; माटे एवुं करीश नहिं. उभय भ्रष्ट थनार घणा मनुष्यो होय छे; तेमज थोडा लोभनी खातर आखो भव झेर जेवो करनारा पण घणा मनुष्यो मळी आवे छे. एवीज रीते अमुक व्रत नियम लइ पाछो तजेला पदार्थोना सेवननी इच्छा करे छे, परंतु दुनियानो क्रम एवो छे के तजेली वस्तु फरीने मळती नथी अने तेनी इच्छा करनारनुं तजवानुं पुण्य नाश पामे छे. आवी रीते ते बन्नेथी भ्रष्ट थाय छे. तजवाथी थतो मननो संतोष अने न तजनारने थतो स्थूळ काल्पित संतोष ए बन्ने तेने मळता नथी. बीजी रीते आ दृष्टांत मनुष्यजन्म उपर बराबर घटी शके तेवुं छे. विषय काकिणी तुल्य समजवा अने हजार महोर ते मनुष्यभव समजवो. जरा विचार करवाथी काकिणी सारुं मनुष्य जन्म हारनारनी मूर्खता समजी शकाशे.

## ॥ दृष्टांत त्रीजु—जळ बिंदुनुं ॥

एक वखत एक मनुष्य बहुं तरस्यो थयो हतो. तेणे उभा उभा देवनी

स्तुती करी. तेथी कोई देवता प्रसन्न थइ तेनापर तुष्टमान थयो. अने तेने उपाडीने क्षीर समुद्रने कांठे लावीने मूक्यो; पण आ प्राणी मूर्ख हतो. तेणे तो त्यां पण पाणी पीधुं नहिं. अने पेताने उपाडी लावनार देवने कह्युं के "हे देव! मारा गामनी सीममां एक कुवो छे तेनां काठांपर दर्भ उगेलुं छे. अने ते दर्भना छेडापर रहेलुं पाणीनुं बिंदु पीवानी मारी इच्छा छे; तेथी जो तमे मारा पर तुष्टमान थया हो तो त्यां लइ जाओ." देवताये जाण्युंके ए मंद भाग्य मूर्ख छे. तेथी तेने उपाडीने असल जगोए मूक्यो. कुवां काठे जईने जुए छे तो पाणीनुं बिंदु तो पवनथी पडी गयुं हतुं. ते वखते ते बापडो घणो शोक करवा लाग्यो, के हुतो बन्नेथी भ्रष्ट थयो, मे जळबिंदु पण खोयुं अने क्षीर समुद्र पण खोयो. अने नफामा तरस्यो रह्यो. (उपनय) कोइक देवनी सहायथी जेम ते प्राणी क्षीर समुद्रे पहोंच्यो अने पोतानी लालसाने तावे थई पाणी पीधा सिवाय पाछो आव्यो अने बन्नेथी भ्रष्ट थयो; तेवीज रीते तने पण दैवयोगे तपसंयम रूप क्षीरसमुद्र प्राप्त थाय त्यारे तुं तेनुं आराधन कर्या वगर ओसबिंदु तुल्य सांसारिक सुखनी लालसाथी पाछो संसारी थवा इच्छा करीश तो परिणामे तने आ भवमां सुख मळशे नहि. अने परभवनुं सुख तो तुं चारित्रना प्रणामथी भ्रष्ट थयो त्यारथीज हारी गयो छे; कारण के तेना उपायभूत तप संयमने ते मूकी दीधा छे. शुद्ध चारित्र–वर्तन न राखनारा बन्ने रीते भ्रष्ट थाय छे. संतोष राखनारने–शुद्ध वर्तन राखनारने प्रवृत्तीनी मारामारीथी थती मननी व्याकुळताना अभाव उपरांत फरज बजाव्यानी शांति अने आनंद थाय छे. ते पण तेने मळता नथी अने वर्तननुं फळ पण मळतुं नथी. आ उभय भ्रष्ट स्थिति बहु विचारवा जेवी छे. बीजा काकिणीना दृष्टांतनी पेठे आ दृष्टांत पण मनुष्यभव माटे घटे छे. अत्र उदकबिंदु तुल्य विषय, देवतुल्य गुरुमहाराज, क्षीरसमुद्र तुल्य सम्यकत्व के चारित्र समजवां.

## ॥ दृष्टांत चोथुं–आम्रनुं ॥

एक राजाने केरी उपर बहुज प्रेम हतो तेथी ते दररोज केरी खातो. एक दिवस शरीरमां वायुनो प्रकोप थयो अने तेनुं जोर थवाथी विशूचिका (पेटमां दुखावो, झाडो अने गुल्म) थई आवी, तेनी पीडा एवी थइ के कोई ठेकाणे रह्युं जाय नहि. मोटा मोटा वैद्योने बोलाव्या, अनेक उपायो

कर्या. छेवटे महाप्रयासे विशूचिका मटी पण वैद्योए हमेशने माटे ताकीद करी के तेणे केरी खावी नहि; जो केरी खावामां आवशे तो तेनाथी जरूर मरण थशे. माटे तेना स्वादनो विचार पण करवो नहि. अने तेना सामुं पण जोवुं नहि. राजाने आ वात पसंद न होती पण शरीर खातर राजाए पोताना राज्यमांथी सर्व आंबाओनो नाश करावी नांख्यो, हवे बन्युं एम के राजा एक दिवस शिकारे निकळ्यो. एक शिकारनी पछवाडे जतां प्रधान साथे पोताना लश्करथी छुटो पडी गयो. अने महा अटवीमां प्रधान साथे एकलो पडयो. अटवीमां फरतां फरतां बन्ने एक मोटा आंबाना झाड तळे आवी पहोंच्या. केरी जोइ राजाने अपूर्व प्रेम जाग्यो, अने ते खावानुं मन थयुं. विनाशकाळे विपरीत बुद्धि प्राप्त थाय छे अने समजु होय ते पण ते वखते भान भूली जाय छे. प्रधाने घणुं वार्यो पण राजा एकनो बे थयो नहिं. राजाए केरी हाथमां लीधी. वनपक केरी जोई खुशी थयो, भांगी, खाधी अने तरतज विशूचिका थवाथी राजा तेज जगोए मरण पाम्यो.
( उपनय ) राजा जिव्हाइंद्रिय परवश थइ केरीना स्वादमां खेंचायो अने जीवितव्यथी भ्रष्ट थयो; तेवीज रीते आ जीव इंद्रियोने वश थइ प्रमादथी कामभोगनां सुखोमां प्रवर्ते छे. इंद्रियने वश पडेला जीवने कार्याकार्यनुं भान रहेतुं नथी. लोकोमां पण कहेवत छे के "जेनी दाढ ढळकी तेनो प्रभु रुठयो" एटले जे जीभने वश थयो तेनो दुनियादारीमां उंचा आववानो हक गयो. राजाने तो थोडो वखत मनपर काबु रह्यो एटलोए घणीवार आ जीवने रहेतो नथी अने खावानी बाबतमां ते केटलो उंचो नीचो थया करे छे ते डाक्टर चरी पाळवानुं कहे छे त्यारे जणाइ आवे छे. खावाना लोभथी पोताना शरीरना लाभोने पण जोखममां मूकवामां आ जीव डरतो नथी. आ दृष्टांतपरथी बीजो सार ए ग्रहण करवानो छे के आ जीवने संसारना विषयोना उपभोगथीं असाध्य व्याधि थतां गुरु महाराज तेनुं निवारण करी देशथी अगर सर्वथी चारित्र आपी फरीने संसारनां सुखो सामुं जोवानो पण प्रतिबंध करे छे, छतां पुर्वोक्त राजानी जेम ते प्राणी फरी पाछो संसारिक सुखभोग भोगववा इच्छे छे—भोगवे छे; ते कर्मना असाध्य व्याधिने वश थइ दुर्गतिमां चाल्यो जाय छे, फरीने उंचो पण आवतो नथी.

४

## ॥ दृष्टांत पांचमु—त्रण वाणीआनुं ॥

एक गाममां कोई वाणीओ रहेतो हतो. पण तेणे पोतानी उम्मर वृद्ध होवाथी दुनियाना तडाका छाया जोया हता. तेने त्रण पुत्र हता तेओ केवा हुशियार छे तेनी परीक्षा सारु दरेकने एकैक हजार सोना महोरो आपी तेणे कह्युं के आटला द्रव्यथी व्यवहार चलावी अमुक वखत पछी तमारे पाछुं आववुं. व्यवहार चलावीने पाछुं आववुं एम कह्युं पण तेनो अर्थ स्पष्ट न कर्यो. त्रणे पुत्रो सोनामहोर लइ जुदे जुदे गाम गया. एक छोकरो तो बिलकुल मोजशोख करे नही, खावानो के सुवानो के फरवानो शोख नही तेमज परस्त्री, सट्टो के एवुं बीजुं दुर्व्यसन पण तेने नहोतुं तेणे तो वेपार करीने मोटी रुकम मेळवी अने खरच मापसर राखवाथी मोटो पैसादार बनी गयो., बीजो भाइ एवा विचारनो हतो के मूळ रकम जाळवी राखवी. बाकी व्याज के हांसल जे वधे ते खरची नाखवां. एटले एणे मुदलमां एक पाइ पण वधारी नहि, तेम घटाडी पण नहि. त्रीजो भाइ लहेरी हतो. एणे तो खावापीवामां मोजमजामां सघळा पैसा उडावी दीधा, वेपार कर्योज नहि. मुदत पुरी थई त्यारे सर्व भाइओ पाछा फर्यां त्रीजा भाइनी हकीकत सांभळी सर्व हस्या अने तेना बापे तेने घरमांथी काढी मूक्यो. लोकोए तेनी निंदा करी. पहेलाने बीजा भाइ माटे अनुक्रमे विशेष अने अल्प संतोष जणाव्यो. ( **उपनय** ) मनुष्यभव पामवो बहु दुलर्भ छे. ए प्राप्त थवामां अनेक विघ्नो आवी पडे छे. आवी अनेक मुश्केलीथी प्राप्त थयेल मनुष्य भव अने तेनी साथे जैनधर्म, निरोगी शरीर, गुरुनोयोग विगेरे जोगवाइ—सामग्री प्राप्त थवी पण तेटलीज मुश्केल छे. महा पुण्ययोगे ए सघळुं प्राप्त थाय छे. हवे आ मनुष्यभव प्राप्त करी केटलाक दुःसाध्य प्राणीओ तो बापडा लाडी वाडी अने गाडीनी लहेरमां लहेंकाइ जइ धर्म शुं छे ते समजता पण नथी. आवा जीवो पुण्यधन हारी जाय छे, प्राप्त थयेल वारसो गुमावे छे अने कपुतनी जेम मोटो वारसो मळ्यां छतां गरीब थइ जाय छे. केटलाक माणसो तो प्रतिकूळ संजोगोने लीधे पाप सेवे छे पण उक्त कनिष्ट प्रकारना मनुष्यो तो सारा संजोगोनेज दुष्ट बनावे छे. मध्यम माणसो सादुं जीवन जीवे छे. एओ कोइनुं बगाडता नथी तेम मोटो स्थूळ के मानसिक परोपकार पण करता नथी. जे उत्तम प्रकारना जीवो छे ते तो अत्र महा

उत्तम वर्तन राखी परोपकारमां विभूति आत्मिक अने पौद्गलिक–वापरी आ भवमां लहेर करे छे अने परभवमां पण आनंद पामे छे. जे त्रीजा भाइनी पेठे धन गुमावी दे छे तेने तो अनंतकाळ पर्यंत चोराशी लाख जीवायोनिमां भटकवानुं छे, तेनो छेडो नथी; अने पराक्रमवाळा जीवोए मध्यम भाइनी पेठे बेसी रहेवुं सारुं नथी. तेजी घोडाओए तो काम पार पहोंचाडवुं सारुं छे. आ मनुष्यभव फरी फरीने मळवानो नथी. माटे त्रीजा भाइनी जेवी स्थिति न थाय ते खास ध्यानमां राखवानी अने पहेला भाइनी जेम वर्तवानी जरूर छे. आ मनुष्यभवना सरवैयामां पण उधार पासुं वधे तो तो बहुज खोटुं कहेवाय.

## ॥ दृष्टांत–छठुं–गाडुं हाकनारनुं ॥

एक गाडावालाने एक गामथी बीजे गाम जवानुं हतुं. पोते ते गामना सारा तथा खराब बन्ने रस्ता जाणतो हतो, छतां ते गाम जतां पोते खाडा खडबा अने डुंगरा टेकरीवाळो खराब रस्तो लीधो. परिणाम ए थयुं के रस्तामां तेना गाडानो धरो भांगी गयो त्यारे गाडावाळो पोतानी अणसमजपर पस्तावा लाग्यो **( उपनय )** आ लघु दृष्टांत बहु उपयोगी छे आमां उपदेश विद्वान श्रोता अने भणेला वांचनाराओ प्रत्ये छे. हे विद्वानो ! तमे जाणो छो के मोहथी अने प्रमादथी संसार वधे छे, तमे संसारनी अस्थिरता सांभळी छे, जाणी छे, मानी छे; अने शम, दम, दया, दान धृति विगेरेथी पुण्यबंध अथवा कर्म–निर्जरा छे ए पण जाणो छो छतां तमारुं वर्तन पापने रस्ते थाय छे ए बहु खोटुं छे अजाण्या भूल करे ए कांइक संभवित छे पण जाणी जोइने तमारुं गाडुं खराब रस्ते चलावी पछी भांगे त्यारे पस्तावो करोछो ए तमारे माटे तदन खोटुं छे. तमे समजु छो तेथी वधारे कहेवानी जरुर नथी, पण तमारा वर्तननुं घणा माणसो अनुकरण करे छे ते पण तमारे ध्यानमां राखवानुं छे.

## दृष्टांत–सातमुं–भिक्षुकनुं

एक गामडीओ दरीद्री पोताना गाममां कांइ पण कमातो नहोतो तेथी भिक्षा मागवा सारू परदेश गयो. ते बिचारो अनेक गाम रखड्यो. पण तेने पेट पुरती भिक्षा पण मळती नहोती. त्यारे आखरे कंटाळीने ते पोताना गाम तरफ पाछो फर्यो. रस्ते एक गाममां यक्षनुं मंदिर आव्युं, त्यां रात्रिये सुतो. पोतानी दरिद्रतापर विचार करतो अर्ध जाग्रत स्थितिमां सुतो छे,

तेवामां मध्य रात्रिये एक सिद्ध हाथमां चितेलो घडो लइ त्यां आव्यो. जमीनपर एक स्वच्छ जगोए ते घडो मूक्यो अने तरतज एक सुंदर घर बनी गयुं. पछी ते बोल्यो के स्त्री थइ जाओ एटले त्यां नवयौवना सुंदर वेशवाली रतीना अवतार जेवी स्त्री उत्पन्न थइ. त्यार पछी ते सिद्ध जे जे बोलवा लाग्यो ते ते सर्व थवा लाग्यु. आखी रात्रि ते स्त्री साथे विविध प्रकारना कामभोग भोगवी सारी रसवतीनो आहार करी प्रभात समय नजीक आवतां सर्व संहरी लीधुं. पेलो भिक्षुक आ सर्व जोया करतो हतो. अने आखो वखत विचारतो हतो. के " अरेरे ! हुंतो पृथ्वीपर तद्दन दुर्भागी छुं. मने तो माया पण मली नहि अने प्रभु पण मळ्या नहि, माटे हवे हुं तो आ सिद्धनी सेवा करूं." आवो विचार करी ते भिखारीए सिद्धनो आश्रय लीधो अने तेनी सेवा करवा मांडी. घणा वखत सुधी एक चित्ते ते सिद्धनी सेवा करवाथी आखरे ते प्रसन्न थयो अने कह्युं के " बोल तारे शेनी इच्छा छे ?" त्यारे भिक्षुके कह्युं के ' हुं पण तमारा जेवा सुंदर भोगो भोगवुं एवुं करो ! पछी सिद्धे तेने पुछ्युके तारे घडो जोइए छे के विद्या ! बेमांथी शुं जोइए छे ? ते भिक्षुक अत्यन्त दुर्भागी हतो तेथी तेणे मनमां विचार कर्यो के भविष्यमां विद्या साधवानो कष्ट न सहन करवुं पडे ते माटे विद्या सिद्ध घडो मांगुं एवो विचार करीने कह्युं के जो तमे मारा उपर प्रसन्न थया होतो कृपा करीने तमारो घडो मने आपो. त्यारे सिद्धे पोतानो घडो तुरतज ते भिक्षुकने आपी दीधो. भिक्षुक पोताने गाम गयो अने घटना प्रभावथी उत्तम हवेली, शय्या, नवयौवना स्त्री, फरनीचर विगेरे अनेक सुखनी सामग्री उपजावी पोते आनंदमय रेहवा लाग्यो. पोताना कुटुंबने पण सुखी कर्युं. एक दिवस दारू पीने मस्त थयो अने लहेरमां आवी जइने घडो लइने नाचवा लाग्यो. दुर्भागीनां नशीब महान् होतांज नथी. वखत भरांइ गयो, पाप उदय आव्युं. घडो माथेथी पड्यो अने फुटी गयो. तेज वखते जुए छे तो पोते उकरडामां उभो छे. घर, स्त्री, भोग, सर्वनो नाश थइ गयो. तेणे जो विद्या लीधी होत तो फरीने पण सर्व निपजावी शकत, पण हवे तो कांइ बनी शके तेम नहोतुं. ( **उपनय** ) प्राप्त थयेली सर्व सामग्री मात्र प्रमादथी भिक्षुक हारी गयो, तेमज मनुष्यभवमां धर्माराधन योग्य सर्व सामग्री प्राप्त थया छतां प्रमादथी सर्व हारी जाय

छे तेना परिणामे भविष्यमां तारे पस्तावो करवो पडशे आ हकीकत अगाउना दृष्टांतमां बहु स्फुट करी छे. बीजो सार ए लेवानो छे के मनुष्य घणुं खरूं तात्काळिक लाभ तरफ ध्यान आपे छे. जो भिखारीये कष्टसाध्य विद्या लीधी होत तो शरूआतमां तो तेने जरा प्रयास पडत पण पछी हमेशांनी पीडा मटी जात ! परंतु माणसने बेठा मळे तो उठवानी इच्छा थती नथी. आ टेव बहुज खराब छे अने घणा माणसो तात्कालिक लाभनी लालसाथी ज अन्यायी कार्योमां सपडाय छे. बीजुं ए समजवानु छे के पोतानी स्थिति करतां एकदम मोटा थइ जवानी हौंश राखवी नहि. नाना बाळकने तो जे पचतु होय तेज पचे, वधारे भारे खोराक खावामां आवे तो ज्वरादिद्वाराए मरण प्राप्त थाय छे.

## ॥ दृष्टांत आठमुं–दरिद्र कुटुंबनुं ॥

कोई गाममां एक दरिद्र कुटुंब वसतुं हतुं. एक वारे दिवसे तेओ कोई गृहस्थने घेर गया हता. त्यां तेओए दूधपाक रंधातो अने खवातो जोयो, त्यारे तेओने पण ते खावानी इच्छा थई. बधाए एक साथे निर्णय कर्यो के आज भीख मागीने पण दूधपाक खावो. एक जण कोई जगोएथी जेवुं तेवुं दूध लई आव्यो. बीजो वळी कोई ठेकाणेथी चोखा लई आव्यो. पूरी करवा सारु एक जण घी लई आव्यो. एक लोट लई आव्यो; आवी रीते छुटी छुटी वस्तुओ लावीने तेनां दूधपाक पूरी बनाव्यां. पोते जे जे वस्तु लाव्या हता तेना प्रमाणमां सर्वेए पोतापोताना भाग पाडवा मांड्या; पण मूर्ख हता तेथी परस्पर वांधो पड्यो अने ज्यारे कोई रीते अंदर अंदर समजी न शक्या त्यारे दरबारमां फरियाद करवा गया. केटलोक वखत थया पछी पाछा फर्या अने जुए छे तो मालूम पड्युं के कूतरा दूधपाक अने पुरी विगेरे सर्व खाई गया छे. घणा दिवसे मळेली वस्तु आम एकदम चाली गयेली जोई तेओ सर्वने ध्रासको पड्यो अने मरण पाम्या. ( उपनय ) महाप्रयास करीने प्राप्त करेल दूधपाक पुरीनुं फळ जेम सदरहु कुटुंबीओ पामी शक्या नहि अने उलटा तेज निमित्ते मरण पाम्या, तेवीज रीते महा प्रयासे प्राप्त थयेल मनुष्यभव विगेरे सामग्री रागद्वेषादि कारणोथी फळ वगरनी थई पडे छे एटलुंज नहि पण अनंत जन्म मरण पण आपे छे; वळी पुण्यवान् गृहस्थोनी मोटाइ जोइने

शक्ति वगरना रंको तेनी सरखाइ करवा मागे तो तेमां पोतानोज नाश थाय छे. अत्र मुख्य उपदेश ए छे के पोतानी जे स्थिति होय तेमां संतोष मानवो. दुनियामां अनेक जगोए सुख देखाय छे तेथी ते तरफ पोते ललचाइ जवुं नहि अने धर्म सामग्री प्राप्त थया पछी रागद्वेष करी ते निष्फळ करवी नहि.

## ॥ दृष्टांत नवमुं – बे वाणियानुं ॥

कोइ गाममां बे वाणिया रहेता हता. तेओ अनेक काम करता हता परंतु नशीबना मोळा (नबळा) होवाथी पासे पैसो एकठो थतो न होतो. तेओए पैसा पेदा करवा सारु कंइ कंइ प्रयत्नो कर्या, पण ज्यारे कोइ पण उपाये पैसा मळ्या नहि त्यारे नगरनी बहार एक यक्षनुं मंदिर हतुं त्यां जइ तेनी सेवा करवा मांडी. एक दिवस यक्ष प्रसन्न थयो त्यारे तेओए तेनी पासे द्रव्य माग्युं. यक्षे कह्युं, " हे वत्सो ! तमारे पैसानी बहुज इच्छा छे तो जाओ, हुं तमारापर प्रसन्न थयो छुं. काळी चउदशनी रात्रिये तमारे बन्नेए एकेक गाडुं तैयार करी राखवुं. हुं तमने बन्नेने गाडां सहित ते रात्रिए रत्नद्वीपे लइ जईश त्यां अनेक रत्नो रस्तामां पडयां होय छे. तमने त्यां बे पहोर सुधी राखवामां आवशे. तमाराथी जेटला रत्नो लेवाय तेटलां लइ लेजो. बे पहोर पछी तमने गांडा सहित उपाडीने पाछा अहीं लावीश." वाणीआ तो आ सांभळी राजी राजी थइ गया अने उक्त रात्रिए बहु सारां बे गाडां तैयार करी लाव्या. तेमां वळी वधारे रत्नो लइने गोठवी शकाय एवी युक्ति ( संच विगेरेथी ) पण करी राखी. निर्मेल वखते यक्षे बन्ने गाडांओ साथे ते वाणीआने उपाडी रत्नद्वीपे मूक्या. जे जगोए तेओने मूक्या त्यां बहु सुंदर रीते पाथरेली सुगंधीथी बहेकी जती बे सुंदर शय्या हती. एक वाणियाए विचार कर्यो के एक कलाक सुइ लउं. एम विचारी सुतो अने उंघ आवी गइ. उंघमां बे पहोर चाल्या गया. बीजा वाणियाए तो बीजुं काम मात्र तजी दइने रत्नोना गांसडा बांधवा मांड्या. तेणे बे पहोर सुधी बीजो धंधो कर्यो नहि. बे पहोर पूरा थया के देवे तो गाडां उपाडयां अने बन्नेने तेना नगरनी समीप मूकी दीधा. विचक्षण वाणियाए तो लावेलां रत्नोवडे महेल बंधाव्या अने सुखी थइ गयो अने पेलो प्रमादी तो दुःखीज रह्यो अने विचक्षणनी संपत्ति जोइ पस्तावा लाग्यो, अने तेनो द्वेष करवा लाग्यो. ( उपनय ) शुद्ध देव गुरु धर्मनी जोगवाई ए रत्नद्वीप छे, एने

महापुण्ययोगे प्राप्त कर्या पछी केटलाक मूर्खो तो प्रमादी वाणियानी पेठे एश आराम के प्रवृत्तिमां काळ गुमावी हारी जाय छे, तेओ तेनी पेठे पस्ताय छे. जेओ प्रथमथीज चेती जाय छे, तेओ विचक्षण वणिकनी पेठे अप्रमत्त पणे धर्मक्रिया करीने एकलां रत्नोज हाथ करे छे. तेनुं मन तो नथी दोडतुं विषय तरफ के नथी दोडतुं कषाय तरफ. ए तो दम बांधीने उत्तम व्यवहार उत्तम वर्तन अने दान, शीळ विगेरे धर्मअनुष्ठानो करी आखो दिवस अने रात जागता रहे छे अने बीजी वस्तु पोतानां गाडांमां लेताज नथी; ए तो रत्ननीज वात करे छे, बीजाने अडकता पण नथी. मनुष्यभवनुं आयुष्य बे प्रहर* जेटलुं छे. तेटलो वखत धर्म करवाथी जे फळ बेसे छे ते घणा वखत सुधी सुख आपे छे, माटे अत्र इंद्रियोने अने मनने वश करी धर्म धन एकठुं करी लेवामां तैयार रहेवुं.

## ॥ दृष्टांत दशमुं – बे विद्याधरनुं ॥

वैताढ्य पर्वतपर बे विद्याधर रहेता हता. तेओए पोताना वडिलोनी बहु सेवा करीने तेमनी पासेथी जगतने वश करे तेवी विद्या मेळवी. पछी ते विद्यानी साधना करवा माटे पृथ्वीपरना कोइ गाममां आव्या अने ते विद्यानी आराधनाना कल्प अनुसार चंडाळनी छोडी साथे वेविशाळनी प्रार्थना करी अने बन्ने घरजमाई तरीके तेने त्यां रह्या. तेओ बे चंडाळ पुत्री साथे परण्या अने साथे रहेवा लाग्या; परंतु जूदा जूदा भागमां रहीने तेओ विद्या साधवा लाग्या. चंडाल कन्या नीच होवाथी हावभाव करीने तेओने क्षोभ पमाडती हती; परंतु बेमाथी एक विद्याधर तो दृढ निश्चय वालो होवाथी जरा पण डग्यो नहि अने छ मास सुधी निरतिचार ब्रह्मचर्य पाळी विद्या सिद्ध करीने वैताढ्ये गयो अने सर्व लक्ष्मी अने राज्यनुं सुख अनुभव्युं. बीजो विद्याधर तो चंडाळ कन्याथी क्षोभ पामी गयो अने तेनी साथे लपटायो, ब्रह्मचर्यथी भ्रष्ट थयो. नीचनो स्पर्श थतां ज पोतानी पासे हती ते विद्या पण चाली गई अने चंडाळपणुं पामीने ते दुःखी थयो. (उपनय) आ विद्याधरने सर्व सामग्री मळी हती छतां इंद्रिय परवश थइने सर्व गुमावी बेठो, तेवी रीते आ संसारमां लालचना प्रसंगोथी बहु चेतवानी जरूर छे. लालचने लात मारतां शीखवानी खास जरूर छे. एवे प्रसंगे मनोविकारने

---

* देवताना मोटा आयुष्यना प्रमाणमां मनुष्यनुं आयुष्य बहु अल्प छे.

तावे थइ धर्मधन हारी जवामां आवशे तो बीजा विद्याधरनी पेठे दुःखी थवुं पडशे. सत्ववंत प्राणी प्रथम विद्याधरनी पेठे पोतानुं दृष्टि बिंदु हजारो जाळोनी वच्चे होय तो पण चूकता नथी, अने जे प्राणी तेवी रीते वर्तन करे छे ते थोडा वखतमां तेना उत्तम फळ प्राप्त करे छे.

## ॥ दृष्टांत अगीयारमुं – निर्भागीनुं ॥

अनेक देवोनी सेवना कर्या पछी एक भिक्षुक जीवने चिंतामणि रत्न प्राप्त थयुं. चिंतामणि रत्ननो प्रभाव एवो छे के ते जेनी पासे होय ते तेनुं आराधन करे तो पछी इच्छित वस्तु तेने मळे. अन्यदा ते पुरुष समुद्रमार्गे पोताने देश जतो हतो. एक रात्रिए चंद्रनी कांति साथे चिंतामणि रत्ननी कांति सरखावी तेने उडाडवा लाग्यो. एवामां हाथ सर्यो, रत्न पडयुं, समुद्रमां गयुं अने पोते हतो तेवो दरिद्री थइ गयो. (उपनय) मनुष्यभव चिंतामणि रत्न समान छे. बहु प्रयासथी मळे तेवुं जैनधर्मरूप चिंतामणि रत्न प्राप्त करी प्रमादने वश थइ ते खोइ बेसवामां आवे तो पछी भविष्यमां बहु पस्तावानुं कारण रहे छे; माटे रत्न प्राप्त थाय त्यारे तेनी खरी किंमत समजी तेने जाळवी राखवुं.

शास्त्रकारो स्वपर उपकारनी बुद्धिथी आंवा अनेक दृष्टांतो बतावी गया छे. सर्वनो सार ए छे के विषयने वश न थवुं. मनपर अंकुश राखवो, पोतानी जवाबदारी समजवी, मनुष्यभवनी अने देव गुरू धर्मनी जोगवाइनी प्राप्तिनी दुर्लभता समजवी अने लालचमां लपटावुं नहि. साक्षर अने निरक्षरने बोधदायक होवाथी आ दृष्टांतोपर बनी शके तेटलुं विवेचन करवामां आव्युं छे.

---

# माया निग्रह करवानो उपदेश.

(उपजाति छंद)

अधीत्यनुष्ठानतपः शमाद्यान्, धर्मान् विचित्रान् विदधत्समायान् ॥<br>
न लप्स्यसे तत्फलमात्मदेह – क्लेशाधिकं तांश्च भवान्तरेषु ॥ ६ ॥

अर्थः— शास्त्राभ्यास, धर्मानुष्ठान, तपस्या, शम विगेरे विगेरे अनेक धर्मो अथवा धर्मकार्यो माया साथे आचरे छे, तेथी तारा

**शरीरने क्लेश थवा उपरांत भवांतरने विषे बीजुं कांइ पण फळ मेळववानो नथी अने ते धर्मोपण भवांतरमां मळवाना नथी.**

भावार्थः— शास्त्राभ्यास, प्रतिक्रमण ( आवश्यक ) विगेरे धार्मिक अनुष्ठान, बाह्याभ्यंतर बार प्रकारनां तप, उपशम, दम, यम, दान विगेरे विगेरे अनेक धर्म कार्यो करतां छतां पण साथे माया होय तो वेठ थाय छे, लाभ थतो नथी. माया—कपट—लुच्चाइ—बगवृत्ति एनो त्याग करवो बहु मुश्केल छे. वळी क्रोध तथा मान बहुधा जणाइ आवे छे, पण माया गुप्त रहीने काम करे छे तेथी सामा माणसने तेनी खबर पडती नथी अने केटलीक वार माया करनारने पण खबर पडती नथी. जेने लोको 'भद्रक' जीवो कहे छे तेवा थवानी बहु जरूर छे—एटलुं तो सत्य छे के आवा भद्रक प्राणीओने कर्मबंध बहु ओछो थाय छे. उपाध्यायजी महाराज कही गया छे के "केशनो लोच करावयो, शरीरपरथी मेलनो त्याग न करवो, भूमिपर शयन करवुं, तपस्या करवी, व्रतो धारण करवां विगेरे आचरणो आचरवां ते साधुने सहेल छे पण मायानो त्याग महा मुश्केल छे" आवा विद्वान् अवलोकनकारनां वचनोपर खास ध्यान खेंचवामां आवे छे. माया बहु उंडाणमां थाय छे तेथी बहुधा ते जाणी शकाती नथी, सीफत, एटीकेट ( गृहस्थाइना नियमो ), बीन जरुरीआती विवेक अथवा formality विगेरे मायाना अनेक भेदो छे. आ जमानाना जीवनमां मायाना प्रसंगो वधता जाय छे. राज्यनुं अंग बहुधा क्रोध ने मान होय छे तेने बदले माया ने लोभ थता जाय छे. आ जमानामां उपर उपरनी टापटीप वधती जाय छे अने वधशे एम लागे छे. वळी वाणीआपणुं—ए मायाना पर्याय तरीके वपराय छे. आथी जैन धर्मने अनुसरनाराओए मोटा भागे आ पापथी वधारे डरवानी जरूर छे. उदयरत्नजी कहे छे के "मुख मीठो जुठो मनेजी कुड कपटनो रे कोट; जीभे तो जीजी करेजी, चित्तमां ताके चोट रे, प्राणी ! म करीश माया लगार." आवी रीते मायाने ओळखी, तेनो त्याग करवानी मुश्केली संबंधी विचार करी, ते पर चित्त लगाडी, मायानो त्याग करवो जोइए.

हवे शास्त्रकार कहे छे के तमे गमे तेवुं धर्मकार्य करो पण तमारा अंतरमां जो माया—कपट हशे तो तमने फोकटनी महेनतज थशे. उपाध्यायजी

महाराज कहे छे के कुसुमपुर नामना नगरमां एक शेठने घेर बे साधु उतर्या हता. एक मुनि भोळा, साधारण बुद्धिना, सरळ, गुणग्राही अने टुंकामां कहीए तो 'भद्रक' हता, ज्यारे बीजा विद्वान बहु हता पण कपटी अने निंदा करनार हता. ज्ञानी महाराज कहे छे के लोको जो के बीजानी वाह वाह बोलता हता, पण पहेलो साधु थोडा काळमां मोक्षे जशे ज्यारे बीजो घणो संसार परिभ्रमण करशे. मायायुक्त ज्ञान पण नकामुं छे बलके वधारे नुकशान करनारुं छे. "शास्त्रमां बीजी बधी बाबतमां स्याद्वाद छे, परंतु माया करवाना प्रसंगो ( धर्मोपदेशादि ) आवे ते वखते निष्कपटी रहेवुं ए आज्ञा तो जैन शास्त्रमां एकांत छे[1]" आ टंकशाळी वचनो उपाध्यायजी महाराजनां छे. जेम मायाथी आ भवमां लाभ थतो नथी तेम परभवमां पण लाभ थतो नथी. श्री सिंदूरप्रकरमां कह्युं छे के—

**विधाय मायां विविधरुपायैः, परस्य ये वञ्चनमाचरन्ति ॥**
**ते वञ्चयन्ति त्रिदिवापवर्ग–सुखान् महामोह सखाः स्वमेव ॥ १ ॥**

**अर्थः— जे प्राणीओ अनेक प्रकारना उपायो वडे माया करीने बीजाओने छेतरे छे तेओ महामोहना मित्र होइने पोताना आत्मानेज देवलोक अने मोक्षना सुखथी छेतरे छे.**

आवां आवां अनेक कारणोथी मायानो त्याग करवो ए उचित छे. माया अंतरनो विकार छे अने तेथी बीजा माणसो तेने जोइने ते संबंधी उपदेश के शिक्षा आपे ए पण घणुं खरुं बनतुं नथी.

---

१ विधि निषेध नवी उपदिशे, सुणो संताजी। एकांते भगवंत, गुणवंताजी॥ कारणे निष्कपटी थवुं, सुणो संताजी।ए आणा छे तंतगुणवंताजी॥(यशोविजयजी).

## सुख प्राप्तिनो उपाय – धर्म सर्वस्व.

( वंशस्थ छंद )

**धनाङ्गसौख्यस्वजनानसूनपि, त्यज त्यजैकं नच धर्ममार्हतम् ॥**
**भवन्ति धर्माद्धि भवेभवेऽर्थितान्यमुन्यमीभिः पुनरेष दुर्लभः ॥ ७ ॥**

**अर्थः— पैसो शरीर, सुख, सगासंबंधीओ अने छेवट प्राण पण**

**तजी दे, पण एक वीतराग अर्हंत परमात्माए बतावेलो धर्म तजीश नहि; धर्मथी भवोभवमां आ पदार्थो, ( पैसो सुख विगेरे ) मळशे, पण एथी ( पैसा विगेरेथी ) ते ( धर्म ) मळवो दुर्लभ छे. ॥ ७ ॥**

भावार्थः— धर्मने माटे सर्व तजी देवुं ए योग्य छे. पण कोइ पण वस्तु माटे—गमे तेवा लाभ माटे धर्मनो त्याग करवो ए योग्य नथी. माणस पांच दश रुपिया माटे धर्मनो त्याग करे छे, जूठुं बोले छे अने केटलाक जीवो तो एक दमडी माटे सो सोगन खाय छे. इंद्रियोने तृप्त करवा अभक्ष्य भक्षण करे छे. अकाळे भोजन करे छे. अपेयनुं पान करे छे अने गमे तेम बोले छे. आ सर्व थाय छे तेनुं कारण बहु विचारवा जेवुं छे. आ जीवने पोतानुं शुं छे अने पारकुं शुं छे, आत्मिक शुं छे अने पौद्गलिक शुं छे तेनुं भान नथी एटले भेद ज्ञान नथी. आ ज्ञान ज्यां सुधी योग्य रीते थतुं नथी त्यां सुधी सर्व नकामुं छे. ए ज्ञान वगर जीव जेटलां कहो तेटला माठां आचरणो करे छे; पण बिचारो समजतो नथी के—

**धर्मादधिगतैश्वर्यो, धर्ममेव निहन्ति यः ॥**
**कथं शुभायतिर्भावी, स स्वामिद्रोह पातकी ॥**

**अर्थः— जे धर्मना प्रभावथी ऐश्वर्य प्राप्त करे तेज ऐश्वर्यथी तेना धणी धर्मनो नाश करे छे त्यारे तेनुं सारुं ते केम थाय? ते तो स्वामीद्रोही छे अने तेथी महा पापी छे.**

आवी रीते धर्मनो नाश करनार स्वामीद्रोह करे छे अने स्वामीद्रोह करनार आ भव अने परभवमां दुःखी थाय छे. शास्त्राकार कहे छे के " धर्म अर्थ इहां प्राणनेजी, छंडे पण नहि धर्म " सत्ववंत प्राणी होय **छे ते धर्मने माटे जीवीतव्य तजे पण जीवीतव्यने माटे धर्म न तजे.** कारण के धर्म ए सर्वस्व छे अने एनाथी सर्व मळे छे, पण ज्यारे धर्मने गुमावी देवामां आवे छे त्यारे पछी ऐश्वर्य यौवन, वैभव, कांइ पण मळतुं नथी अने राखेलुं होय छे ते पण जाय छे; माटे प्राणांत कष्ट पण धर्मनो त्याग न करवो. आ हेतुथीज सुक्तमुक्तावलिकारे धर्म, अर्थ अने कामरुप त्रण पुरुषार्थोमां केवळ धर्मनेजप्रधान कह्यो छे. **तत्रापि धर्मं प्रवरं वदन्ति**—ते त्रणे पुरुषार्थमां धर्म पुरुषार्थने ज्ञानीओ श्रेष्ठ बतावे छे. गृहस्थोए त्रणे पुरुषार्थ सरखी रीते साधवा योग्य छे एम जे कहेवामां आवे ते पण ज्यारे धर्मने बाध न थतो होय त्यारेज समजवुं.

## शुभेच्छा

जे मर्मथी पुस्तक लख्युछे, लेखके समजी करी,
पठजो पूरुं ओ ! पाठको ते, गुढ अर्थो उर धरी ॥
तम हृदय रसमां डूबवी, आनन्द अंतरमां धरो,
सौ सार एकन्दर ग्रहीने, दोष न्हाना परहरो ॥१॥
वलि दोष जोइ पारका, दुर्वृत्तिने ना पोषजो,
ए ज्ञानने ग्रही सारनें, आनंदथी उर तोषजो ॥

## ॥ मांगलिक भावना. ॥

मंगल भगवान वीरो, मंगलं गौतमप्रभु ॥
मंगलं स्थुलिभद्राद्या, जैनो धर्मोस्तु मंगलं ॥ १ ॥
सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणम् ॥
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ २ ॥

**इति प्रकीर्ण उपदेशः**
**समाप्त**



શાસનશિરતાજ
સૂરિરામચંદ્ર દીક્ષાશતાબ્દી
ગ્રંથમાળા

૨૧

સાહિત્ય સેવા : ૫૦/-

KHUSHI DESIGNS
Mo.09227504555